॥ यशो भूषणं सर्वदा वर्धमानम् ॥

# પલાશ

(વિશેષાંક: માર્ચ-૨૦૨૬)


## વઢવાણની પરકમ્મા




**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**સુરેન્દ્રનગર**







નવલખો મહેલ


વઢવાણનો દરવાજો


બારી


વઢવાણનો દરવાજો

અધ્યક્ષ : ડૉ. સી.ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર પિતલિયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડ્યા
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
ડૉ. પીયૂષભાઈ એમ. મહેતા
ડૉ. ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

**સંપાદક મંડળ**

શ્રી દશરથસિંહ અસવાર
શ્રી રાજદીપસિંહ જાડેજા
શ્રી હરિભાઈ ચાવડા
શ્રી કિશોરભાઈ મુળિયા
શ્રી જીજ્ઞેશભાઈ પટેલ
શ્રી પ્રકાશભાઈ વૈષ્ણવ
શ્રી મહેશભાઈ પઢારિયા
શ્રી જીજ્ઞેશભાઈ આલ
શ્રી ચંદ્રકાંતભાઈ સોલંકી
શ્રી ધર્મેશભાઈ મકવાણા
શ્રી નિલેશભાઈ કાવર
શ્રી દિલીપભાઈ ત્રિવેદી
શ્રીમતી દિવ્યાબેન મંગાણી
શ્રીમતી હેતલબેન રાઠોડ
શ્રીમતી કિંજલબેન ઠાકર

## પરકમ્મા...

પલાશ મુખપત્રના માધ્યમથી ડાયેટ – સુરેન્દ્રનગર દ્વારા NEP 2020 અંતર્ગત સાહિત્ય નિર્માણ કરવાનો એક પ્રયાસ કરી રહ્યાં છીએ.

NEP 2020 માં Section-4 (Curriculum and Pedagogy) તથા Section 4.23 અને Indian Knowledge Systems જેવા મુદ્દાઓમાં સ્થાનિક પર્યાવરણ, ઇતિહાસ, સંસ્કૃતિ અને સમાજ સાથે જોડાયેલ શિક્ષણ વિશે સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને રાખી ડાયેટ દ્વારા આપણાં જિલ્લાના પ્રદેશ પ્રમાણેના વિશેષાંક બનાવવાની શૃંખલામાં 'વઢવાણ પરકમ્મા' પ્રગટ કરીએ છીએ. વર્ધમાન નગરની ઐતિહાસિક પળો મૈત્રક રાજ્યમાં વઢવાણ જિલ્લાનો દરજ્જો ધરાવતું હતું. બારમી સદીમાં રાણકદેવીનું વઢવાણ ભોગાવામાં સતી થવું, ઈ.સ. ૧૩૦૦માં બત્રીસ લક્ષણનો ભોગ લેતી સુપ્રસિદ્ધ માધાવાવનું સર્જન, ૧૩૦૫માં પ્રબંધ ચિંતામણી નામના મહાન ગ્રંથનું વઢવાણમાં સંપાદન, 1820માં કવીશ્વર દલપતરામનો જન્મ, ૧૯૨૧માં ગાંધીજીના હસ્તે વઢવાણમાં ઘરશાળાની સ્થાપના, ૧૯૪૫માં વઢવાણ કેમ્પને સુરેન્દ્રનગર નામ અપાયું.

'વઢવાણની પરકમ્મા' ધોરણ ૬ થી ૮ના સામાજિક વિજ્ઞાન વિષયનું અધ્યાપન કરાવતાં શિક્ષકને સંદર્ભ સાહિત્ય તરીકે પૂરક બની રહેશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરૂં છું.

ચાલો... આપ સહુ પણ મારી સાથે વઢવાણની પરકમ્મા કરીએ...

**આપનો**
**ડૉ. સી. ટી. ટૂંડિયા**

**પત્રવ્યવહાર - સંપર્ક**

ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦
મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭
E-mail : palash.dietsnr@gmail.com
Website : www.dietsnr.org
Youtube : diet surendranagar

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સામે, કેળવણીનો પથ, સુરેન્દ્રનગર – ૩૬૩ ૦૦૧.**
E-mail : dietsurendranagar@gmail.com

# વઢવાણની પરકમ્મા...

ચાલો આજે આપણે જઈએ વઢવાણની ઐતિહાસિક સ્થળોની પરકમ્મા કરવા. ચાલો ત્યારે સફરની મજા માણીએ. વિરાસતને માણવી એ તો જીવનનો અદ્દ્ભૂત લહાવો છે.

વઢવાણનું મૂળ નામ મણી હતું. ત્યારબાદ અહીં વર્ષો પહેલા કોઈ ધનદેવ નામનો વેપારી ૫૦૦ ગાડા સાથે ભોગાવો નદી ઉતરી રહ્યો હતો. તે વખતે એક બળદ બીમાર પડ્યો. આ બળદની સારસંભાળ માટે નગરમાંથી બે સારા માણસોને બોલાવીને પૈસા આપીને સોંપ્યો. નગરના આ માણસોએ બળદની દરકાર ન લીધી અને બળદ ભૂખે-તરસે મૃત્યુ પામ્યો. નગરના માણસો લાલચુ ંનીકળ્યા. બળદનો બીજો જન્મ શલુ પાણદેવનો થયો અને તે પૂર્વ જન્મની બનેલી તેની ઘટનાને કારણે ખૂબ ક્રૂર થયો. ૂતેના કોપથી નગરમાં મરકીનો એટલે કે હાલનો પ્લેગ રોગ થયો. પશુઓ અને માનવ સહિત સૌ ટપોટપ મરવા લાગ્યા અને હાડકાના ઢગલા થયા.

એ દરમિયાન જૈનોના ૨૪માં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી આ નગરમાં પધાર્યા . શલૂપાણદેવે મહાવીર સ્વામીને અપાર કષ્ટ આપ્યું. પરંતુ મહાવીર સ્વામીને કોઈ રીતે ચલિત ન કરી શક્યા. એટલે શલૂપાણદેવ તેમનો ભક્ત બન્યો. શલૂપાણદેવની ઈચ્છાથી મહાવીર સ્વામીના પગલાની દેરી બનાવવામાં આવી. હાડકા પર વસેલા આ નગરનું બીજું નામ હતું અસ્થિગ્રામ. જે મહાવીર સ્વામીના મૂળ નામ વર્ધમાન પરથી આ નગરનું નામ વર્ધમાનપુર નામે પ્રચલિત થયું. એ વર્ધમાનપુર કાળક્રમે વઢવાણ થયું. આ છે વઢવાણની મૂળ વાત.

વઢવાણની આ ઐતિહાસિક વાતો સાભંળીને ખૂબ મજા આવીને... તો ચાલો હવે આ વર્ધમાનપુર એટલે કે વઢવાણની પરકમ્મા કરવા.

સુરેન્દ્રનગરથી પાંચેક કિલોમીટરના અંતરે એટલે વઢવાણ નગર. સુરેન્દ્રનગરથી વઢવાણ તરફ જતા પ્રથમ આવે બોર તળાવ અને એની થોડી આગળ જઈએ એટલે ગેબનશા પીર. લગભગ ૭૦૦ વર્ષ જૂની આ દરગાહ મનાય છે.

હવે જઈએ ભોગાવાના પુલ પરથી પ્રથમ પૂર્વ દિશા તરફ. આ છે વઢવાણનું ભવ્ય મહાવીર સ્વામીના પગલા ધરાવતી દેરી. જ્યાં મહાવીર સ્વામીના પગલાં બિરાજમાન છે. નદીને કાંઠે ખૂબ જ શાંત અને પવિત્ર ભૂમિ. એમ થાય કે ચાલો બે ઘડી ધ્યાનસ્થ થઈએ.

ત્યાંથી પરત જઈને ભોગાવા નદીને કાંઠે જતા પવિત્ર એવું સ્મશાન ભૂમિ. આ સ્મશાન પણ ખૂબ જ શાંત અને રમણીય. સ્મશાન ભૂમિમા ં જ રાજવી સ્મારક પણ છે. જ્યાં

હાલ કુલ છ દેરી છે. જેમાં ક્રમશઃ વિરેન્દ્રસિંહજી, લક્ષ્મી કુંવરબા, યુવરાણી સાહેબ શ્રી કરણિકા કુમારી, યુવરાજ કુમાર શ્રી રામસિંહજી, રાજકુમાર વિક્રમસિંહજી અને કુંવરાણી સાહેબની દેરીઓ આવેલી છે. આ સ્મશાનમાં ભગવાન શિવની ખૂબ જ ભવ્ય મૂર્તિ પણ છે અને ઊંચા ગજાના સાહિત્યકાર અને કવિ એવા દલપતરામનું સ્ટેચ્યુ પણ અહીં બિરાજમાન છે.

ચાલો હવે આગળ વધીએ સ્મશાનથી થોડા અંતરે જઈએ. આ છે મોરારજી કુંડ. કહેવાય છે કે આ કુંડ પાણીના સગ્રંહ માટે બનાવેલ.

હવે આપણે વઢવાણની પશ્ચિમ તરફ આગળ વધીએ. પ્રથમ જોઈએ આ છે ધોળીપોળનો દરવાજો. વઢવાણના કુલ છ દરવાજા અને એક બારી એમાંનો એક દરવાજો એટલે ધોળીપોળ. આથમણે કિલ્લાની સાથે સાથે ચાલીએ, આવી ગઈ આ ગઢની બારી. બારીમાં પ્રવશે કરતા જ જમણી બાજુનું ભવ્ય ઐતિહાસિક રાણકદેવીનું મંદિર. કાળની થપાટોમાં પણ અડીખમ ઊભું છે એક સતીનું મંદિર. આ મંદિર ૯મી સદીમાં અથવા ૧૦મી સદીમા ંબંધાયેલ છે એમ માનવામાં આવે છે. આ મંદિર માતા રાણકદેવીને સમર્પિત છે. મંદિરનું બાંધકામ મૈત્રક કાળમાં થયેલું છે. સિધ્ધરાજ જયસિંહએ જુનાગઢ પર ચડાઈ કરી ત્યારે રા’ખેંગાર મરાયો અને સિધ્ધરાજએ બળજબરીથી રાણકદેવીને પોતાની સાથે લીધી. પાટણ જતા રસ્તામા ં ભોગાવો નદીના કિનારે રાણકદેવી સતી થયા. આ એ જ ભવ્ય સતીનું મંદિર. સામે દેખાય છે તે ભોયરું. કહેવાય છે કે આ ભોયરું છેક જુનાગઢ સુધી જાય છે.

સતીના આ મંદિર પરિસરમાં શિવ મંદિર. તેમજ અનેક સતીના પાળિયા તેમજ સુરાપુરાના પાળીયા પણ દર્શન કરવા યોગ્ય છે. ખૂબ જ સુંદર વડલાની આસપાસ આ વિરાસત સચવાઈને પડી છે. અનેક રાજવીના સ્મારક પણ અહીં છે. સતીના દર્શન કરવાનો અનભુવ કેવો રહ્યો ? તો ચાલો હવે વળી પાછા ગઢની રાંગે રાંગે આગળ વધીએ.

છ દરવાજામાનો આ બીજો દરવાજો એટલે ખાંડીપોળ. તેની સામે જ દેખાય છે તે શિક્ષણની સંસ્થા લાડકીબાઈ શાળા. વઢવાણની સાસુ-વહુના સબંધંને ઉજાગર કરતી શાળા એટલે આ લાડકીબાઈ શાળા. આ શાળા ૧૦૦ વર્ષનો ઇતિહાસ ધરાવે છે. કહેવાય છે કે આ શાળામાં ૧૫૦૦થી વધુ બાળકો અભ્યાસ કરતા. ૧૪ રૂમ ધરાવે છે. ૧૦૦ શિક્ષકો શિક્ષણ આપતા તેમજ ૧૦ તો પટ્ટાવાળા હતા. એ આ બે માળની ભવ્ય ઈમારત એટલે લાડકીબાઈ શાળા.

ચાલો થોડા આગળ વધીએ... આ છે દલપત બાગ કવિ દલપતરામના નામને અમર બનાવવા માટે બનાવેલ એટલે આ દલપત બાગ ખૂબ સુંદર અને રમણીય સ્થળ. રાજ્ય

સરકાર દ્વારા શહેરી વર્ષ વિકાસ અંતર્ગત આ ભાગને હાલ નવપલ્લવીત કરવામાં આવ્યો છે.

રસ્તે આગળ ચાલતા જ દેખાય છે તે લાખુવાવ. સવંત ૧૨૧૫ માં વઢવાણમાં વડેરો વિશળ વાઘેલો રાજ કરતો હતો. આ લાખુવાવ વનરા વિશાળ વાઘેલાની લાખુ નામની ખવાસણની યાદમાં બંધાવી હોવાનું મનાય છે.

લાખુવાવની સામે જ દેખાય છે તે છે લાખ ઉપર ચાલો લાખ ઉપર દરવાજામાં પ્રવેશ કરીએ અંદર પ્રવેશ કરતા ડાબી બાજુ જતા આવે છે માધાવાવ.

માધાવાવ પાટણના છેલ્લા રાજા કરણ વાઘેલાના કારભારી માધવ મંત્રીએ સ્થાપત્યનો બેનમૂન સાત પાવઠાવાળી વાવ ઇસ્વીસન ૧૨૯૨માં બંધાવેલી. તેથી આ વાવને માધાવાવ કહેવામાં આવે છે. આ વાવ સાથે એક લોકગીત પણ જોડાયેલું છે.

બાર બાર વર્ષે નાવણ ગળાવ્યા,
નાવણે નીર ના આવ્યા જી રે...

આ વાવનું ખોદકામ ૧૨ વર્ષ સુધી ચાલ્યું હતું. પરંતુ તેમાં પાણી ન આવ્યું. જ્યોતિષના કહેવા મુજબ દીકરો અને વહુનું બલિદાન અપાય તો પાણી આવે. આ વાતની જાણ કુમાર અભેસિંહને થઈ. પ્રજાની પીડા ટળતી હોય તો પોતે હસતા મુખે બલિદાન આપવા તૈયાર થયા. અભેસિંહ અને રાણી વાઘેલીએ વાવના પગથિયા પર પગ મુકતા જ પાણીની છોળો ઉડવા માંડી. આ વાવ ૧૩૦ ફૂટ લાંબી અને ૧૪૦ ફૂટ ઊંડી છે અને છ માળની છે. ૧૦૦ થી વધુ પગથિયાં છે. ૮૦ ફૂટ પાણી સમાઈ શકે છે.

કેવી અદ્ભૂત લાગી આ વાવ ! જુના કાળમાં પાણી માટે કેવા બલિદાનો અપાયા છે, તે જાણીને આશ્ચર્ય થયું હશે?

હવે આગળ વધીએ... વઢવાણની આ સાંકડી શેરીઓ પણ જોવા જેવી એક રથ કે બગી નીકળે તો બીજું કંઈ પણ ન આવી શકે. આ દિવ્ય દેખાય છે તે છે મહાલક્ષ્મી મંદિર.

હવે આવે છે તે છે મોતી ચોક અને મસ્જિદ ચોક. ખૂબ જ વ્યસ્ત બજાર અને વઢવાણના વેપારનું કેન્દ્ર. ત્યાં બાજુમાં જ જે દેખાય છે તે છે જૈન દેરાસરો અને બીજી શેરીમાં જઈએ એટલે આવે મુરલી મનોહર મંદિર. જે રાજાશાહી વખતનું ભવ્ય રાધાકૃષ્ણનું મંદિર છે. રસ્તામાં જ રાષ્ટ્રીય પુસ્તકાલય તો ખરૂં જ હવે થોડા પાછા ફરીએ.

જેમ દરેક ગામમાં રામજી મંદિર હોય તેમ વઢવાણનું રામજી મંદિર એટલે રામ મહેલ મંદિર. બંને તરફ હનુમાનજી અને ગણપતિજી બિરાજમાન. સામે ત્રિશિખર બંધ મંદિર એટલે રામમહેલ મંદિર. ડાબી બાજુ વિશ્વેશ્વર મહાદેવ, મધ્યમાં રામ લક્ષ્મણ જાનકી અને જમણી

બાજુ રાધાકૃષ્ણનું ભવ્ય મંદિર. ખૂબ વિશાળ પરિસર. ગૌશાળા પણ ખરી અને રામાનંદ સ્વામી પરંપરાના મહંત પણ ખરા. ખરેખર ખૂબ જ પવિત્ર અને તપોભૂમિ સરીખું મંદિર એટલે આ રામ મહેલ મંદિર.

પ્રભુ દર્શનનો અનુભવ કરીને ચાલો આગળ વધીએ... વઢવાણના દક્ષિણ દિશા તરફ એટલે ખારવાની પોળ. તેનાથી આગળ જતા આવે છે દત્તાત્રેય મંદિર. તે દિશામાં જ આગળ વધતા ભવ્ય રાજમહેલ. રાજમહેલનું નિર્માણ ૧૯ મી સદીમાં બાલસિંહજી દ્વારા કરવામાં આવ્યુ હતું. તેવી જાણકારી મળે છે. તે સમયના ઝાલા રાજપૂત શાસકો માટે આ મહેલ રાજકીય અને સામાજિક જીવનનું કેન્દ્ર હતું. આ મહેલ ૧૪ એકરમાં ફેલાયેલો છે. હાલ આ મહેલમાં ચૈતન્યદેવસિંહ વારસદાર તરીકે રહે છે.

રાજમહેલથી થોડા પાછા ફરીએ આથમણી દિશામાં. પ્રથમ જઈએ રેલવે સ્ટેશન. આ રેલવે સ્ટેશનની ઇમારત ખૂબ જૂની છે, પણ ભવ્ય છે. હાલ રેલવે વિભાગ દ્વારા વિકસિત ઈમારત છે. પણ જુનવાણી સ્થાપત્ય જાળવેલું છે.

રેલવે સ્ટેશનથી થોડા આગળ જઈએ એટલે આવે છે વિકાસ વિદ્યાલય. જ્યાં કન્યા શિક્ષણનું ખૂબ સુંદર કાર્ય થઈ રહ્યું છે. વિકાસ વિદ્યાલયથી થોડા અંતરે જ કારભારી નારણજી દુર્લભજી ઉર્ફે નારદભાઈના નામ સાથે જોડાયેલ નારદભાઈની વાવ ખૂબ ઊંડી પાણીના સંગ્રહ માટે બનાવેલ વાવનું ભદ્રા પ્રકારનું (બંને તરફ મુખ) જોવા મળે છે.

વઢવાણની આ પરકમ્મા કરતા કરતા હવે થોડા થાક્યા. ચાલો હવે જઈએ આરામ માટે હવા મહેલ. હવા મહેલ તેના જુના વિશ્વના શાહી વસવાટ અને તેના પોતાના જીવન અને સંસ્કૃતિ સાથે શાંત જગ્યા માટે જાણીતું સ્થાન છે. આ મહેલ અધૂરો છે. તેની પાછળ પણ ઈતિહાસ છે. સ્થાપત્ય કલા ખૂબ અજોડ છે.

રાજાએ પોતાના આરામ માટે આ મહેલ બનાવવાની શરૂઆત કરી હતી. પરંતુ એ પૂર્ણ ન કરી શક્યા. દાજીરાજ બાપુનું સપનું એટલે હવામહેલ.

આનંદદાય અને ઐતિહાસિક સફરમાં થોડા આગળ વધીએ તો સામે દેખાય છે તે ધર્મ તળાવ તેની બાજુમાં જ સુંદર ગાર્ડન હમણાં જ આ ગાર્ડનને નવપલવીત કરવામાં આવ્યો છે. કુદરતી વાતાવરણ અને તળાવનો કિનારો ખૂબ જ રમણીય લાગે છે.

હવે તો વઢવાણની પોળોમાં પસાર થવાની મજા માણીએ. અનેક પ્રકારના કારીગરોથી સજજ વઢવાણની બજાર જોવાનો મોકો ન ગુમાવાય. તો ચાલો પૂર્વ તરફ જઈએ.

વઢવાણનો મુખ્ય પ્રવેશદ્વાર એટલે શિયાણીની પોળ અને બાજુમાં જ ગઢેચી મંદિર.

ગઢેચી એટલે ગઢની દેવી તરીકે પ્રખ્યાત. ત્યાં બાજુમાં જ શાક માર્કેટ ભરાય. લોકોની ભીડ સવાર સાંજ જોવા મળે. ગઢેચી મંદિરની બાજુમાં જ અંબેમાનું મંદિર અને શિવ મંદિર તો ખરૂં જ.

શિયાણી પોળથી પૂર્વ દિશા તરફ જઈએ. થોડા દૂર જતા દેખાય છે ગંગાવાવ. આ ગંગાવાવ ગંગા નામની ખવાસણની યાદમાં બનાવેલી છે.

થોડા આગળ વધતા આવે છે પાંજરાપોળ. પાંજરાપોળ એટલે એક ગૌશાળા અને પશુ સંરક્ષણ કેન્દ્ર. અહીંયા અનેક વૃદ્ધ બીમાર અને ત્યજી દીધેલા પશુઓની સંભાળ લેવામાં આવે છે. સ્થાનિક દાતા અને ટ્રસ્ટીઓ દ્વારા ખૂબ સારૂં સંચાલન કરવામાં આવી રહ્યું છે.

લીંબડી તરફના આ રસ્તે જતા જ એક દ્વાર દેખાય છે તે છે બચુભા ગઢવી દ્વાર. લોકસાહિત્યના સાગર સમા ચારણ એટલે બચુભાઈ ગઢવી. લોકસાહિત્ય સાગરમાં જેની ડૂબકી ખૂબ ઊંડી. જેમના નામ પરથી આ સ્મૃતિ દરવાજો બનાવવામાં આવ્યો.

હવે થોડા પાછા ફરીએ એટલે આવશે નવો દરવાજો. વઢવાણની પરકમ્માનો આ છેલ્લો દરવાજો.

હવે જોઈએ આ વઢવાણનો કિલ્લો. છ દરવાજા અને એક બારી ધરાવતો આ ગઢ સિધ્ધરાજે ઇસવીસન ૧૧૪૧ ની આસપાસ બંધાવ્યો હોવાનું મનાય છે. આ કિલ્લો રાજધાનીનો કિલ્લો ગણાતો. આ કિલ્લો લંબચોરસ આકાર ધરાવે છે આ ગઢ ની લંબાઈ આશરે ૨૬૧૪ મીટરની છે. દિવાલનો પાયો સાતથી આઠ મીટર ઊંડો છે. આ કિલ્લાની દિવાલ ૩ મીટર પહોળી છે. આ કિલ્લામાં વિવિધ અંતરે કોઠા રાખવામાં આવતા હતા. દરેક કોઠા પર તોપો રાખવામાં આવતી હતી. આ કોઠા ૧૧ મીટરની પહોળાઈ ધરાવે છે. આવા ૧૪ કોઠાઓ છે. છએ દરવાજાની અંદર બંને બાજુ રક્ષકો રહી શકે એવી દોઢી એટલે કે ખાના છે.

સદૈવ સ્વસ્તિક કલ્યાણ વાચક સર્વ શુભ ચિન્હોથી શોભાયમાન કોઈ મહામંગલ ઘડીએ જેના પાયા નખાયા હશે એવો આ વઢવાણનો ગઢ આજ પણ અક્ષત ઊભો છે.

નગરની અંદર ખૂબ ભમ્યા. ખૂબ જોયું. ચાલો હવે થોડા નગરની આસપાસ જોઈએ. નગરથી આશરે ૪ કિલોમીટર દૂર આવેલું મંદિર એટલે નકટીવાવ મેલડી માતાનું મંદિર. આ મંદિર પણ રાજવંશ સાથે જોડાયેલું છે. વાવની અંદર મેલડી માતા બિરાજમાન છે. આ સ્થાનક અતિ પ્રાચીન. આ વાવની વાર્તા માધવસિંહ રાજવી સાથે જોડાયેલી છે. ખૂબ જ પવિત્ર સ્વચ્છ અને સુંદર સ્થળ છે.

હવે જઈએ પશ્ચિમ દિશામાં એટલે કે જોરાવનગર તરફ રસ્તામાં જ રેલવે ફાટક. આ ફાટકની નજીકમાં જ ગણપતિજીનું વિશાળ મંદિર. દર્શન કરવા લાયક એટલે આ ગણપતિ ફાટસર મંદિર. ઉજ્જેનના જગવિખ્યાત રાજા વિક્રમના પિતા ગંધર્વસેને પણ વઢવાણમાં રાજ કરેલું. વઢવાણના અતિ પ્રાચીન મંદિર તરીકે ફાટસરના આ ગણપતિજી ગણાય છે ત્યાં ગધેપીર નામનું તળાવ છે. પૂર્વાભિમુખ સ્વયંભૂ ગણેશજીની ચતુર્ભુજ મૂર્તિ બિરાજમાન છે. કહેવાય છે કે અહીંયા તળાવ પાસેથી કુંભારો તથા અન્ય માણસો માટીના વાસણો કે મકાન બાંધવા માટી ખોદતા ત્યારે ત્યાંથી ગધૈયા સિક્કા મળતા. જે ગંધર્વસેન દ્વારા બનાવેલ હશે તેમ મનાય છે.

ગણપતિ ફાટસરથી થોડા પાછા ફરીએ એટલે રસ્તા પર દેખાય છે તે એટલે ઘરશાળા. ઘરશાળા એટલે મહાત્મા ગાંધી દ્વારા જેના બાલમંદિર અને પુસ્તકાલયની સ્થાપના ઈસવીસન ૧૯૨૦માં થઈ હતી તે સ્થળ. આજે ત્યાં કુમારશાળા હાઇસ્કુલ સુધી વિસ્તરેલી છે. આ ઘરશાળા એ સ્વતંત્રતા ચળવળનું કેન્દ્ર પણ રહી ચૂકી છે. જ્યાં દેશભક્તિની જ્યોત પ્રજવલીત થતી હતી.

વઢવાણની પરકમ્માનું અંતિમ સ્થળ એટલે દક્ષિણ દિશા તરફ વાઘેલા ગામના રોડ પર આવેલું હનુમાન મંદિર. તો ચાલો રામભક્ત હનુમાનના દર્શન કરવા જઈએ. કાનેટી હનુમાન વઢવાણથી આશરે ત્રણેક કિલોમીટર દૂર. આ સ્થાનક પણ અતિ પ્રાચીન વિશાળ જગ્યા ધરાવતું મંદિર વઢવાણની પ્રજા કારતક મહિનાના શનિવારે ખાસ દર્શને આવે તેમ જ અહીં અંગો કરવામાં પણ આવે છે.

ચાલો ખૂબ થાક્યા. હવે હનુમાનજી મહારાજના ચરણોમાં જ થાક ઉતારીએ.

વઢવાણની પરકમ્મામાં આ સિવાય પણ ઘણા પ્રાચીન સ્થળો છે જેમાં સ્વામિનારાયણ મંદિર, વાઘેશ્વરી મંદિર, ગાયત્રી મંદિર, વડેશ્વર દાદાનું મંદિર, નરસિંહ ટેકરી, લાલજી મહારાજની જગ્યા વગેરે દર્શન્ય સ્થળો તો ખરા જ.

ઉપરોક્ત તમામ સ્થળોની મુલાકાત લીધા બાદ ઇતિહાસ જાણવાની મજા કંઈક જુદી જ છે. ખંડેરોનું ખમીર લઈને વારસાને પેઢીઓ સુધી સાચવવી જોઈએ.

તો ચાલો આ વઢવાણની પરકમ્મા કરવા. સૌ વઢવાણવાસીઓ, ઇતિહાસ પ્રેમીઓ જશે અને પોતાની માતૃભૂમિ વિશે જાણશે તો જરૂર ગમશે.

# સ્થાનિક તથા રજવાડાઓનો ઈતિહાસ

પુરાણકાળમાં વર્ધમાનપુરીના નામે જાણીતા આ વઢવાણ શહેર તથા તાલુકામાં અનેક ઐતિહાસિક સ્થાનકો આવેલા છે. સુરેન્દ્રનગરથી ત્રણેક કિ.મી.ના અંતરે ૪૫૦ વર્ષ પુરાણું વડવાળા મંદિર આવેલું છે. જ્યાં સમગ્ર ગુજરાતમાંથી રબારીઓ દર્શનાર્થે આવે છે. વઢવાણથી ચૌદ કિ.મી.ના અંતરે દેદાદરા ગામે ગંગવો કુંડ આવેલો છે. જે ચાલુક્ય કાળનો હોવાની માન્યતા છે. એ જ રીતે વઢવાણમાં સંવત ૧૯૬૯ માં બાંધવામાં આવેલી ગંગાવાવ પ્રાચીન વાવ છે. પ્રજા માટે પ્રાણ સમર્પણ કરી દેનાર વાઘેલા સોલંકી રાજા સારંગદેવ (ઉં.વ. ૧૨૭૫)ના મંત્રીશ્રી માધવના પુત્ર અને પુત્રવધૂના સ્વૈચ્છિક બલિદાનની દંતકથી આ માધાવાવ ઉપરાંત રામપરાની રાજબા વાવ પણ જાણીતી છે. વઢવાણ ખાતે બાંધણી ઉદ્યોગ સારા પ્રમાણમાં વિકસ્યો છે. અહીંની બાંધણી સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે.

પ્રાચીન વર્ધમાનપુરીથી ઓળખાતા વઢવાણ શહેર અને કલાત્મક કોતરણીના બાંધકામો સાથે ગૌરવવંતો ઇતિહાસ ધરાવે છે. અત્રે રાણકદેવીનું સુંદર કોતરણીવાળું મંદિર ગઢની બારી પાસે આવેલ છે. કહેવાય છે કે જૂનાગઢના રા'ખેંગાર અને તેના બે પુત્રોની હત્યા બાદ રાજા સિદ્ધરાજ જયસિંહ રા'ખેંગારની પત્ની રાણી રાણકદેવીનો કબજો લઈ જતા હતા ત્યારે માર્ગમાં રાણકદેવી વઢવાણ પાસે ભોગાવા નદીમાં સતી થયાં હતાં. રાણકદેવીનું મંદિર ભારત સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા સુરક્ષિત જાહેર કરાયેલ છે.

અલહિણવાડના રાજા કરણઘેલાના મંત્રી નાગર બ્રાહ્મણ માધવે વઢવાણમાં ઇ.સ. ૧૨૯૪ માં બંધાવેલ માધાવાવ તથા ૧૧૬૯ માં બાંધવામાં આવેલ ગંગાવાવ પ્રાચીન વાવ તરીકે પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત છે. વઢવાણના રાજા દાજીરાજજીના શાસનકાળમાં શરૂ કરવામાં આવેલ હવા મહેતનું બાંધકામ રાજાના આકસ્મિત અવસાનના કારણે અધુરૂં રહેવા પામેલ હતું.

આજનું વઢવાણ એ પ્રાચીનકાળથી મહત્તા ધરાવતું શહેર છે. પ્રાચીનકાળમાં વઢવાણ દંતકથા પ્રમાણે મણીપુર નામથી ઓળખાતું હતું. ત્યાર પછી અસ્થિગ્રામ અથવા અસ્થિગ્રામ કહેવાયું. એલો ઉલ્લેખ જૈનગ્રંથોમાંથી મળે છે. અસ્થિગ્રામ એટલે હાડકા ઉપર વસેલું ગામ. આ અસ્થિગ્રામ નામ કેમ પડ્યું અને પછી વર્ધમાનપુર કેમ થયું તેની પણ એક કથા છે કે આ વઢવાણની મૂળ જગ્યાએ ધનદેવ નામનો (સારથવાહ) વેપારી અહીંની ભોગાવા નદી પરથી પસાર થતો હતો. પરંતુ તેમાં તેના સંઘના બે બળદ થાકી જતા ગામના બે સારા માણસો

બોલાવી તેના ચારાની વ્યવસ્થા માટે પૈસા આપ્યા અને સંઘ આગળ ગયો. પરંતુ પછી આ લોકોએ આ મૂકી ગયેલા બળદ તરફ ધ્યાન ન દેતા તે ભૂકે તરસે મરી ગયો અને તે શૂળપાણદેવ થયો. પછી ગામ ઉપર કોપ્યો અને મરકી થવાથી માણસો અને પશુઓના હાડકાના ઢગલાં થયા તેના ઉપર જે ગામ હતું તે અસ્થિગામ. આ પછી શુળપાણદેવને શાંત કરવા લોકોએ ભોગાવાને કાંઠે પોઠિયો બનાવી તેની પૂજા કરવા માંડ્યા. ત્યાર પછી બધું જ શાંત થઈ ગયું.

આ અરસામાં જૈનધર્મના ૨૪ માં તીર્થંકર મહાવીર સ્વામી અસ્થિગામ પધારતા યક્ષે તેને ખૂબ દુઃખ આપ્યું પણ તે ડગ્યા નહીં. પછી મહાવીર સ્વામીએ આ મનુષ્યાહારી યક્ષના પંજામાંથી અસ્થિગામને છોડાવી મોટી આફત ટાળી તેથી લોકોએ મહાવીર સ્વામીના મૂળનામ વર્ધમાન પરથી તે ગામનું નામ વર્ધમાનપુરી પાડ્યું. શિલાદિત્ય ચોથાના (આ. ઈ.સ. ૬૮૫ થી ૭૧૦) દાનપત્રમાં વઢવાણનો વર્ધમાનપુર નામથી ઉલ્લેખ છે. આ સિવાય'પ્રબંધ ચિંતામણી'માં પણ શ્રી વર્ધમાનપુર એવો શબ્દ જોવા મળે છે. આ વર્ધમાનપુરમાંથી ધીરે ધીરે અપભ્રંશ થતા થતા તે ગામનું નામ વઢવાણ પડી ગયું. મહાવીર સ્વામીના સમયે વઢવાણમાં કોની સત્તા હતી તે સ્પષ્ટ થતું નથી એની એ દંતકથાથી વિશેષ કશું નથી. વઢવાણ એ વલ્લભીપુરની જેમ જ પુરાતન કાળનું અને આબાદ શહેર હતું તે માટે કહેવાય છે કે 'વળાને વઢવાણ પાટણ શહેર પચી વસ્યું' આ ઉપરથી કહી શકાય કે અણહિલવાડ પાટણ ૮૦૨ માં વસ્તું છે. તો વઢવાણ તેના પહેલાનું જ વસેલું છે.

આ એભલ ૧લો વલ્લભીપુરનો રાજા ઈ.સ. ૨૬૫ માં થયો તે વઢવાણમાં રહેલો અને ઈરાનના કોઈ સરકાર સાથે તેને લડાઈ થઇ હતી. ઇ.સ. ૭૧૭ ના એક તામ્રપત્રમાં લખેલું કે વઢવાણમાં ચાંપા (ચાંપોત્કટ અથવા ચાવડા) વંશનો ધરણીવહાર રાજા રાજ્ય કરે છે. આ સમયગાળામાં વઢવાણ ચાંપોત્કટ અથવા ચાવડા વંશની સત્તા હેઠળ હતું તેમ જણાય છે. આ ચાંપવંશનો સ્થાપક વિક્રમાંક (આ. ઇ.સ. ૮૩૦ થી ૮૫૫) આવ્યો. જેના નામ ઉપરથી આ પ્રદેશ હડાલા તરીકે ઓળખાયો હતો. પુલકેશી (આ. ઇ.સ. ૮૫૫ થી ૮૮૦) પછી તેના બે પુત્રો ધ્રુવભટ્ટ (આ. ઇ.સ. ૮૮૦ થી ૮૯૫) અને ધરણીવિહાર (આ. ઇ.સ. ૮૯૫ થી ૯૧૪) આદીપદતી થયા હતા. આ પછી સોલંકીઓ, વાઘેલા અને છેલ્લે ઝાલાઓના હાથમાં વઢવાણ હતું એમ જણાય છે. જે ઝાલાવંશની સ્થાપના ઇ.સ. ૧૬૩૦ માં હળવદ ધ્રાંગધ્રાના રાજોજીએ કરી હતી.

**શિક્ષણ :**

ઓગણીસમી સદીના પ્રારંભે સૌરાષ્ટ્રમાં શિક્ષણ મધ્યયુગની પરંપરા પ્રમાણે ચીલાચાલુ ઢબે ‘પંડ્યાની નિશાળો’ કે ‘ધુળિયા નિશાળો’ તરીકે ઓળખાતી શાળાઓમાં અપાતું હતું. વઢવાણ રાજ્યમાં પણ આવી ‘પંડ્યાની શાળા’ કે ‘ગામઠી શાળા’ આવેલી હતી. આ સમયે વઢવાણમાં ગોરપદ કે કથાકારના અધિકારની માફક નિશાળ ચલાવવાનો અધિકાર ત્યારે કુટુંબક હતો. પંડ્યા કુટુંબની ત્રણ પાંખો હતી અને આ કુટુંબીઓએ વર્ષ વર્ષના ભણાવવાના વારા રાખ્યા હતા. આવી ગામઠી શાળામાં કવિશ્રી દલપતરામે બે વર્ષ અને ચાર મહિના અભ્યાસ કર્યો હતો.

કર્નલ માલેટે જ ૧૮૪૬માં સૌરાષ્ટ્રમાં એજન્ટીના વહીવટ હેઠળ રાજકોટમાં અંગ્રેજી અને ગુજરાતી શાળા સ્થાપી સૌરાષ્ટ્રમાં આધુનિક શિક્ષણનો પાયો નાખ્યો. રાજવીઓ શાળામાં કોઇપણ પ્રકારની ફી લેવાનો વિરોધ કરતા હતા, પરંતુ પોલિટિકલ એજન્ટના આગ્રહને કારણે તેઓ દરેક વિદ્યાર્થી પાસેથી એક આનો ફી લેવા સંમત થયા હતા. વઢવાણ રાજ્યમાં તા. ૦૧-૦૯-૧૮૨૬ના રોજ વઢવાણ કેમ્પ (સુરેન્દ્રનગર)માં વર્નાક્યુલર શાળા (ગુજરાતી) ખોલવામાં આવી હતી. કાઠિયાવાડ ડિરેક્ટરી (૧૮૮૬)ના જણાવ્યા પ્રમાણે ઇ.સ. ૧૮૮૬માં વઢવાણ રાજ્યમાં ૧૮ વર્નાક્યુલર શાળાઓ અને એક હાઇસ્કૂલ હતી. આ મુજબ ઇ.સ. ૧૮૮૫માં બાલસિંહજી ગાદી ઉપર આવ્યા ત્યાર પછી તેમણે વઢવાણ શહેરમાં જ તેમના વડીલબંધુના નામ ઉપરથી ‘દાજીરાજજી હાઇસ્કૂલ’ની સ્થાપના કરી હતી. આ શાળાને પટેલ હાઉસમાં બેસાડવામાં આવી હતી. (૨૬-૦૧-૨૦૦૧માં થયેલ ભૂકંપનાં કારણે પછીથી શાળા માટે નવું બિલ્ડીંગ બનાવવામાં આવ્યું છે.) ઇ.સ. ૧૯૦૮માં વઢવાણ રાજ્યમાં કુલ ૩૦ શાળાઓ આવેલી હતી. જેમાં ૨૨ રાજ્ય શાળાઓ અને ૮ ગામઠી શાળાઓ આવેલી હતી. ૨૨ રાજ્ય શાળાઓમાં ૧ હાઇસ્કૂલ, ૧ એંગ્લો વર્નાક્યુલર શાળા જેમાં ચોથા ધોરણ સુધીનો અંગ્રેજી માધ્યમનો અભ્યાસક્રમ ચાલતો હતો તથા ૨૨ પ્રાથમિક કુમારશાળાઓ વઢવાણ રાજ્યમાં આવેલી હતી. જેમાં ઇ.સ. ૧૯૧૮-૧૯માં જે ૨૨ પ્રાથમિક કુમાર શાળાઓ હતી, તેમાં ૩નો ઉમેરો થઇ ૨૫ ની થઇ હતી. ઇ.સ. ૧૯૪૦-૪૧માં વઢવાણ રાજ્યમાં કુલ ૩૫ શાળાઓ આવેલી હતી. તેમાં ૧ હાઈસ્કૂલ, ૨ એંગ્લો વર્નાક્યુલર શાળાઓ હતી. જેમાં ૧ નાગનેશ અને ૧

જોરાવરનગરમાં આવી હતી. આ ઉપરાંત જે અગાઉ ૨૫ વર્નાક્યુલર શાળાઓ હતી તેમાં ૨ શાળાઓનો ઉમેરો થઇ તેની સંખ્યા ૨૭ની થઇ હતી. ઇ.સ. ૧૯૦૮-૦૯માં બાલસિંહજીના સમય પ્રાથમિક શિક્ષણને મફત બનાવવામાં આવ્યું હતું. એવી જ રીતે જોરાવરસિંહજીના સમયમાં દાજીરાજ હાઇસ્કૂલ અને નાગનેશ કંપોઝિટર શાળામાં લેવાતી ફી બંધ કરવામાં આવી હતી.

ઇ.સ. ૧૮૮૦-૮૧માં ગરાસિયાના છોકરાઓ માટે વઢવાણમાં ગરાસિયા સ્કૂલ બાંધવામાં આવી. એ મકાનમાં ૩૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય એટલી જગ્યા હતી, તેમજ બે શિક્ષકો રહી શકે તેવી ગોઠવણ કરવામાં આવી હતી. એના મકાન બંધાવવામાં ૩૫,૫૪૦નો ખર્ચ થયો હતો આ શાળા ખોલવા પાછળનો હેતુ માત્ર ગરાસિયાઓની અજ્ઞાનતા હોવાથી ગરાસિયાઓનો પુત્ર શિક્ષણ મેળવે તો તેમની હાલત સુધરે તેવા હેતુથી આ શાળા શરૂ કરાઇ હતી. ગરાસિયાઓ ઘણાખરા અભણ હતા. તેથી કામદારો તેમને છેતરી નાણાંનો ગેરવહીવટ કરતા.

**મોન્ટેન્સરી પદ્ધતિનું શિક્ષણ :**

ઇ.સ. ૧૮૭૦માં ઇટાલીમાં જન્મેલા મેડમ મોન્ટસરીએ રોમ યુનિવર્સિટીમાંથી માનસશાસ્ત્રની ડિગ્રી લઇને બહાર આવ્યા. ત્યારે બાળવિકાસની પ્રવૃત્તિને પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું. આ રીતે તેમણે ઇ.સ. ૧૯૧૫માં આંતરરાષ્ટ્રીય મોન્ટેસરી મંડળની સ્થાપના કરી. ત્યારબાદ તેઓ ભારતમાં આવ્યા હતા અને તેમણે મોન્ટેસરી પદ્ધતિથી શિક્ષણ આપવા હિમાયત કરી હતી. વઢવાણ રાજ્યમાં મોન્ટેસરી પદ્ધતિથી શિક્ષણ આપવા માટે તા. ૨૧-૦૨-૧૯૨૫ના રોજ બાલમંદિરનું ઉદ્‌ઘાટન ગાંધીજીના હસ્તે થયું હતું. આ સમયના રાજવી જોરાવરસિંહજીએ યુવરાજ સુરેન્દ્રસિંહજીના જન્મદિનની ખુશાલીમાં એ બાલમંદિર રાજ્ય હસ્તક લીધું હતું અને ત્યારબાદ આ બાલમંદિરને જોરાવરસિંહજી બાલમંદિર નામ આપવામાં આવ્યું હતું. આ બાલમંદિરનો તમામ ખર્ચ રાજ્યએ ઉપાડી લીધો હતો. બાળકોને લેવા અને મુકવા માટે રાજ્ય દ્વારા બે સિગરામ શરૂ કરવામાં આવ્યા હતા. લેરાભાઈ ભોગીભાઈ પરીખ, પથુભાઈ ભાથી, વજુભાઈ દેપાળા, વજુભાઈ દવે, કુ. શાંતાબેન ચૂડગર જેવા બાળકેળવણીકારો શહેરની શેરીઓમાં ઘેર ઘેર જઇ બાળકોને પ્રેમપૂર્વક તેડી બાલમંદિરમાં લઇ જતા હતા. ઇ.સ. ૧૯૩૯થી આ બાલમંદિરમાં ગીજુભાઇ બધેકાના માર્ગદર્શન મુજબ ભાવનગરની દક્ષિણમૂર્તિ જેવું બાળકોનું શિક્ષણ

આપવામાં આવતું હતું. આઝાદી પછી આ બાલમંદિર માટે મીની બસની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**કન્યા કેળવણી :**

અઢારમી સદી અને ઓગણીસમી સદીની છેલ્લી પચ્ચીસી સુધી વઢવાણમાં કન્યાઓના શિક્ષણ માટે કોઇ ધ્યાન અપાયું નહોતું. પરંતુ ઇ.સ. ૧૮૮૬માં વઢવાણ રાજ્યમાં બે પ્રાથમિક કન્યાશાળાઓ હતી. તેમાં એક વઢવાણ શહેરમાં જેમાં છઠ્ઠા ધોરણ સુધીનું શિક્ષણ આપવામાં આવતું હતું અને બીજી નાગનેશમાં જેમાં ચોથા ધોરણ સુધીનું શિક્ષણ આપવામાં આવતું હતું. આ ઉપરાંત વઢવાણ કેમ્પ (સુરેન્દ્રનગર) તા. ૧૮-૬-૧૮૮૩માં શ્રીમદ્ રાજચંદ્ર કન્યાશાળાની સ્થાપના થઇ હતી. તેમાં ગુજરાતી ઉપરાંત સંસ્કૃત શિક્ષણ આપવામાં આવતું હતું.

અઢારમી સદીના અંત ભાગમાં ઇ.સ. ૧૭૯૫માં સ્થપાયેલી લંડન મિશનરી સોસાયટી અને આયરિશ પ્રેસ બિટેરિયન (આઇ.પી.) મિશન જેવી મિશનરી સંસ્થાઓએ ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર સાથે કન્યા કેળવણીની પ્રવૃત્તિ પણ શરૂ કરી હતી. આમાં આઇ.પી. મિશને ઇ.સ. ૧૮૪૦-૪૨ દરમિયાન રાજકોટ અને પોરબંદર તથા ઘોઘામાં બે કન્યાશાળા સ્થાપી હતી. આ મિશન દ્વારા શાળામાં આવવા કન્યાઓને આકર્ષવા ૪૫ રૂપિયાની વસ્તુઓ દહેજરૂપે ભેટ આપવામાં આવતી હતી. વળી તે સમયે એક એવો વહેમ પ્રચલિત હતો કે કન્યાને ભણાવવામાં આવે તો તે વિધવા થાય. ઉપરાંત બાળલગ્ન, ફરજિયાત વૈધવ્યપાલન, લાજપ્રથા વગેરેને કારણે પણ કન્યા કેળવણીનું પ્રમાણ નહિવત્ હતું. વઢવાણ રાજ્યમાં આઇ.પી. મિશન દ્વારા તા. ૧-૪-૧૮૯૬માં ‘આઇ.પી. મિશન મિશ્રશાળા’ની સ્થાપના કરી હતી.

ઇ.સ. ૧૯૨૦-૨૧માં જોરાવરસિંહજીના સમયમાં રામપરામાં એક પ્રાથમિક કન્યાશાળા ખોલવામાં આવી. જે ઉમેરાતા કુલ ત્રણ પ્રાથમિક કન્યાશાળા રાજ્યમાં હતી. જે સુરેન્દ્રસિંહજીનાં રાજ્યકાળ સમયમાં ઇ.સ. ૧૯૩૫-૩૬માં ચારની થઇ હતી અને ઇ.સ. ૧૯૪૦-૪૧માં તે પાંચની થઇ હતી. જોરાવરસિંહજીએ રાજ્યમાં કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા તેમજ પોતાની માતાની સ્મૃતિમાં તેમના નામ ઉપરથી લાડકીબાઈ કન્યાશાળા બંધાવી હતી. ૧૯૪૫માં વઢવાણ સ્ત્રી વિકાસગૃહ સ્થાપવામાં આવ્યું હતું. આ સંસ્થા કન્યાઓ અને પ્રૌઢવયની સ્ત્રીઓના ઉત્કર્ષ માટે શરૂ કરવામાં આવી હતી. સમાજની દુભાયેલી, ત્યજાયેલી, દુ:ખદ પ્રસંગોમાં સપડાયેલી સ્ત્રીઓના

આંસુ લૂછવા અને સમાજમાં સ્ત્રીના વ્યક્તિત્વનું પ્રતિષ્ઠાન કરવા અને તેમની પ્રાથમિક ઉન્નતી સાધવા માટે તેમજ આર્થિક ક્ષેત્રે પગભર બનીને પોતાનું જીવન જીવી શકે તે માટે તાલીમ આપી તેઓને તૈયાર કરવા આ સંસ્થા સ્થપાઇ છે. આ સંસ્થા હુન્નરકળા અને ગૃહવિજ્ઞાનના વિષયો પણ શીખવે છે.

આમ વઢવાણ રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કન્યા કેળવણીનો વ્યાપ ખૂબ હતો. પરંતુ માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે કન્યાઓ માટે અલગથી શાળા શરૂ કરી નહોતી.

**પ્રાથમિક શિક્ષણ :**

વઢવાણ રાજ્યમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ ૧૯૦૧ થી ૧૯૪૧ ગાળા દરમિયાન જાણી શકાય છે. જેમાં જે. ૧૯૦૭-૦૮માં શાળાની સંખ્યા ૨૧ની હતી, તેમાં વધારો થઇ ૧૯૨૧-૨૨માં ૨૯ની થઇ અને ઇ.સ. ૧૯૪૦-૪૧માં તે ૩૪ની થઇ હતી. તેવી જ રીતે વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી હતી. વઢવાણ રાજ્યમાં જોરાવરસિંહજી અને સુરેન્દ્રસિંહજીના સમયમાં પ્રાથમિક શિક્ષણનો તેમજ કન્યા કેળવણીનો સારો એવો પ્રોત્સાહક સમયગાળો ગણવામાં આવે છે.

**માધ્યમિક શિક્ષણ :**

વઢવાણ રાજ્યમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ ૧૯૦૧ થી ૧૯૪૧ ગાળા દરમિયાન જાણી શકાય છે કે વઢવાણ રાજ્યમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ સારો એવો થયો હતો. જેમાં ઇ.સ. ૧૯૦૭-૦૮માં દાજીરાજ હાઇસ્કૂલ એક માત્ર શાળા હતી. તેથી તેની સંખ્યા દર્શાવેલ છે. જેમાં ૨૪૪ હતી. જે ઇ.સ. ૧૯૪૦-૪૧માં વધીને અઢી ગણી ૮૦૬ થઇ હતી. જોકે આ માધ્યમિક શાળામાં જોરાવરસિંહજીના સમયની કન્યાઓને દાખલ કરવામાં આવી હતી. તેથી કન્યાઓના માધ્યમિક શિક્ષણને થોડું ઘણું પ્રોત્સાહન મળ્યું હતું. કોઇ સ્વતંત્ર કન્યાઓ માટેની માધ્યમિક શાળા આઝાદી પૂર્વે ખોલવામાં આવી નહોતી.

**છાત્રાલય પ્રવૃત્તિ :**

વઢવાણ રાજ્યમાં શિક્ષણનો વિકાસ થતા છાત્રાલય પ્રવૃત્તિનો પણ વિકાસ થયો. ૧૯મી સદી સુધી છાત્રાલય પ્રવૃત્તિનો વઢવાણ રાજ્યમાં કોઇ વિકાસ થયો નહોતો. પરંતુ જશવંતસિંહજીના સમયમાં વઢવાણમાં પૂર્વ રાજવી બાલસિંહજીના નામ ઉપરથી 'બાલસિંહજી ગરાસિયા છાત્રાલય' શરૂ કરવામાં આવી હતી. જે છેક આઝાદી

પર્યંત ચાલુ રહી હતી. આ છાત્રાલયમાં માત્ર ગરાસિયાઓના બાળકોને જ એડમિશન આપવામાં આવતું. સુરેન્દ્રસિંહજીના સમયમાં ઇ.સ. ૧૯૪૦-૪૧ના વર્ષ દરમિયાન આ છાત્રાલય માટે રાજ્ય તરફથી ૧૦૦૦/- રૂપિયા ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

**પુસ્તકાલય :**

વઢવાણ રાજ્યમાં ઇ.સ. ૧૮૭૮માં પ્રથમ 'નેટીવ લાઇબ્રેરી' સ્થપાઇ હતી. રાજ્યએ શિક્ષણનો વિકાસ થાય તે માટે પુસ્તકાલય પ્રવૃત્તિની શરૂઆત કરી હતી. તે માટે રાજ્યની દરેક શાળામાં નાનું પુસ્તકાલય પણ શરૂ કરવામાં આવ્યું હતું. આ સિવાય વઢવાણના સમાજ સેવક અને દેશની આઝાદી માટે લડનારા નેતા મોતીભાઈ પરમાર (દરજી)એ પણ 'ધર્મ પુસ્તકાલય' નામે વઢવાણમાં પુસ્તકાલય શરૂ કરી.



**શિયાણીની પોળનો દરવાજો**

# જૈન સંસ્કૃતિ અને શ્રદ્ધાનું ઐતિહાસિક કેન્દ્ર : વઢવાણ

સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર ગણાતું વઢવાણ શહેર માત્ર રાજકીય રીતે જ નહીં, પરંતુ જૈન ધર્મની દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વનું અને પ્રાચીન સ્થાન છે. ભગવાન મહાવીરના આગમનથી લઈને મધ્યકાળના આચાર્યોની સાહિત્ય સાધના સુધી વઢવાણનો ઇતિહાસ સુવર્ણ અક્ષરે લખાયેલો છે.

## (૧) પ્રાચીન નામ અને ભગવાન મહાવીરનું આગમન :

વઢવાણનું પ્રાચીન નામ 'વર્ધમાનપુરી' હતું. જે જૈન ધર્મના ૨૪ મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના નામ પરથી રાખવામાં આવ્યું છે. જૈન ગ્રંથો અનુસાર, ભગવાન મહાવીર જ્યારે સાધના કાળમાં હતા ત્યારે તે અહીં પધાર્યા હતા.

### અસ્થિગ્રામ કથા :

તે સમયે આ વિસ્તાર 'અસ્થિગ્રામ' તરીકે ઓળખાતો હતો. લોકવાયકા મુજબ અહીં 'શૂલપાણિ' નામનો યક્ષ રહેતો હતો, જે લોકોને હેરાન કરતો. ભગવાન મહાવીરની અસીમ શાંતિ અને કરૂણા જોઈને યક્ષનું હૃદય પરિવર્તન થયું હતું. આજે પણ અહીં ભગવાનના પ્રાચીન પગલાં (ચરણપાદુકા) બિરાજમાન છે.

## (૨) સાહિત્ય અને જ્ઞાનનો ભંડાર :

વઢવાણ હંમેશા જ્ઞાનની નગરી રહી છે. અનેક જૈન આચાર્યોએ અહીં રહીને અમર ગ્રંથોની રચના કરી છે.

આચાર્ય હરિષેણ : ઇ.સ. ૯૩૧-૩૨ માં તેમણે અહીં વિશ્વપ્રસિદ્ધ સંસ્કૃત ગ્રંથ 'બૃહત્કથાકોષ'ની રચના કરી હતી. આ કોષમાં કુલ ૧૫૭ જેટલી કથાઓનો સંગ્રહ છે. આ ગ્રંથ સંસ્કૃત શ્લોક (છંદમાં) લખાયેલા છે. જેમાં લગભગ ૧૨૦૦૦ શ્લોકો છે. તેનો મુખ્ય ઉદ્દેશ જૈન ધર્મના સિદ્ધાંતો અને સંસ્કારોને વાર્તાઓ દ્વારા લોકો સુધી પહોંચાડવાનો હતો. સૌથી ગૌરવની વાત એ છે કે આ ગ્રંથની રચના ગુજરાતનાં વઢવાણમાં થઈ હતી.

આચાર્ય મેરૂતુંગસૂરિ : પ્રસિદ્ધ વિદ્વાન મેરૂતુંગસૂરિએ વિક્રમ સંવત ૧૩૬૧ (ઇ.સ. ૧૩૦૫)માં વઢવાણમાં રહીને 'પ્રબંધ ચિંતામણી' જેવા મહાન ઐતિહાસિક ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથ પાંચ પ્રકાશ (ભાગ)માં વહેંચાયેલો છે. સોલંકી અને વાઘેલા વંશના રાજાઓના સમયની સામાજિક, રાજકીય ને ધાર્મિક સ્થિતિ જાણવા માટે આ ગ્રંથ 'એન્સાયક્લોપીડિયા' સમાન છે. તેમાં રાજાઓના ઉદારગુણ, કવિઓનું સન્માન અને સ્થાપત્ય વિશેની રસપ્રદ વિગતો મળે છે.

જૈન જ્ઞાન ભંડાર : વઢવામમાં તાડપત્ર અને સુવર્ણ અક્ષરે લખાયેલી ગાથાઓનો અમૂલ્ય સંગ્રહ છે. જ્યારે આક્રમણખોરો દ્વારા સાહિત્યનો નાશ કરવામાં આવતો, ત્યારે પાટણ અને વઢવાણ જેવા શહેરોના જ્ઞાનભંડારો સુરક્ષિત રાખવા જેસલમેલ મોકલવામાં આવતા હતા.

## (૩) ભવ્ય જૈન દેરાસરો અને સ્થાપત્યકળા :

વઢવાણના દેરાસરો તેની કોતરણી અને શિલ્પકળા માટે જાણીતા છે.

સુવિધિનાથ ભગવાનનું દેરાસર : વઢવાણ કિલ્લાની અંદર આવેલું આ મંદિર સોલંકી કાળની 'મારૂ-ગુર્જર' શૈલીનો અદ્‌ભૂત નમૂનો છે. તેની ઝીણી કોતરણી, ભવ્ય શિખરો અને સ્તંભો પર કંડારેલી નર્તકીઓ તથા દેવ-દેવીઓની આકૃતિઓ છે. આ દેરાસરમાં જૈન ધર્મના ૯માં તીર્થંકર ભગવાન શ્રી સુવિધિનાથની અત્યંત મનોહર પ્રતિમા છે.

શામળા પાર્શ્વનાથ મંદિર : વઢવાણના બોઘરાવાડ વિસ્તારમાં આવેલું આ એક સુંદર અને શાંતિપ્રિય સ્થળ છે. આ દેસાસરનાં મુખ્ય ભગવાન ૨૩માં તીર્થંકર શ્રી શામળા પાર્શ્વનાથ છે. ભગવાનની પ્રતિમા શ્યામ (કાળા) રંગના પાષાણમાંથી બનેલી છે, તેથી તેમને શામળા પાર્શ્વનાથ કહેવામાં આવે છે. આ પ્રતિમા પદ્માસન મુદ્રામાં છે અને તેમના મસ્તક પર સાત ફેમવાળા નાગનું છત્ર છે.

વિનય વાટિકા : નવા દરવાજા પાસે આવેલું આ આધુનિક અને રમણીય સ્થળ છે. આ વાટિકાનું નામ પૂજ્ય આચાર્ત ભગવંત શ્રી વિજયચંદ્રસૂરિજી મહારાજની પુણ્યસ્મૃતિમાં રાખવામાં આવ્યું છે. સાધુ-સાધ્વીજીઓ અને શ્રાવકો માટે અભ્યાસ સાધના અને ધાર્મિક ક્રિયાઓ કરવા માટે એક પ્રશાંત વાતાવરણ પુરૂં પાડવાના હેતુથી આ સંકુલને નિર્માણ કરવામાં આવ્યું છે.

વઢવાણના સોમપુરા જ્ઞાતિના કારીગરો પથ્થર પર જે જીવંત કોતરણી કરે છે, તેની માંગ આજે આખા વિશ્વમાં છે. આ કારીગરોએ જ વઢવાણનાં દેરાસરોને એક કલાતીર્થ બનાવ્યું છે.

દેરાસરની અંદરનું વાતાવરણ અત્યંત શાંત અને પવિત્ર હોય છે. ગભગૃહમાં બિરાજમાન પ્રભુની પ્રતિમા જોઈને ભક્તોને અતિન્દ્રીય સુખની અનુભૂતિ થાય છે.

## (૪) વઢવાણ : શિક્ષણ અને જૈન સંસ્કારનો સમન્વય :

પ્રાચીન સમયમાં જ્યારે આધુનિક સાળાઓ નહોતી ત્યારે વઢવાણનાં જૈન ઉપાશ્રયો અને જ્ઞાન ભંડારો શિક્ષણનાં મુખ્ય કેન્દ્રો હતા. અહીં માત્ર ધાર્મિક જ નહીં પણ વ્યાકરણ, ન્યાય, તર્કશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રનું શિક્ષણ આપવામાં આવતું હતું. આજે પણ વઢવાણનાં વિવિધ દેરાસરો અને ઉપાશ્રયોમાં જૈન પાઠશાળા ચાલે છે. અહીં બાળકોને રજાના દિવસે કે સાંજના સમયે ધાર્મિક મૂલ્યો, નૈતિકતા ને જીવદયાના પાઠ ભણાવવામાં આવે છે.

વઢવાણ અને સુરેન્દ્રનગર વિસ્તારમાં ઘણી નામાંકિત સંસ્થાઓના પાયામાં જૈન દાતાઓનું દાન અને દીર્ઘદ્રષ્ટિ રહેલી છે.

# વઢવાણના જૈન મંદિરો

## જૈન ધર્મની ધરોહરને સાચવતાં વઢવાણના જૈન મંદિરો :



વઢવાણમાં જૈન ધર્મનો પ્રભાવ જૂના સમયથી રહ્યો છે. શહેરના ઇતિહાસમાં સ્થિરતા, શાંતિ, પવિત્રિતા, સમુધ્ધિ, સંસ્કારીતા, સામાજિક એકતામાં જૈન ધર્મ અને શ્રાવકોનો ફાળો અમુલ્ય રહ્યો છે. આ શહેરમાં પાંચ શીખરબંધી જૈન મંદિરો આવેલા છે.

ભગવાન શ્રી મહાવીર સ્વામીના મુળ નામ પરથી આ શહેરનું નામ વર્ધમાનપુર રાખાવમાં આવ્યું હતું. જે અપભ્રંસ થતા વઢવાણ થઈ ગયું. જૈન ધર્મના અનેક આચાર્યોએ વઢવાણની ધરતી પર અનેક પુસ્તકોની રચના કરી છે. સોલંકી કાળમાં વઢવાણ દિગમ્બર જૈન સાંપ્રદાયનું મુખ્ય મથક હતું. ઇ.સ. ૭૮૩ માં દિગમ્બર જીન સેનસુરીએ વઢવાણના ચૈત્યોમાં હરીવંશ પુરામ નામે જૈન પુરાણની રચના કહી હતી. શહેરમાં પાંચ શિખરબંધી જૈન મંદિરો આવેલા છે. વઢવાણ મોતી ચોકથી લાખુપોળ તરફ જતા લાખુપોળનું મોટુ દેરાસર આવેલ છે. આ દેરાસરમાં મુળ નાયક તરીકે શ્રી આદીનાથજી અથવા શ્રી ઋષભદેવજી ભગવાનની પ્રતિમા બીરાજે છે. જેમના પરીકર ઉપર સંવત ૧૨૦૮ નો અભિલેખ કોતરાયેલો છે. આ દેરાસરજીની પંક્તિમાં ૮૦ પાસણ પ્રતિમાજી અને ૧૦ ધાતુ પ્રતિમા મુકાયેલી છે. આ દેરાસર સંઘ દ્વારા સંવત ૧૭૫૦ માં બંધાયું હશે તેમ મનાય છે.

લાખુપોળના મોટા દેરાસરની જમણી તરફ બરાબર બાજુમાં ભગવાન શ્રી શાંતિનાથ દાદાનું દેરાસર આવેલું છે. આ દેરાસરમાં મુળ નાયક તરીકે ભગવાન શ્રી શાંતિનાથજીની ભવ્ય પ્રતિમા મનને દિવ્ય શાંતિ આપી રહી છે. જૈન મંદિર પરિકર પર સંવત ૧૫૮૪ ના વરસનો અભિલેષ કોતરાયેલો છે. એની બાજુમાં ભગવાન શ્રી અજિતનાથજી તથા શ્રી સંભવનાથજીની શ્વેત પ્રતિમાઓ છે. ધોળીપોળના દેરાસર તરીકે ઓળખાતા આ નાના સુંદર દેરાસરનું નિર્માણ સં. ૨૦૦૪ ની સાલમાં થયું છે. જેમાં મુળ નાયક તરીકે શ્રી સીતલનાથજી સ્વામી બીરાજે છે. શહેરના મહાલક્ષ્મીની મંદિર તરફ જતા નાનુ દેરાસર આવેલું છે. આ

દેરાસરમાં મુળ નાયક તરીકે શ્યામબીબશ્રી શામળા પાર્શ્વનાથજી બીરાજે છે. કેટલાક વર્ષો પૂર્વે વઢવાણમાં શેઠ નારાયણદાસના મકાનમાં પાયા ખોદતા મળી આવેલી શ્વેત આરસના મોટા જીન બીંબ પર આ દેરાસરમાં પધરાવ્યા છે. તેમાં એક પ્રતિમાના પરીકર ઉપર સં. ૧૧૭૪ તથા વઢવાણ શહેરના મુળ નામ વર્ધમાન પુર ઉલ્લેખ કરાયો છે. આ દેરાસરમાં કુલ પંદર પાસાણ પ્રતિમાઓ તથા દસ પ્રતિમાઓ મુકાય છે. મહાવીર સ્વામીના ૨૫૦૦ માં નિવારણ મહોત્સવના અનુસંધાને પૂ. કાનજી સ્વામીજીની પ્રેરણાથી વઢવામના મોતીચોક પાસે સંવત ૨૦૩૨ માં મુળ નાયક તરીકે આસન પાટ પર આરસની ભવ્ય પ્રતિમા તથા એમની બાજુમાં ભગવાન શ્રી આદીનાથજી તથા શ્રી નેમિનાથજી પાર્શ્વનાથજી તથા મુની સુપ્રતજીના ધાતુબીંબ બેસાડેલા છે, ઉપરાંત સિદ્ધિચક્ર શ્રી વિનાયક મંત્રજી અને સમયસારજી ધર્મગ્રંથ પૂજા માટે મુકાયો છે. આ ભવ્ય મંદિરની ઉંચાઈ ત્રીસ ફૂટ છે. વઢવાણના આંગણે અસંખ્ય મુમુક્ષોએ દીક્ષા અંગીકાર કરી છે. પરંતુ તેમાં સમગ્ર જૈન સમાજ પર પોતાના વિચારો આચરણ દ્વારા ઊંડી છાપ મુકનાર ગચ્છાધીપતિ પૂ. આચાર્ય દેવ શ્રી મદ્ વિજય મહોદય સુરીશ્વરજી મ.સા. હસ્તગીરી તીર્થના પાયાના પથ્થર આચાર્ય ભગવંત પૂ. શ્રી માનતુંગ સુરીશ્વરજી મ.સા. અને તપસ્વી રતન પ.પૂ. સા. જા. હંસ કીર્તિશ્રીજી મુખ્ય ધરોહર છે.

## સાહિત્ય ક્ષેત્રે વઢવાણ રાજ્યનું અનોખું પ્રદાન :

સાહિત્ય ક્ષેત્રે વઢવાણ રાજ્યનું અનોખું પ્રદાન છે. ઝાલાવાડે કવિ દલપતરામ તથા ન્હાનાલાલ, પ્રજારામ રાવળ જેવા કવિઓ તેમજ નાગરદાસ પંડ્યા તથા ધનસુખલાલ મહેતા જેવા સફળ અનુવાદકો તેમજ નવલરામ ત્રિવેદી જેવા નીડર વિવેચક આપ્યા છે.

૧૯ મી સદીમાં ગુજરાતી પદ્ય અને ગદ્યનો પાયો નાખનાર કવિ દલપતરામ હતા. ૨૧ જાન્યુઆરી ૧૮૨૦ ના રોજ ઐતિહાસિક વઢવાણ શહેરમાં તેમનો જન્મ થયો હતો. આઠ વર્ષની ઉંમરે દલપતરામે સ્વામિનારાયણ સંપ્રદાય અંગીકાર કર્યો હતો. અર્વાચીન ગુજરાતી સાહિત્યનું પ્રથમ પ્રકૃતિ કાવ્ય બાપાની પિંપરની રચના તેમણે ૧૮૪૫ માં કરી હતી. જ્યારે ગુજરાતની પહેલી ગદ્યરચના ૧૮૫૦ માં ભુત નિબંધ ગદ્ય તેમણે લખ્યું.

દલપતરામની રચનામાં મુખ્યત્વે લક્ષ્મી, મિથ્યાભિમાન નાટક, તાર્કિક બોધ, દલપત કાવ્ય ભાગ-૧ અને ૨ ગણી શકાય. દલપતરામે ભાતભાત અને જાતજાતના વિષયો પર કાવ્યોની રચના કરી છે.

કવીશ્વર દલપતરામના પાંચ પુત્રો હતા. જેમાં ચોથો પુત્ર ન્હાનાલાલ હતા. ન્હાનાલાલનો જન્મ ૧૬ માર્ચ ૧૮૮૭ માં થયો હતો. ન્હાનાલાલના કાવ્યો અને નાટકો મુખ્ય છે.

ન્હાનાલાલે કુરૂક્ષેત્ર અને હરિસિંહતા નામના પ્રચલિત કાવ્યો લખ્યા છે. ન્હાનાલાલે ગુજરાતની ઉત્તમ ઉર્મિકાવ્યો અને ડોલન શૈલીની ભેટ આપી હતી. પ્રજારામ રાવળ વઢવાણના વતની હતા. વાઘેશ્વરી ચોરથી બારી રોડ તરફ જતા કવિ પ્રજારામ રાવળની શેરી આવે છે. પ્રજારામ રાવળ જે શેરીમાં રહેતા તે શેરીને પ્રજારામ રાવળની શેરી તરીકે જાહેર કરીને આજે પણ વઢવાણ શહેર તેની સ્મૃતિ કાયમ માટે જાળવી રાખી છે.

કવિ પ્રજારામ રાવળે લખેલ 'ભોગાવો' કાવ્ય પ્રચલિત બન્યું હતું.

ભોગાવો દોદે શું, પાણી પંપો છોડો બાવળો,<br>
દેતો, લાંબી હાવળો...<br>
આવે, નાવે,, તો ભેજાવે,<br>
ના, ખાકે વઢવાણી તોભવે.

મહાકવિ કાલીદાસના રઘવંશ મહાકાવ્યની સમશ્લોકી ભાષાંતર કવિ પ્રજારામ માટે યશકલગી સમું બની ગયું. તેમની મહાયુદ્ધ નામની કાવ્ય પુસ્તિકા 'પદમાં' નામનો કાવ્ય અંગુર પણ પ્રગટ થયો હતો. વઢવાણ વિશે તેમની કેટલીયે રચનાઓ અપ્રગટ રહી છે. નવલકથા સમ્રાટનું બિરૂદ હાંસલ કરનાર ચુનીલાલ વર્ધમાન શાહનું લેખનકાર્ય ૧૮૮૬ થી ૧૯૬૬ એમ છ દાયકા સુધીનું હતું. તેમની કર્મયોગી, રાજેશ્વર, એકલવીર, સોમનાથનું શિવલિંગ, અવંતીનાથ, રૂપવતી બંને નવલકથાઓ પ્રશંસા પામી હતી. જીગર અને અમી નામની નવલકથા સમગ્ર ગુજરાતમાં વખણાઈ હતી. પ્રજાબંધુનું તેમણે સંપાદન પણ કર્યું હતું.

સુરતના વતની એવા ધનસુખલાલ મહેતાનો જન્મ વઢવાણમાં થયો હતો. નીડર, પૂર્વ ગ્રહ મુક્ત વિવેચક નવલરામ ત્રિવેદી વઢવાણનું ગૌરવ હતા. ગુજરાતી ભાષાના કેટલાય માતબર લેખો તેમણે લખ્યા છે. શેષ વિવેચન ગ્રંથ તેમના અવસાન પછી પ્રકાશિત થયેલ છે. ઝાલાવાડમાં આ ઉપરાંત અમરદાસ પંડ્યા, રામપ્રસાદ શુક્લ, માણેકલાલ, વસુભાઈ શુક્લનું સાહિત્યનું અનોખું પ્રદાન છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ પંક્તિના સમૃદ્ધ કવિ રાજેન્દ્ર શુક્લ પણ વઢવાણના છે.

## વઢવાણનાં માટલાં :

ઉનાળાના પ્રારંભે જ સૂર્યનારાયણે આકરૂ સ્વરૂપ ધારણ કરતા ઠંડા પાણીના માટલા ખરીદી માટે મહિલાની લાઈન લાગે છે ત્યારે વઢવાણના પ્રખ્યાત ઠંડા ઠંડા કૂલ કૂલ ! કે.આર. માટલા અને કોઠીઓ ગુજરાતની સીમાઓ પણ ઓળંગી દીધી છે.

## રાજ્યમાં એકમાત્ર વઢવાણમાં નીકળતાં સોના–ચાંદીના ઝૂલફીકાર :

દેશભરમાં મહોરમ પર્વ પર તાજિયા નીકળે છે. મહોરમના દિવસે ગુજરાત રાજ્યમાં માત્ર વઢવાણમાં જ સોના–ચાંદીના ઝૂલફીકાર સન્માનપૂર્વક નિહાળવા તેમજ મન્નત (માનતા) માટે દેશભરમાં લોકો ઉમટી પડે છે.

ભારત દેશમાં મહોરમના પૂર્વ અગાઉ જ કલાત્મક તાજિયા બનાવવાની તૈયારી શરૂ થઈ જાય છે. મહોરમના દિવસે સમગ્ર દેશમાં તાજિયા નીકળે છે. પરંતુ તાજિયાના પ્રસંગે બગદાદના પીર સાહેબના ઝૂલફીકાર બે તલવાર, બે જમૈયા, તીર કામઠુ અને પીરના પંજાને ખૂબ સન્માન સાથે સમગ્ર ગુજરાતમાં માત્ર વઢવાણ શહેરમાં નીકળે છે. અરબસ્તાનની ધરતી પર પેદા થયેલા મહાન સંત રત્ન પીર સાહેબની દુઆથી દાયકાઓ અને પેઢીઓથી હિન્દુના ઘરેથી જ્યાં સુધી ઝૂલફીકાર ન આવે ત્યાં સુધી મહોરમના તાજિયા ઉપડતા નથી. વઢવાણ અબોલપીરના ચોકમાં રહેતા ખવાસ રાજપૂત મકવાણા પરિવારના છ પેઢીથી સોના–ચાંદીના ઝૂલફીકાર નીકળે છે. વઢવાણમાં જે ઝૂલફીકાર બનાવવામાં આવે છે તેવા ઝૂલફીકાર સમગ્ર દેશમાં ક્યાંય બનતા નથી.



# કેળવણી... આઝાદી પહેલાં, અને પછી

ઇસ્ટ ઇન્ડિયા કંપનીને ૧૮૧૩માં કેળવણી પાછળ દર વર્ષે એક લાખ ખર્ચ કરવા માટે ફરજ પાડવામાં આવી હતી. ધીમે ધીમે શાળાઓ માટે સ્વતંત્ર મકાનની સગવડતા થવા લાગી હતી. પ્રથમ રાજકોટમાં ૧૮૩૭માં પ્રાથમિક શાળા ખોલવામાં આવી. અભ્યાસક્રમમાં ભૂગોળ, ઇતિહાસ, ખગોળશાસ્ત્રને પ્રથમ સ્થાન અપાતું હતું. શિક્ષકોને દર માસે નિયમિત પગાર મળતો થયો. વાચનમાળા પુસ્તકો માટે દલપતરામ, દુર્ગારામ મહેતા, ભોગીલાલનો સહકાર લેવામાં આવ્યો હતો. તે વાંચનમાળા ૧૯૦૬ સુધી ઉપયોગમાં લેવાઇ હતી.

૧૮૫૫ માં મુંબઇ રાજ્યમાં કેળવણી ખાતાનો જન્મ થયો. ગુજરાતમાં ઘોઘા, પોરબંદર, રાજકોટ, સુરત, અમદાવાદ, જંબુસર, બોરસદ, દમણ, વડોદરા, સુરેન્દ્રનગર જિલ્લામાં શાળાઓ શરૂ થઇ. ૧૮૫૪-૫૫માં સર ચાર્લ્સ વૂડના ભલામણ પ્રમાણે કેળવણી ખાતાની સ્થાપના થઇ. આ સમય દરમિયાન કવિ દલપતરામે ભાવનગર, લીંબડી, વઢવાણ, વડોદરા શાળા ખોલવા માટે લોકોને સમજાવ્યા હતા.

૧૮૬૫-૬૬ શાળા અને વિદ્યાર્થીની સ્થિતિ

| પ્રદેશ | શાળાની સંખ્યા | વિદ્યાર્થી |
|---|---|---|
| તળ ગુજરાત | ૩૦૩ | ૨૧૧૫૨ |
| સૌરાષ્ટ્ર | ૭૧ | ૪૧૮૯ |
| કચ્છ | ૧૪ | - |

શાળામાં દાખલ થવા લાયક વિદ્યાર્થીઓ પૈકી ૦.૪ ટકા બાળકો જ શાળાએ જતા. ૧૮૯૩ માં મહારાજા સયાજીરાવે અમરેલી જિલ્લાનાં ૧૦ ગામોમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરવાનો પ્રયોગ કર્યો હતો. ૧૮૯૪ માં ચુનીલાલ સેતલવાડે નગરપાલિકા વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવા સૂચન કર્યું હતું. ૧૯૦૬-૦૭ માં વડોદરા રાજ્યે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યું હતું. ૧૯૦૦ થી ૧૯૧૨ સુધીમાં સૌરાષ્ટ્રમાં શાળાની સંખ્યા ૧૦૮૭ અને વિદ્યાર્થી ૭૦૫૮૧ ની થઇ. ગુજરાતમાં રીતસરનું પ્રાથમિક શિક્ષણનું અધ્યાપન મંદિર અમદાવાદમાં ૧૯૫૭ માં શરૂ કરાયું હતું. ઇ.સ. ૧૮૧૮ માં મિશનરીઓએ સુરતમાં સૌ પ્રથમ કન્યાશાળા

સ્થાપી અને સૌરાષ્ટ્રમાં પણ બે કન્યાશાળા ખોલી. ઇ.સ. ૧૮૮૨ થી ૧૯૧૪ દરમિયાન શિક્ષણનું કાર્ય વધુ ઝડપી બન્યું.

ઝાલાવાડ પ્રાંતને ધ્યાનમાં રાખી સારાંશ સ્વરૂપે લખી રહ્યા છીએ, પણ શિક્ષણની સ્થિતિની પૂર્વ ભૂમિકાનો પ્રકાશ પાડવો મને જરૂરી લાગ્યો. 'મુછાળી શિક્ષિકા' એટલે ગિજુભાઈ ગિરજાશંકર બધેકાના પૂર્વ પ્રાથમિક શિક્ષણના પ્રયોગથી ૧૯૨૦ થી બાલમંદિર પ્રવૃત્તિ વિકાસ પામી. ૧૯૩૭ થી માતૃભાષાનું શિક્ષણ ફરજિયાત બન્યું. ૧૯૪૬ માં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની વય ૭ થી ૧૨ ની ગણવામાં આવી. પ્રાથમિક શાળાઓ માટે ગુજરાતી ભાષામાં પાઠ્ય પુસ્તકો તૈયાર કરાવતી અને ગામડાની શાળાઓમાં આઝાદી મળી ત્યાં સુધી એ ચાલતા. ધીમે ધીમે શિક્ષણમાં પ્રગતિ થઇ રહી હતી. ૧૯૪૭ પછી સૌરાષ્ટ્રમાં ૩૩૫૮ પ્રાથમિક શાળાઓ હતી અને ૨૧૭૨૮ વિદ્યાર્થીઓ હતા.

વઢવાણ (સુરેન્દ્રનગર જિલ્લો) એ ભોગાવો નદીના કિનારે વસેલું એક અત્યંત ઐતિહાસિક શહેર છે, જે પ્રાચીનકાળમાં વર્ધમાનપુરી તરીકે જાણીતું હતું. ઝાલાવાડ વિસ્તારના આ શહેર પર સોલંકી અને વાઘેલા વંશનું શાસન હતું, અને પાછળથી તે બ્રિટિશ શાસન હેઠળ ઝાલા રજવાડાનું પાટનગર બન્યું. આ શહેર રાવ રાણકદેવીની પૌરાણિક ગાથા, સતીના પાળિયા, માધાવાવ અને ગંગાવાવ માટે જાણીતું છે.

**વઢવાણના ઈતિહાસની મુખ્ય બાબતો :**

**પ્રાચીનતા :** આ શહેરનો ઉલ્લેખ પ્રાચીન સમયમાં વર્ધમાનપુરી તરીકે મળે છે. ૧૩મી સદીમાં વાઘેલા રાજા કરણદેવ દ્વિતીયના સમયમાં તે વિકસ્યું હતું.

**રજવાડું :** અંગ્રેજોના સમયમાં વઢવાણ એક મહત્વનું રજવાડું હતું, જેનું ૧૫ ફેબ્રુઆરી 1948ના રોજ ભારતીય સંઘમાં વિલીનીકરણ થયું.

**સ્થાપત્ય :** શહેરમાં સોમપુરા કારીગરો દ્વારા નિર્મિત વાવ (માધાવાવ-૧૨૯૪), કિલ્લા, અને મહારાજા દાજીરાજજી દ્વારા નિર્મિત અધૂરો હવામહેલ જોવાલાયક છે.

**સાંસ્કૃતિક વારસો :** વઢવાણ તેની કોતરણી કામ માટે જાણીતું છે. આ ઉપરાંત અગાઉના સમયમાં અહીં કાન્તિ કોટન મિલ શરૂ થઈ હતી અને અહીંથી લીંબડીની હિજરતની ઐતિહાસિક ઘટના પણ જોડાયેલી છે.

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ-સુરેન્દ્રનગર



સદ્‌ગુરૂ બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય પરંપરામાં તપમૂર્તિ સદ્‌ગુરૂશ્રી ગોપીવલ્લભદાસજી સ્વામીની દીર્ઘ દૃષ્ટિમાં એ વાત આવી ગઇ કે સત્સંગનો આધાર યુવકો છે, જો યુવાપેઢી સારી થશે તો જ સત્સંગના મીઠા ફળ સમાજ મેળવી શકશે. આથી સત્સંગની ઊગતી પેઢીને આજ્ઞા, ઉપાસના, વર્તનનું પ્રત્યક્ષ શિક્ષણ જો આપવું હોય તો ગુરૂકુલની સ્થાપના કરવી જોઇએ.

સૌ પ્રથમ સુરેન્દ્રનગર ખાતે સ્વામીશ્રીએ સંવત ૧૯૯૯માં નાના એવા ગુરૂકુલની સ્થાપના કરી. પરંતુ તે સંસ્થા સંજોગોવસાત્ બંધ થઇ ગઇ. પરંતુ મોટા પુરૂષના સંકલ્પો પણ કામ કરતા જ હોય છે. આથી સંપ્રદાયમાં ગુરૂકુલ સ્થાપવાની પ્રવૃત્તિ ધીરે ધીરે વેગ પકડતી ગઇ અને નાના-મોટા ઘણા ગુરૂકુળો સ્થપાવા લાગ્યા. પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો-હરિભક્તો આ શૈક્ષણિક યજ્ઞને ખૂબ સુંદર વેગ આપી ઘણા ઘણા ગુરૂકુળો સ્થાપી સુંદર સંસ્કાર સિંચન કરી રહ્યા છે. આ કાર્ય શ્રી ગોપીવલ્લભદાસજી સ્વામીના શુભ સંકલ્પને શ્રીજી મહારાજે વેગ આપેલ છે એમ જણાય છે.

અ.નિ.પ.ભ.શ્રી છોટાલાલભાઈ (સોલીસીટરશ્રી)એ પોતે મોટા પ્રમાણમાં દાન આપીને અન્ય સ્નેહીજનો પાસે દાન અપાવી નવું રૂપ આપી ‘સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન’ એ નામ આપ્યું. સદ્‌ગુરૂ શાસ્ત્રી ગોપાલચરણદાસજી સ્વામીના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરાવ્યું.

પરંતુ તે એ વાતનું ખાસ ધ્યાન રાખ્યું કે ઇતિહાસનું પુનરાવર્તન ન થાય તે માટે કોઇ વિદ્વાન, ઉત્સાહી અને નિઃસ્વાર્થ સેવા ભાવનાવાળા સંતની શોધ શરૂ કરી. મૂળીમાં સદ્‌ગુરૂ શાસ્ત્રી નારાયણ સેવાદાસજી સ્વામી દરેકની દૃષ્ટિએ યોગ્ય જણાતા શ્રી છોટાલાલભાઈએ સ્વામીની અનિચ્છા હોવા છતાં પણ ખૂબ જ આગ્રહ કરી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન સ્વામીને સોંપ્યું. સ્વામી પણ સ્નેહ બંધનના કારણે ના પાડી શક્યા નહીં અને સંસ્થાનું સુકાન સને ૧૯૭૨માં સંભાળ્યું.

શાસ્ત્રી સ્વામી નારાયણસેવાદાસજીનો ઉમદા સ્વભાવ, બહોળો અનુભવ, વિદ્વતા અને સાધુતા તથા તેમના મંડળના તેવા જ સંતોનો સહયોગ મળવાથી સંસ્થાએ દરેક ક્ષેત્રે હરણફાળ ભરી. આજ ત્રણસો ઉપરાંત વિદ્યાર્થીઓ છે. ખૂબ જ સગવડતાભર્યું આલીશાન છાત્રાલય, પોતાની જ સુંદર સ્કૂલ અને ગૌશાળા છે. આમ સંનિષ્ઠ વ્યવસાયી સંસ્થાએ ઘણી પ્રગતિ સાધી છે. જેમાં... પ્રાર્થના હોલ, હાઇસ્કૂલ, સાધુ આશ્રમ, છાત્રાલય, ટાવર અને પ્રવેશદ્વાર, બહેનો માટે સત્સંગ હોય, લાયબ્રેરી વગેરે આવેલ છે.

# સાસુમાની યાદમાં વહુએ બનાવેલી કન્યાશાળા



**વારસો :** ૧૯૨૦માં કન્યા કેળવણી માટે સ્થાપેલ શાળા સાચવણીના અભાવે હાલ જર્જરિત

ગુજરાત રાજ્યમાં કન્યા કેળવણી અને મહિલા સન્માન અંગે મોટી મોટી વાતો થઇ રહી છે. સામાન્ય રીતે સાસુ-વહુના સંબંધોમાં ૩૬નો આંકડો જોવા મળે છે, ત્યારે વહુએ સાસુની યાદમાં વર્ષ ૧૯૨૦માં લાડકીબાઈ કન્યાશાળા બનાવી હતી. પરંતુ ભૂકંપમાં આ ઐતિહાસિક ઇમારત જર્જરિત થઇ હતી. ૧૫ ડિસેમ્બરે લાડકીબાઇ કન્યાશાળાએ ૯૫ વર્ષ પૂરાં કર્યા છે ત્યારે ભવ્ય ભૂતકાળ, વિસ્મરણીય વર્તમાન ધરાવતી કન્યાશાળા ભવ્ય ભવિષ્યકાળ ઝંખી રહી છે.

વઢવાણ શહેરમાં પ્રાંતઃસ્મરણીય સાસુની યાદમાં વહુએ લાડકીબાઈ કન્યાશાળા બંધાવી હતી. વઢવાણના ખાંડીપોળ વિસ્તારમાં તા. ૧૫ ડિસેમ્બર ૧૯૨૦ના રોજ લક્ષ્મીબહેન માણેકલાલ શેઠે પોતના પ્રાતઃસ્મરણીય સાસુજી લાડકીબાઇની યાદમાં લાડકીબાઈ કન્યાશાળા શરૂ કરી હતી. વઢવાણ પંથકમાં કન્યા કેળવણીનો પ્રશ્ન જટીલ હતો. આથી કન્યાઓ ભણીને આગળ આવી શકે તે માટે લાડકીબાઇ કન્યાશાળાનો પ્રારંભ થયો હતો. આ લાડકીબાઇ કન્યાશાળાના ઐતિહાસિક ભવ્ય ઇમારત અને શ્રેષ્ઠ સુવિધાને લીધે આ શાળામાં હજારો બાળકો, ૧૦૦થી વધુ શિક્ષકો, ૧૦ પટ્ટાવાળા હોવાથી ધમધમતી જોવા મળી હતી. દરેક સરકારી કાર્યક્રમ આ શાળાના મુખ્ય હોલમાં થવાની પરંપરા આજેય પણ અકબંધ છે. ત્યારે વર્ષ ૨૦૦૧માં ભયાનક ભૂકંપ છતાં લાડકીબાઇ કન્યાશાળા અડીખમ હતી. પરંતુ સતત ભૂકંપ આંચકાને લીધે ઐતિહાસિક ઇમારત જર્જરિત બની રહી છે.

આથી ઉપરના મજલાઓ અને રૂમોમાં શિક્ષણ અપાય તેવી સ્થિતિ રહી નથી. ભવ્ય ભૂતકાળ, વિસ્મરણીય વર્તમાન ધરાવતી લાડકીબાઈ કન્યાશાળા સોનેરી ભવિષ્યકાળને ઝંખી રહી છે.

# ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ

**શ્રી એમ.પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર.**

૦૧ સપ્ટેમ્બર, ૧૯૫૫ના રોજ શ્રી એમ.પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજનો પાયો નખાયો હતો. વે ઓફ જનરલ મહારાજ દિગ્વિજયસિંહજી જાડેજાના પ્રયત્નોથી ૧૯૫૬માં શિક્ષણનું કાર્ય શરૂ થયું. ઉમદા દાતાશ્રી મેઘજી પેથરાજ શાહના નામ પરથી કૉલેજનું નામ શ્રી એમ.પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ એવું રાખવામાં આવ્યું. આ કૉલેજના પ્રથમ આચાર્ય તરીકે બહુપ્રતિભાશાળી ડૉ. એમ.એમ. પરીખ સાહેબશ્રીએ સેવા બજાવી હતી.

શ્રી એમ.પી. શાહ કૉમર્સ કૉલેજ-સુરેન્દ્રનગર

વઢવાણ ઠાકોર સાહેબે ૧૦ એકર જમીન દાન આપેલ. જેના ઉપર જુન ૧૯૬૩માં દાતાશ્રી મેઘજી પેથરાજ શાહની મદદથી શ્રી એમ.પી. શાહ કૉમર્સ કૉલેજની સ્થાપના કરવામાં આવી હતી.

- ✦ શ્રી એમ.પી. શાહ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સુરેન્દ્રનગરની શરૂઆત ૧૯૫૮ માં કરવામાં આવી હતી. આ સંસ્થાનાં પ્રથમ આચાર્ય તરીકે શ્રી વાય.એન. દેશપાંડેએ સેવા આપી હતી.
- ✦ શ્રી એ.આર.એસ. સખીદા, સી.સી. ગેડીવાળા એન્ડ સી.સી. હોમસાયન્સ કૉલેજ-લીંબડી (૧૯૭૨)
- ✦ એસ.એસ.પી. જૈન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા (૧૯૬૪)
- ✦ શ્રીમતી એમ.એમ.શાહ કૉલેજ ઓફ એજ્યુકેશન, સુરેન્દ્રનગર પ્રથમ બી.એડ્. કૉલેજ (૧૯૭૩)
- ✦ શ્રી ડી.વી. રાવલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હળવદ (૧૯૮૬)
- ✦ શ્રી સી.યુ. શાહ પોલીટેકનીક, સુરેન્દ્રનગર (૧૯૮૪)
- ✦ શ્રીમતી સદ્ગુણાબહેન સી.યુ. શાહ હોમસાયન્સ એન્ડ સી.યુ. શાહ આર્ટ્સ એન્ડ કૉમર્સ મહિલા કૉલેજ, સુરેન્દ્રનગર (૧૯૮૮)
- ✦ શ્રીમતી વી.ડી. ગાર્ડી લૉ કૉલેજ, સુરેન્દ્રનગર (૧૯૮૮)
- ✦ દોઢીવાળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, થાનગઢ (૨૦૦૨)
- ✦ શ્રી લાડકચંદ માણેકચંદ વોરા મહિલા કૉલેજ ઓફ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાયલા (૨૦૦૭)
- ✦ શ્રી સી.યુ. શાહ મૅડિકલ કૉલેજ, સુરેન્દ્રનગર (૨૦૦૦)
- ✦ શ્રી આર.ડી. ગાર્ડી ગવર્નમેન્ટ ડીપ્લોમા ફાર્મસી કૉલેજ, લખતર
- ✦ સર્વોદય પોલીટેકનીક સંસ્થા, લીંબડી (૨૦૦૫)

# ભવ્ય ભૂતકાળ : દાજીરાજ હાઈસ્કૂલ



'નામ રહન્ત ઠાકરા, નાણા નહીં રહંત,

કીર્તિ કેરા કોટડા, પાડ્યા નહીં પંડત.'

આ ઉક્તિ મુજબ વાત કરતાં કેટલાંક નામ એવા પુણ્યશાળી હોય છે, જેને કાળની થપાટો કંપાવી દે પણ મિટાવી શકતી નથી.

આવું જ એક નામ છે 'વર્ધમાન શહેરની દાજીરાજ હાઇસ્કૂલનું'. અહીંના શિક્ષણ જગતમાં કબીરવડની ઉપમા આપીએ તો જરાય અતિશયોક્તિ નહીં ગણાય.

કદાચ કોઇને એમ લાગે કે આ હાઇસ્કૂલની આટલી બધી પ્રશંસા શા માટે ? તો મિત્રો એ માટે તમારે છેક ૧૮૮૫નો જમાનો યાદ કરવો પડે. ભાવનગર, ગોંડલ, રાજકોટ, વડોદરા જેવા મોટા રાજ્યોની તુલનાએ વઢવાણ તો નાનું રાજ્ય ગણાય. પણ એ રાજ્યોની સાથોસાથ વઢવાણની પ્રજા હાઇસ્કૂલ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે વઢવાણ સ્ટેટે ખેવના કરેલી, ચિંતા રાખેલી.

વિક્રમ સવંત ૧૯૪૧માં પ્રજાવત્સલ રાજવી શ્રી દાજીરાજબાપુનું અવસાન થયું. પછી એમના લઘુબંધુ કાળુભા ઉર્ફે બાલચંદ્રસિંહજી વઢવાણની ગાદી સંભાળી. આ રાજવીના દિલમાં જયેષ્ઠ વડીલબંધુ દાજીરાજબાપુ પ્રત્યે અપાર માન અને આદર હતા. પોતાના વડીલબંધુનું નામ કાયમ રહે તે માટે એમણે ખારવાની પોળ બહારના એક વિસ્તારને 'દાજીપરા'એ નામ આપ્યું.

એ સમયે વઢવાણમાં જન્મેલા અને વઢવાણ સ્ટેટના રાજ્યોત્સવમાં જેણે કાવ્યગાન કરેલું એવા પ્રખ્યાત કવિશ્રી દલપતરામ ડાહ્યાલાલ ત્રવાડીએ વઢવાણ રાજવી બાલચંદ્રસિંહજીને વઢવાણમાં હાઇસ્કૂલ શરૂ કરવાનું નમ્ર સૂચન કર્યું. પ્રજાપ્રેમી રાજાએ વઢવાણની પ્રજાને પણ ઉચ્ચ શિક્ષણ મળે એ માટે કવિના આ સૂચનને વધાવી લીધું અને અમલમાં પણ મુકવાની તત્કાલ તૈયારીઓ શરૂ કરાવી દીધી.

રાજમહેલની સામે જ એક વિશાળ ઇમારત હતી. જેનું નામ 'પટેલ હાઉસ' હતું. એ પટેલ હાઉસ એટલે... 'વઢવાણના ૪૨ ગામડામાંથી ખરીદી કરવા ગામડાના લોકો બળદગાડા, ઘોડા લઇને કે ચાલીને વઢવાણ શહેરમાં આવતા. હવે દૂર દૂરથી ગામડાનાં લોકો અહીં પહોંચે ત્યારે બપોરા થઇ જાય. હટાણું થવામાં મોડું થાય જ અને રાતવાસો ક્યાંક ફરજિયાત કરવો પડે. એટલે આ પટેલ હાઉસમાં રાતવાસો ગાળી આરામ કરીને બાકી ખરીદી (હટાણું) પતાવીને બીજા દિવસે પોતાના ગામડે જતાં હતાં.' આમ આ મકાનમાં જ હાઇસ્કૂલની શરૂઆત થઇ. આમ જોઇએ તો દાજીરાજ હાઇસ્કૂલને ૨૦૦ વરસના વહાંણા વાયા હશે તેવું મનાય છે.

આ હાઇસ્કૂલના પ્રથમ આચાર્યશ્રી કે.જે. દેસાઇ સાહેબ બન્યા હતાં.

દાજીરાજ હાઇસ્કૂલ માત્ર નામ નથી કે નહોતી માત્ર શૈક્ષણિક સંસ્થા.

એ જમાનામાં સમય મુજબ આ સંસ્થા આગવો ફાળો આપતી રહી છે. આઝાદીની લડત હોય કે રમતનું મેદાન. અહીંથી શૌર્ય પ્રગટ્યું છે. સમાજસેવામાં અવ્વલ સ્થાન ધરાવતી આ સંસ્થાનો સુવર્ણયુગ યાદ કરવા જેવો ખરો !

આઝાદીના સમયમાં 'કેસરી મંડળ' આ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓએ બનાવ્યું હતું. આ મંડળના સભ્યો સ્વદેશી બનાવટવાળી વસ્તુઓનો જ ઉપયોગ કરવા.

દાજીરાજ હાઇસ્કૂલના વિદ્યાર્થી એવા શ્રી શિવલાલ આઇ.એ.એસ.ની પરીક્ષા માટે વિલાયત ગયેલા અને ઝાલાવાડના પ્રથમ આઇ.એ.એસ. તરીકેનું માન શ્રી શિવલાલે મેળવ્યું હતું. તેઓ પણ કેસરી મંડળના એક સદસ્ય હતા.

જેમની સમાજસેવા સામે લોકોના મસ્તક ઝૂકી જાય છે. એ દાજીરાજ હાઇસ્કૂલના વિદ્યાર્થી હતા. એવા પરગજુ મોતીભાઈ દરજી (જેમના નામની યાદગીરી રૂપે વઢવાણમાં મોતી ચોક છે) ને સમાજ સેવા અને રાષ્ટ્ર સેવાના સંસ્કાર આ દાજીરાજ હાઇસ્કૂલમાંથી જ મળેલા.

ક્રિકેટમાં હેમુભા સાહેબ અને માવસંગ સાહેબે (મુસાબ) દાજીરાજ હાઇસ્કૂલને વઢવાણ રાજ્યમાં સારી નામના અપાવેલી. અન્ય રાજ્યોની તુલનાએ વઢવાણ રાજ્ય સમોવડું નહીં જ. છતાં વઢવાણ રાજ્યની ક્રિકેટ ટીમ એક સારી ક્રિકેટ ટીમ તરીકે તે વખતે ખ્યાતિ ધરાવતી હતી. વઢવાણ રાજ્યની ટીમ 'હીલ શિલ્ડ' તેમજ 'થોર્નલી કપ'માં પણ બરાબરના બળિયા વચ્ચે ઝળુંબીને ચેમ્પિયન બનતી હતી.

અખાડામાં લાભશંકર સાહેબ કસરતબાજ તૈયાર કરાવતા હતા. પહેલાના સમયમાં ઠેર ઠેર અખાડા હતા - પણ ખાડા નહોતા. એમાંથી કુસ્તીવીરો પેદા થતાં. તો વોલીબોલની ટીમ પણ આંતરરાજ્ય મુંબઇ સુધી રમવા જતી હતી.

શ્રી કે.એન. શાહ (આચાર્યશ્રી)ના વખતમાં દાજીરાજ હાઇસ્કૂલનો સિતારો મધ્યાહને ચમકતો હતો. શિક્ષણ, ક્રિકેટ, રમતો, સમાજસેવા, રાષ્ટ્રીય ચેતના... વગેરેમાં દાજીરાજ હાઇસ્કૂલનો દબદબો હતો.

સૌરાષ્ટ્રમાં રાજકોટ, ગોંડલ, ભાવનગર જેવા મોટા રાજ્યોમાં જ માધ્યમિક શિક્ષણની સવલતો હતી. જ્યારે વઢવાણ જેવા નાના રાજ્યમાં દાજીરાજ હાઇસ્કૂલ વઢવાણની પ્રજા અંગ્રેજીનું શિક્ષણ મેળવી શકે તે હેતુથી શાળાની સ્થાપના કરી હતી.

શ્રી દાજીરાજ હાઇસ્કૂલની સ્થાપના કરનાર બાલસિંહજીએ એને રાજ્યના ખર્ચે નિભાવવાની જોગવાઇ પણ કરી આપેલી. એમના ગયા પછી પણ શ્રી જશવંતસિંહજી, શ્રી જોરાવરસિંહજીએ પણ આ ઉમદા કાર્ય ચાલુ રાખેલું. સમય જતાં ઇ.સ. ૧૯૬૨માં 'દાજીરાજ હાઇસ્કૂલ' સરકારી હાઇસ્કૂલ મટીને તેનો વહીવટ વઢવાણ કેળવણી મંડળ (ટ્રસ્ટ)ના હાથમાં આવ્યો.

આ મહાશાળાની મમતાભરી છાયા આજેય એ દિવસોને યાદ કરે છે. તમે વઢવાણ બાજુ આવો તો આજેય દાજીરાજ હાઇસ્કૂલનું ભવન ઊભું છે. આજે પણ એ પટાંગણ તમને બોલાવે છે.

માંડવ ઠાંગો મલકમાં, જબ્બર છે જતવાડ;<br>
પાંચાળ પ્રખ્યાત ઘણો, ધન્ય હો ઝાલાવાડ.<br>
**– ભગવતદાન ગઢવી**


# શ્રી શેઠ એન.ટી.એમ. હાઈસ્કૂલ



સુરેન્દ્રનગર ખાતે મધ્યબિંદુ બનેલી આ હાઇસ્કૂલની સ્થાપના અજોડ રીતે થયેલી છે. હાલ સુરેન્દ્રનગર જિલ્લાના વહીવટી હબ બની ગયેલી આ હાઇસ્કૂલ મુંબઇના વેપારી નારણદાસ ઠાકરશી મુળજીભાઈ (વિખ્યાત ક્રિકેટર વિજય મરચન્ટનું કુટુંબ) પોતાની પુત્રી રતનબાઈની દવા કરાવવા માટે અહીં (સુરેન્દ્રનગર) આવ્યા હતા. તે વખતે અહીંની આઇરીશ મિશન હૉસ્પિટલમાં એક અંગ્રેજ ડૉક્ટર હવા એ જમાનામાં હવાફેર કરવા માટે ખાસ કરીને ટી.બી.ના દર્દીઓ માટે વઢવાણ-જોરાવરનગર-વઢવાણ કેમ્પ વગેરે આ ગામો જાણીતા બન્યા હતા. ખાસ તો અહીંનું સૂકું વાતાવરણ દરદીઓ માટે રાહતરૂપ બનતું હતું. આમેય ડૉક્ટરો ટી.બી.ના દરદીઓને હવાફેર માટે આ જગ્યાએ જવાની ખાસ ભલામણ કરતા હતા. જૂના જંકશન પાસે એક સેનેટોરિયમ પણ આ કારણે અસ્તિત્વમાં આવ્યું હતું. મુંબઇના આ વેપારીએ દીકરી રતનબાઇ સુખરૂપ સાજા થયા એટલે પાછા જતાં પહેલાં આ ગામ માટે કોઇ રીતે મદદરૂપ થવાની પોતાની ઇચ્છા દર્શાવી. આ માટે ઘણાં બધાં જુદા જુદા સૂચનો આવ્યા, પરંતુ છેવટે આ શહેરમાં હાઇસ્કૂલ શરૂ કરવા માટેનો બધાનો મત થયો અને તે મુજબની માગણી કરવામાં આવી. જેનાં અનુસંધાને નારણદાસ ઠાકરશી મુળજીભાઈ તરફથી હાઇસ્કૂલ માટે રૂ. ૫૦,૦૦૦ની એ વખતે મદદ કરવામાં આવી તેમજ પોતાની પુત્રીના નામ ઉપરથી રતનબાઇ હોસ્ટેલ બાંધવા માટે પણ તેમના તરફથી દાન આપવામાં આવ્યું. આ નાગરદાસ ઠાકરશી મુળજીભાઈ (એન.ટી.એમ.) હાઇસ્કૂલ ૯-૧૨-૧૯૨૫ના રોજ શરૂ થઇ.

# આઝાદી પહેલાં બાળકો સિગરામમાં બેસીને બાલમંદિર જતા હતા

# મહાત્મા ગાંધીએ વઢવાણના બાલમંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું








વઢવાણ શહેરમાં આઝાદી પહેલા મોન્ટેસરી પધ્ધતિથી બાળમંદિરની પ્રવૃત્તિ ધમધમતી હતી. ઇ.સ. ૧૯૨૫ થી ૧૯૪૮ સુધી વઢવાણ શહેરના બાળકો સિગરામ (ચાર પૈડાવાળી બળદગાડી)માં બેસીને બાલમંદિર જતા હતા. આ સમયે બાળમંદિરમાં બાળકોને સિંચન થતું હોવાના સ્મરણો રાજ્યભરમાં કાળ કેળવણીકારોએ તાજા કર્યા છે.

વઢવાણ શહેરમાં બાલમંદિરની પ્રવૃત્તિ સ્વાતંત્ર્ય સેનાની ફુલચંદભાઈ શાહ તથા ચીમનભાઈ વૈષ્ણવે ધોળીપોળ, દેપાળાવાડ સામે એક મકાન શરૂ કરી હતી, ત્યારબાદ રાષ્ટ્રીય શાળાના ઉપક્રમે ૨૧-૨-૧૯૨૫ માં મોન્ટેસરી પધ્ધતિના બાળમંદિરનું ઉદ્‌ઘાટન પૂ. મહાત્મા ગાંધીના હસ્તે થયું હતું.

વઢવાણના પ્રજાપ્રેમી રાજવી જોરાવરસિંહજીએ યુવરાજ સુરેન્દ્રસિંહજીના જન્મદિનની ખુશાલીમાં આ બાલમંદિર સ્ટેટ હસ્તક લીધું હતું. આ બાલમંદિર માજેશ્વર બાગ હાલની વિકાસ વિદ્યાલય સંસ્થામાં શરૂ થયું હતું. વઢવાણ શહેરમાં બાળકોને યોગ્ય બાળ શિક્ષણ મળે તે માટે બાળકોના લાવવા-લઇ જવા માટે બે બળદ ખેંચતા હોય તેવા બે સિગરામની રાજ્ય તરફથી સગવડ કરવામાં આવી હતી.

# બાળ કેળવણીકારો ઘેર-ઘેર જઈ બાળકોને તેડીને બાલમંદિર લઈ જતા




વઢવાણ શહેરના ઐતિહાસિક બાલમંદિરમાં લેરાભાઈ ભોગીભાઈ પરીખ, પશુભાઈ ભાથી, વજુભાઈ દેપાળા, વજુભાઈ દવે, કુ. શાંતાબેન ચૂડગર જેવા બાળ કેળવણીકારો શહેરની શેરીઓમાં ઘેર ઘેર જઇ બાળકોને પ્રેમપૂર્વક તેડી બાલમંદિરમાં લઇ જતા હતા. બાળમંદિરમાં બાળકોને હસાવી, રમાડી, શુધ્ધ-સાત્વિક નાસ્તો પીરસી, સ્વચ્છતાને સત્યતાના ઉત્તમ સંસ્કારોનું સિંચન કરવા હતા. ઇ.સ. ૧૯૩૯થી બાળ કેળવણીકારે ગિજુભાઈ બધેકાના માર્ગદર્શનના દક્ષિણામૂર્તિ જેવું જ જોરાવરસિંહજી બાલમંદિરમાં બાળકોને શિક્ષણ આપવામાં આવતું હતું.

## આઝાદી પછી રાજાશાહી મીની બસનો ઉપયોગ થતો હતો

ભારત દેશ આઝાદ થતાં ૧૯૪૮ પછી બાળકોને લેવા મૂકવાની સિગરામને બદલે રાજાશાહી વખતની મીની બસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ મીની બસ ફકીરભાઈએ આજીવન કાળજીપૂર્વક ચલાવી હતી. આ રાજાશાહી મીની બસની ફકીરભાઈ અને કુ. શાંતાબેન ચૂડગરની શેરીએ રાહ જોવાતી હતી. રાજ્યભરના કેળવણીકારો વઢવાણ શહેરમાં આઝાદી પહેલા અને આઝાદી પછીના બાળ કેળવણીની તુલના કરતા જોવા મળ્યાં હતાં. ૫૦ વર્ષ પહેલા આ બાલમંદિરમાં શિક્ષણ મેળવનાર ડૉક્ટરો, વકીલો, રાજકીય અને સામાજિક આગેવાનો પણ વર્તમાન સમયના બાળકેળવણીના તુલનાએ ૫૦ દાયકા પહેલાના બાળશિક્ષણની પ્રશંસા કરે છે.

# શ્રી વઢવાણ કેળવણી મંડળ

શ્રી વઢવાણ કેળવણી મંડળની સ્થાપના નવેમ્બર ૧૯૨૧માં થઇ હતી. ત્યારે આ સંસ્થા વઢવાણ ગામમાં ચાલતી હતી. ત્યારબાદ તા. ૨૧-૨-૧૯૨૫ની સાલમાં રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીના વરદ્ હસ્તે વઢવાણ-જોરાવરનગર રોડ ઉપર ઘરશાળાના મકાનનું ખાતમુહૂર્ત થયું અને તે જ દિવસે બાળમંદિર અને પુસ્તકાલયના મકાનના ખાતમુહૂર્ત થયા. આ સંસ્થાના પાયામાં ગાંધી વિચારને સમર્પિત એવા સ્વ. શ્રી ફુલચંદભાઈ, સ્વ.શ્રી ચીમનભાઈ અને સ્વ.શ્રી શિવાનંદજીએ આ ઝાલાવાડની ભૂમિ પર શિક્ષણ સાથે રાષ્ટ્રીય જાગૃતિનું કાર્ય શરૂ કર્યું. ત્યાર બાદ આઝાદી પછી ૧૯૫૩ થી સ્વ.શ્રી રસિકભાઈ પરીખના પ્રમુખ સ્થાને કેળવણી મંડળ કાર્યરત થયું અને પ્રવૃત્તિનો વ્યાપ્ત વધતો ગયો. વઢવાણ-જોરાવરનગર-સુરેન્દ્રનગર ઉપરાંત લીંબડી અને ધ્રાંગધ્રા તાલુકામાં પણ કેળવણી મંડળે પ્રવૃત્તિ શરૂ કરી. આ બધી પ્રવૃત્તિઓમાં સંચાલન સ્વ.શ્રી પ્રાણભાઈ આચાર્ય, સ્વ.શ્રી ભોગીભાઈ પરીખ, સ્વ.શ્રી વજુભાઈ દવે અને સ્વ.શ્રી રામનારાયણ ના. પાઠક જેવા કેળવણીકારોનું માર્ગદર્શન મળી રહેતું હતું.

સંસ્થાનો વધુ વિકાસ થાય અને આર્થિક સંપન્ન બને તે માટે વઢવાણના નામદારશ્રી ઠાકોર સાહેબ સ્વ.શ્રી સુરેન્દ્રસિંહજી શિક્ષિત રાજવી હોય શિક્ષણના પ્રોત્સાહન માટે ૧૦૦ એકર જેવી કિંમતી જમીન કે જેની કિંમત આજે કરોડોમાં આંકી શકાય તેવી જમીન આઝાદી બાદ શૈક્ષણિક હેતુ માટે આપીને પ્રજા પ્રત્યેના વાત્સલ્યનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડેલ છે. આ સંસ્થા ગાંધી વિચારને વરેલી હોય ખાસ કરીને પછાત વર્ગના બાળકોને શિક્ષણ આપી સુસંસ્કારોનું સિંચન કરતી સુરેન્દ્રનગર જિલ્લાની સૌથી જૂની સંસ્થા છે. આ સંસ્થામાં બાલમંદિરથી લઇને હાઇસ્કૂલ સુધીનું શિક્ષણ તથા નિવાસી શાળાની સુવિધા ઉપલબ્ધ છે. સાથે સાથે વિદ્યાર્થીઓને ઉદ્યોગ પ્રવૃત્તિ પૂરી પાડવા માટે ખેતીવાડીના વિષય તથા ટેકનીકલ તાલીમ જેવા કે વાયરમેન ક્લાસ, શિવણ ક્લાસ વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે. તદ્ઉપરાંત છેલ્લા ૪૨ વર્ષથી બાલવાડી, સંસ્કાર કેન્દ્ર, શિશુકુંજ, વિનય મંદિર હાઇસ્કૂલ તથા શ્રી દાજીરાજ હાઇસ્કૂલનું સંચાલન શ્રી વઢવાણ કેળવણી મંડળ દ્વારા થાય છે.

વઢવાણ કેળવણી મંડળની સ્થાપના ઇ.સ. ૧૯૨૧માં ૧૮ બાળકોથી થઇ. રાષ્ટ્રના ઘડતરમાં પોતાનો મૂલ્યવાન ફાળો આપી શકે એવી કેળવણીના હેતુથી ઘરશાળાથી વઢવાણ કેળવણી મંડળની સંસ્થાની પ્રથમ પણ અડગ ઇંટ મુકાઇ. આનંદ

અને ગૌરવની વાત એ છે કે આ રાષ્ટ્રીય શાળાનું ખાતમુહૂર્ત પૂ. મહાત્મા ગાંધીજીના હસ્તે થયું હતું. તત્કાલીન સામાજિક રૂઢીઓથી પર થઇને વિદ્યાર્થીઓમાં સમભાવ, રાષ્ટ્રપ્રેમ અને ઉદ્યમ કેળવાય તે હેતુથી આ સંસ્થા શરૂ થઇ.

સૌ પ્રથમ વઢવાણમાં શરૂ થયેલ રાષ્ટ્રીય શાળા અને ત્યારબાદ શિક્ષણ માટેની બીજી શાખાઓ બનતી ગઇ. આ મંડળના આદ્યસ્થાપકો અને ઘડવૈયાઓમાં સ્વ. ફુલચંદભાઈ કસ્તુરચંદ શાહ, સ્વ. ચીમનભાઈ માધવરામ વૈષ્ણવ અને સ્વ. શિવાનંદજી હતા.

**વઢવાણ કેળવણી મંડળ હેઠળ ચાલતી સંસ્થાઓ :**

૧. બાલમંદિર - વઢવાણ

૨. વિનય મંદિર - વઢવાણ

૩. ખેતીવાડી હાઇસ્કૂલ

૪. ઉદ્યોગ તાલીમ - વઢવાણ

૫. સાર્વજનિક છાત્રાલય - વઢવાણ

૬. સંસ્કાર કેન્દ્ર - વઢવાણ

૭. શિશુકુંજ - વઢવાણ

૮. ખેતી સહાયક કેન્દ્ર - વઢવાણ

૯. મધુકાન્ત બાલમંદિર - જોરાવરનગર

૧૦. શિશુકુંજ - સુરેન્દ્રનગર

૧૧. સંસ્કાર કેન્દ્ર - સુરેન્દ્રનગર

૧૨. સાર્વજનિક છાત્રાલય - ધ્રાંગધ્રા

૧૩. સાર્વજનિક છાત્રાલય - લીંબડી

૧૩. સંસ્કાર કેન્દ્રો - લીંબડી, રાણાગઢ, પાણશિણા

૧૪. ખેતી સહાયક કેન્દ્ર - ફૂલગ્રામ

૧૫. સર્વોદય આશ્રમ - ફૂલગ્રામ

# સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટી, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના મુખ્ય મથક એટલે કે સુરેન્દ્રનગર શહેરના શિક્ષણોત્સુક વિદ્યાર્થીઓને સારી કેળવણી આપવાના ઉદ્દેશથી સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટીની શરૂઆત થઇ. આ મંડળની સ્થાપના ઇ.સ. ૧૯૫૮માં સ્વ.શ્રી ઘનશ્યામભાઈ ઓઝાના પ્રમુખસ્થાને થઇ હતી. આ સોસાયટીના સર્જનમાં ચંદુલાલ સુખલાલ મહેતાનું યોગદાન મહત્ત્વનું હતું.

**સોસાયટીએ અનેક શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી છે, તે જાણીએ.**

| | |
|---|---|
| શ્રી જવાહરલાલ નહેરૂ વિવિધલક્ષી વિદ્યાલય | ૧૮૫૮ |
| શ્રી એમ.પી. શાહ કૉમર્સ કૉલેજ | ૧૯૬૩ |
| શ્રી આર.પી.પી. ગર્લ્સ હાઇસ્કૂલ અને | |
| શ્રી એસ.જી. શાહ હાયર સેકન્ડરી સ્કૂલ | ૧૯૫૬ |
| શ્રી સી.પી. ઓઝા શારદા મંદિર | ૧૯૭૧ |

**શ્રી રતિલાલ વર્ધમાન શાહ શૈક્ષણિક યુનિટ**

| | |
|---|---|
| શ્રી મણિલાલ કોઠારી બાલમંદિર | ૧૯૪૪ |
| શ્રી ફુલચંદભાઈ શાહ કુમાર મંદિર | ૧૯૬૭ |
| શ્રી કિરચંદભાઈ કોઠારી મિડલ સ્કૂલ | |
| શ્રી સંસ્કાર કેન્દ્ર | ૧૯૫૬ |
| શ્રી એમ.ટી. દોશી કન્યા છાત્રાલય | |
| શ્રી એમ.એલ. દોશી સ્ત્રી બુનિયાદી અધ્યાપન મંદિર | ૧૯૬૦ |
| શ્રી એચ.એસ. ધ્રુવ પ્રાથમિક શાળા | ૨૦૦૦ |
| શ્રી સી.યુ. શાહ વિદ્યાલય પ્રાથમિક શાળા | ૧૯૯૪ |
| શ્રી સી.યુ. શાહ બાલમંદિર | ૧૯૯૨ |
| શ્રી બાલુબા ઝાલા બાલવાડી | ૧૯૮૭ |
| શ્રી ઇંગ્લિશ મિડીયમ પ્રાયમરી સ્કૂલ | ૧૯૯૯ |
| શ્રી સી.યુ.શાહ સ્પોટ્ર્સ એન્ડ હેલ્થ સેન્ટર | ૧૯૯૨ |
| શ્રી શાંતિલાલ ગિરધરલાલ શાહ બાળ પુસ્તકાલય | ૧૯૯૬ |
| શ્રી બી.બી.એ. કૉલેજ | ૨૦૦૭ |
| ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ. સેન્ટર | ૨૦૦૨ |

શ્રી સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટી દ્વારા બાલ શિક્ષણથી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું સંચાલન થાય છે. સોસાયટીનું નામ પડતાં જ એક હૂંફ વર્તાય છે. કદાચ એ હૂંફ શિક્ષણક્ષેત્રે પાયો બની પ્રવૃત્ત રહેતા ઇંટ સમાન દરેક કાર્યકરના પરિશ્રમની છે. કર્મચારીઓની નિષ્ઠાવાન સેવા પ્રેરતું આ વાતાવરણ અદ્‌ભુત છે. અહીં પોતાના કાર્ય માટેનો સંતોષ, સદ્‌ગુણોના વિકાસ અને પ્રસાદ માટેની તક શ્રેષ્ઠ રીતે પ્રાપ્ત થાય છે.

# પુસ્તકાલયો

## રાષ્ટ્રીય પુસ્તકાલય-વઢવાણ

આ પુસ્તકાલય મુખ્ય બજારમાંથી મોચીવાડના રસ્તે જતા જ આવેલું છે. રાષ્ટ્રીય પુસ્તકાલયની સ્થાપના આશરે દોઢસો વર્ષ પહેલાં થઇ હતી.

મોતીભાઈએ 'ધર્મ પુસ્તકાલય'ના નામથી વઢવાણમાં આ જ્યોત જલાવી. એમના અવસાન પછી ત્રંબકલાલ ગુલાબચંદ વોરાએ આ પુસ્તકાલય શિવા શુક્લની શેરીમાં ચલાવ્યું. એમના પછી ભુદરલાલ કસ્તુરચંદ વોરાએ નાથાવોરાની શેરીમાં આ પુસ્તકાલય ચાલુ રાખ્યું. 'વઢવાણ મિત્ર મંડળ' પત્રિકાના તંત્રી શ્રી પ્રાણલાલ વીરચંદ વોરાએ ઇ.સ. ૧૯૩૦ થી ૧૯૪૨ સુધી વઢવાણ યુવક સંઘની ઑફિસમાં 'ધર્મ પુસ્તકાલય' ચાલુ રાખ્યું.

શ્રી સુખલાલ ઓઘડદાસ શાહે માંડવીના ચોકમાં આ પુસ્તકાલયને ઇ.સ. ૧૯૪૫માં 'રાષ્ટ્રીય પુસ્તકાલય'નું નામ આપીને ચાલુ રાખ્યું. એમણે ફંડ કરીને નવા પુસ્તકો વસાવ્યા. છેલ્લે તેઓ વઢવાણ છોડીને સુરેન્દ્રનગર રહેવા ગયા. પછી પણ નિયમિત રીતે વઢવાણ આવીને આ પુસ્તકાલય ચલાવતા.

શ્રી સુખલાલના અવસાન પછી પણ કેટલાક ભાવનાશાળી અને સાહિત્ય શોખીન દ્વારા આ પુસ્તકાલય ચાલુ રખાયું છે. જે આજે પણ ચાલુ છે. સંચાલન ખાનગી ટ્રસ્ટ કરે છે. દર મહિને નવા પુસ્તકોની ખરીદી થાય છે. સુંદર અને સ્વચ્છ વહીવટ છે. આ ગ્રંથાલયમાં ૭૫૦૦ પુસ્તકો છે. જેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાના પુસ્તકો છે. ઇતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજવિદ્યા તેમજ રાજકારણ અંગેના પુસ્તકો તથા કિંમતી અને અમૂલ્ય સંદર્ભગ્રંથો આ પુસ્તકાલયમાં સંગ્રહીત છે.

## શ્રી સી.યુ. શાહ શબ્દલોક

સ્થાપના : ૧૯૮૨-૯૩

શ્રી મહંમદભાઈ માંકડ ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ બનતા સુરેન્દ્રનગરમાં તેમનું સન્માન યોજાયું. તે વખતે તેમણે કહ્યું, સુરેન્દ્રનગરમાં સાહિત્યની પ્રવૃત્તિ થાય તો સારૂં. તે વખતે સુરેન્દ્રનગરના સાહિત્ય પ્રેમીઓએ તેમની વાત સ્વીકારી અને આ દિશામાં વિચારવાનું શરૂ કર્યું તેમાં પૂજ્યશ્રી નાગજીભાઈ દેસાઇ, શ્રી નટુભાઈ મહેતા, શ્રી ભાનુભાઈ શુક્લ, ડૉ. પી.એન. ખારોડ, ડૉ. પી.સી. શાહ,

શ્રી ભૂપેન્દ્રભાઈ દવે, શ્રી ચંદ્રકાન્તભાઈ દોશી, શ્રી હસુભાઈ વોરા અને સાહિત્ય પ્રેમીઓના સહકારથી શબ્દલોક સંસ્થાની સ્થાપના થઇ. જેના સ્થાપક પ્રમુખ તરીકે શ્રી નાગજીભાઈ દેસાઇ, મંત્રી તરીકે નટુભાઈ મહેતા નટુભાઈ તેમજ ઉપરોક્ત સાહિત્ય રસિકોના શબ્દલોકના સભ્યપદે રહી મેળાના મેદાનમાં સુરેન્દ્રનગર નગરપાલિકાએ જમીન ફાળવતા ત્યાં અદ્યતન મકાન બનાવવામાં આવ્યું.

શબ્દલોકમાં લાયબ્રેરી શરૂ કરવામાં આવી. તે પહેલા સંસ્કાર સોસાયટીમાં શ્રી નટુભાઈ મહેતાના મકાનમાં ઉપરના હોલમાં ચાલતી હતી. તે શબ્દલોકનું નવું મકાન બન્યું, તેમાં ફેરવવામાં આવી. આ લાયબ્રેરીમાં સાહિત્યના પુસ્તકો મોટી સંખ્યામાં મંગાવવામાં આવ્યા. દરેક પ્રકારના મેગેઝીન મંગાવવામાં આવતા અને આ નવા મકાનમાં લાયબ્રેરી શરૂ થતાં સુરેન્દ્રનગરના લોકો માટે સાહિત્યપ્રેમીઓ માટે સુંદર વ્યવસ્થા ઊભી થઇ અને લોકો તેનો લાભ લેતા થયા.

આમાં સંસ્થામાં સાહિત્યને લગતા કાર્યક્રમો પણ યોજાવા લાગ્યા. ઘણા સાહિત્યકારોએ આ શબ્દલોક સંસ્થામાં પધારીને સુરેન્દ્રનગરના લોકોને તેમના જ્ઞાનનો લાભ આપ્યો. સમય જતાં તેના વિકાસ માટે શ્રી નાગજીભાઈ દેસાઇએ માનનીય શ્રી સી.યુ. શાહ પાસેથી રૂપિયા પાંચેક લાખનું દાન મેળવી સંસ્થા સાથે તેમનું નામ જોડ્યું અને સી.યુ. શાહ શબ્દલોક નામની સંસ્થાએ નવું ક્લેવર મેળવી પ્રવૃત્તિને વેગ મળ્યો. હાલમાં લાયબ્રેરી અને સાહિત્યની અન્ય પ્રવૃત્તિઓ ચાલુ છે.

**શબ્દલોકની અન્ય પ્રવૃત્તિઓ :**

સાહિત્યકારોને બોલાવી આ સાહિત્યને લગતા પ્રવચનો, વાર્તા સ્પર્ધાઓ, કાવ્ય પઠન અને સ્પર્ધાઓ સાહિત્યને લગતી પ્રવૃત્તિઓ આ સંસ્થામાં યથાય છે. આ સંસ્થા ઊગતા સાહિત્યકારોને ઘણું માર્ગદર્શન આપે છે.

## ઊર્મિસરોજ મહિલા અને પદ્મશ્રી જગદીશ ત્રિવેદી બાળ પુસ્તકાલય-સુરેન્દ્રનગર

**આરંભ તા. ૧૬-૬-૨૦૧૬**

૨૦, શારદા સોસાયટી, જીનતાન રોડ, સુરેન્દ્રનગરના એક ઓરડામાં ૨૫૦ પુસ્તકોથી મહિલાઓ માટે અને ૧૦૦ પુસ્તકોથી બાળકો માટે પુસ્તકાલયની શરૂઆત થઇ.

મહિલાઓ અને બાળકોનો ઉત્સાહ જોઇ ઊર્મિસરોજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

જીનતાન ઉદ્યોગનગરના બગીચામાં પાકું મકાન ૨૦ ફૂટ દ ૭૦ ફૂટનો હોલ તથા સ્ટેજ સાથે ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવ્યું નવા મકાનનું ઉદ્ઘાટન તા. ૨૩-૧૨-૨૦૧૯ સોમવાર સવારે થયું. અત્યારે (વર્ષ-૨૦૨૧માં) આ પુસ્તકાલયમાં ૨૦૦૦થી વધુ પુસ્તકો, મેગેઝીનો, ચાર મોટા રીડીંગ ટેબલ, ખુરશીઓ, છાપા રાખવાના સ્ટેન્ડ વગેરે જનતા માટે તદ્દન નિઃશુલ્ક છે.

અહીં બહેનોને તથા બાળકોને કોઇપણ જાતની ફી કે ડીપોઝીટ લીધા વગર પુસ્તકો વાંચવા માટે આપવામાં આવે છે. તદુપરાંત પરીક્ષાર્થી બહેનો પોતાની પરીક્ષાલક્ષી તૈયારી પણ આ ગ્રંથાલયમાં કરે છે.

સમયાંતરે મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે રંગોળી, મહેંદી, વાનગી અને કેશગૂંથણ જેવી સ્પર્ધાઓના આયોજનો થાય છે. ઉપરાંત બાળકોને પ્રોત્સાહન આપવા માટે ચિત્ર, લીંબુ ચમચી, ફ્રોગરેસ (દેડકા દોડ) અને કોથળાદોડ જેવી સ્પર્ધાઓના આયોજન થયા છે. ઊર્મિસરોજ ટ્રસ્ટ તરફથી પ્રોત્સાહક ઇનામો પણ આપવામાં આવે છે.

આ ગ્રંથાલયમાં નવલકથાકાર દેવશંકર મહેતા વ્યાખ્યાનમાળા અંતર્ગત ખ્યાતનામ સાહિત્યકારોના પ્રવચન યોજવામાં આવે છે, જેનો લાભ આ વિસ્તારનાં તમામ સાહિત્યરસિકો નિઃશુલ્ક લઇ શકે છે. આ પુસ્તકાલયના પટાંગણમાં પુસ્તક વિમોચન, સાહિત્ય સંગોષ્ઠી અને કવિ સંમેલન જેવા કાર્યક્રમો સમયાંતરે ગોઠવવામાં આવે છે.

**શ્રી જોરાવરસિંહ પુસ્તકાલય :**

આ પુસ્તકાલય મસ્જિદ ચોકમાં દેના બેંક સામે આવેલું છે. આ પુસ્તકાલયનું નામ જોરાવરસિંહજીના નામ પરથી રાખવામાં આવેલું છે. જેનું સંચાલન નગરપાલિકા કરે છે. આ પુસ્તકાલયના હાલના ગ્રંથપાલ મહાવીરસિંહ જાડેજા છે. આ પુસ્તકાલયમાં ૧૩,૯૩૩ પુસ્તકો છે અને તેના સભ્યો ૪૧૪ છે.

**લુકાસ લાઇબ્રેરી–ખારાઘોડા :**

પુસ્તકો માનવીના સાચા માર્ગદર્શક અને ગુરૂ છે. એ બધા જાણે છે, પરંતુ ડિઝિટલાઇજેશનના આ જમાનામાં માધ્યમનું સ્વરૂપ બદલાતા લોકો કોમ્પ્યુટરની નજીક અને પુસ્તકોથી દૂર થતા જાય છે. લોકોના ઘરોમાં પહેલાની જેમ પુસ્તકોથી શોભતા કબાટો હવે ઓછા જોવા મળે છે. ત્યારે લાઇબ્રેરીઓની દશા પણ

મુરતિયાઓની રાહ જોતી સોળ શણગાર સજીને બેઠેલી કન્યાઓ જેવી છે. આજે લાયબ્રેરીઓ ઘણી છે, પણ એમાં સચવાયેલા અમૂલ્ય પુસ્તકોના ડોકિયું કરનારા હવે નથી મળતા. આ વાતને સ્વીકારવી પડે એવો ઇતિહાસ નવાગામ ખારાઘોડામાં આવેલી લુકાસ લાઇબ્રેરીનો છે. કચ્છના નાના રણની કળા, સંસ્કૃતિ અને લોકજીવનની ઝીણામાં ઝીણી અભ્યાસ નોંધોને સંઘરીને બેઠેલી આ લાઇબ્રેરીની સ્થાપના ૧૯૧૦માં લુકાસ નામના અંગ્રેજ અધિકારીની યાદમાં કરવામાં આવેલી. વિશાળ સેન્ટ્રલ હોલ અને પૂરતા હવાઉજાસ વચ્ચે અહીં કેટલાક પુસ્તકો સ્ટીમર દ્વારા લાવવામાં આવ્યા હતા. એ સમયે બધા પુસ્તકો અંગ્રેજીમાં હતા, પણ પછી એમાં ગુજરાતી ભાષાના ઘણા પુસ્તકોનો પણ સંગ્રહ કરાયો હતો. આ વિસ્તારમાં અંગ્રેજોએ મીઠાનો વેપાર ચાલુ કર્યો એ પૂર્વે વિલિયમ્સ નામના અધિકારીએ આ વિસ્તારનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો અને 'વિલિયમ્સ ઓથર' નામનું પુસ્તક લખ્યું છે. જે અહીં સચવાયેલું છે. હાલમાં હિન્દુસ્તાન સોલ્ટ નામની કંપની આ પુસ્તકાલયની દેખરેખ રાખે છે. પણ 'ખાટલે મોટી ખોટ' કહેવતની માફક જે લાઇબ્રેરીમાં પ્રવેશવા એક જમાનામાં લાઇનો લાગતી ત્યાં આજે રોજના માંડ બે-ચાર પુસ્તક શોખીનો જ આવે છે. અજોડ ઇતિહાસ અને સંસ્મરણો સાચવીને બેઠેલી આ શતાયુ લાયબ્રેરી વાચકો, ઇતિહાસવિદ્દો અને કલારસિકોને યાદ કરી રહે છે.



# વઢવાણ

વઢવાણ મારૂં વતન હતું એટલે ગામમાં જ નોકરી કરવાની હોય તો ગમે એ તો હતું જ. ઉપરાંત અસહકાર કરીને, સરકારની ગ્રાન્ટ લેતી શાળાની નોકરી છોડીને વિરમગામની રાષ્ટ્રીય શાળામાં કામ કરતો હતો ત્યાંથી વઢવાણમાં રાષ્ટ્રીય શાળામાં જ નોકરી કરવાનું થતું તે પણ ગમતી વાત હતી. વધારામાં વઢવાણની શાળામાં જે શિક્ષકો હતા તેમાંના લગભગ બધા જ મારા મિત્રો હતા એથી પણ હોંશભર્યો હું વઢવાણ આવ્યો.

પહેલે દિવસે શાળામાં હાજર થવા ગયો ત્યારે જે ડેલામાં શાળા ચાલતી હતી એ ડેલો જોઇને નાસીપાસ થવાનું મારે કોઇ કારણ ન હતું. વિરમગામમાં અમે જ્યારે નવી શાળા શરૂ કરી ત્યારે અમારે મુનસર તળાવની પાળે આવેલા મંદિરમાં જ શાળાની શરૂઆત કરવી પડી હતી. આલિશાન મકાન હોય, વિદ્યાર્થીઓને બેસવા બાંકડા હોય તેને આવશ્યક અને અનિવાર્ય જરૂરિયાત ગણવાનું છોડી દીધું હતું અને વઢવાણના લોકો જેને 'રાંકાનો ડેલો' કહીને ઓળખતા એ ધર્મશાળામાં કામ કરવાની મજા આવશે એવી માનસિક તૈયારી સાથે પહેલા દિવસે હું એ ડેલામાં દાખલ થયો, પણ ત્યાં કામ કરવાને હજુ વાર હતી. અમારા આચાર્ય ચમનભાઈ વૈષ્ણવે મારી કસોટી કરવાનું નક્કી કરી રાખ્યું હતું તેની મને ખબર ન હતી. શાળામાં હાજર કરીને ચીમનભાઈએ મને ગામમાં, દેપાળા શેરી પાસે ચાલતી આ શાળાની બાળવર્ગ શાખામાં કામ કરવા મોકલી આપ્યો.

ત્યાં ત્રણ વર્ગો હતા. સૌથી નાનામાં નાના બાળકોના વર્ગમાં મારે શિક્ષક તરીકે જવાનું હતું. આ નાનકડા ભુલકાઓને શું ભણાવાય અને કેવી રીતે ભણાવાય તેની કશી જ ખબર નહીં. છોકરા કોઇ રડે, ઝઘડે ત્યારે પાસેના વર્ગમાંથી પ્રાણશંકર મો. ત્રિવેદી જેમને ત્યાં બધા પ્રાણભાઈ મૂછાળા કહેતા, તે આવે અને મારા વર્ગના વિદ્યાર્થીઓને હસાવી જાય. લહેરમાં લાવી જાય અને પાછા જેવા તે જાય કે તુરત મારો વર્ગ પહેલા હતો તેવો થઇ જાય. પ્રાણભાઈ શું કરતા તેથી વર્ગ શાંત થઇ જતો અને આનંદમાં આવી જતો તે મારાથી સમજી શકાતું ન હતું. મને એટલું સમજાયું કે પાંચ-સાત વર્ષની ઉંમરનાં બાળકોને ભણાવવા માટે હું નકામો હતો. તેમને ભણાવતાં મને આવડતું ન હતું. સાંજે શાળા છૂટે ત્યારે હું ખૂબ થાકી જતો એવું યાદ છે. મેટ્રિક સુધી

ભણેલો હોય તે, ગુજરાતી ભણેલા કરતાં વધારે સારો શિક્ષક થઇ શકે એવું ઊંડે ઊંડે મારામાં અભિમાન હશે એમ લાગે છે, અને આ અભિમાન થોડા જ દિવસમાં ઉતરી ગયું. પ્રાણભાઈ ત્રિવેદી અને પેલા લ્હેરાભાઈ મારા કરતા ચડિયાતા છે - શિક્ષક તરીકે ચડિયાતા છે તેવું મે સ્વીકારવા માંડ્યું.

ચીમનભાઈ વૈષ્ણવે મને આ બાળવર્ગમાં મુક્યો તેની પાછળ કારણ હશે જ. પહેલે દિવસે શાળામાં હાજર થવા ગયેલો હું બાળવર્ગમાં કામ કરતો હું એ વ્યક્તિઓમાં થયેલા ફેરફારને તેમણે જોઇ લીધો હશે અને બાળવર્ગના બાળકો હિતને તેમજ મારા પોતાના હિતને પણ નજરમાં રાખીને પૂરૂં એક અઠવાડિયું પણ નહીં થયું હોય ત્યાં તેમણે મને વિનય મંદિરમાં પેલા રાંકાના ડેલામાં ચાલતી શાળામાં કામ કરવા બોલાવી લીધો અને અઠવાડિયાના અનુભવે નમ્ર બનેલો હું વિનય મંદિરના શિક્ષક તરીકે હાજર થયો.

વિનય મંદિરમાં ચીમનભાઈ હતા, ડાહ્યાભાઈ જાની હતા, વજુભાઈ દરે હતા, પથુભાઈ હતા, અમૃતલાલ આચાર્ય હતા. લગભગ બધાને મારા હાઇસ્કૂલના દિવસોથી હું ઓળખતો. મોતીભાઈની દુકાને અમે સાથે બેસતા, ધર્મ પુસ્તકાલયમાં અમે સાથે કામ કરતા. નારદભાઈની વાવમાં સાથે ન્હાવા જતા. કાનેટીનો કૂવો ગાળવા આવા જૂના મિત્રો સાથે કામ કરવાનું આવ્યું પણ આજ સુધી પેલી તાલુકદારી ગિરાશિયા સ્કૂલમાં, ચિખલીની મિડલ સ્કૂલમાં અને વિરમગામની એમ.જે. હાઇસ્કૂલ કે ત્યાં અમે શરૂ કરેલી રાષ્ટ્રીય શાળામાં હું જે રીતે કામ કરતો તેમાં અને વઢવાણના વિનય મંદિરમાં જે રીતે બધા શિક્ષણનું કામ કરતા તેમાં ઘણો મોટો તફાવત હતો.

વઢવાણની રાષ્ટ્રીય શાળામાં દાખલ થતાં જ મને ચીમનભાઈએ બોલાવીને જે પહેલી વાત કરી તે એ હતી કે શાળાના કોઇપણ વિદ્યાર્થીને તુંકારે બોલાવવાનો નહીં, બલકે વિદ્યાર્થીઓને માન દઇને બોલાવવા જોઇએ. મણિલાલને, મણિભાઈ, રતિલાલને રતિભાઈ, અમૃતને અમૃતભાઈ કહીને જ બોલાવવા જોઇએ. શારીરિક શિક્ષા કોઇપણ સંયોગોમાં કદી કોઇપણ વિદ્યાર્થીને કરી શકાય જ નહિ એવો નિયમ હતો તેની પણ મને તેમણે વાત કરી. એક દિવસ પાણીની તરસ લાગતા મેં એક વિદ્યાર્થીને પાણી લઇ આવવા મોકલ્યો, તે જોઇ એ વિદ્યાર્થીને ખુદને નવાઇ લાગી. મને પછી ખબર પડી કે ગમે તેવું નાનું અંગત કામ વઢવાણની રાષ્ટ્રીય શાળાના કોઇ શિક્ષક વિદ્યાર્થી પાસે કરાવતા નહીં. માતા પોતાના બાળકને માન દઇને બોલાવતી નથી.

કોઇવાર સજા પણ કરે છે, એવી દલીલ કરીને વિદ્યાર્થીને માન દઇને બોલાવવા એવો શા માટે આગ્રહ રાખવો એવું અમે કોઇએ કદી ચીમનભાઈને પૂછ્યું હોય તેવું યાદ નથી. ચીમનભાઈ કહેતાઃ આપણી પાસે વર્ગમાં ભણવા વિદ્યાર્થીઓમાંથી કોઇ ભાવિ મહાપુરૂષ નહીં હોય તે આપણે જ્યાં જાણીએ છીએ ? ભવિષ્યમાં આપણો વિદ્યાર્થી દેશનો નેતા થાય, આગળ પડતો પ્રતિષ્ઠિત નાગરિક થાય ત્યારે આપણને એ વાતનું દુઃખ થાય કે આને હું તુંકારે બોલાવતો એ પરિસ્થિતિ ઊભી ન થાય તેવું આપણે કેમ ન કરીએ ?

ગૌર વર્ણ, પાતળો સુકલકડી દેહ, રૂપેરી ફ્રેમનાં ચશ્માં પાછળથી વાત્સલ્ય નીતરતી આંખો અને સાંભળ્યાં જ કરવાનું મન થાય તેવી એમની વાણી એવા ચીમનભાઈએ શાળામાં એક જાદુ કર્યો હતો, એક ચમત્કાર કર્યો હતો. એ જે કાંઇ કહે તે કરવા અમે બધા તૈયાર રહેતા. ‘વહેલા સવારે ઊઠીને શાળાએ આવો અને ત્યાં શિક્ષણ શાસ્ત્રના ચાલતા અભ્યાસમાં જોડાવ’ એવું રહે તો અમે તેને ફતવો ન માનતા, તે અમને આજ્ઞા પણ ન લાગતી અને અમે તેમ કરતા. અભ્યાસ પૂરો થાય એટલે વિદ્યાર્થીઓ સાથે રમવા જવાનું કહે તો કછોટો મારીને રમવા જતા અને એ સુકોમળ ચીમનભાઈને રમતા જોઇ રહેતા અને અમારો થાક ઉતરી જતો. લાંબી પરશાળના દખણાદા ખૂણે આવેલી નાની અંધારી ઓરડીમાં નાનકડા ઢાળિયા સામે કોથળો પાથરીને બેસી લખતા ચીમનભાઈ કે ચાલુ વર્ગે કોઇવાર આવીને એક બાજુ વિરુધ્ધ દિશામાં ઊભા રહી અમને વર્ગમાં શીખવતા સાંભળતા ચીમનભાઈ અને વિદ્યાર્થીઓ સાથે રમતા રમતા પસીનાથી રેબઝેબ થતા ચીમનભાઈ બંને એક જ વ્યક્તિ છે કે જુદી જુદી વ્યક્તિઓ છે તેવી પણ કોઇવાર અમને શંકા થતી.

રમતના મેદાનમાંથી પાછા આવીને અમે ઘેર જવા નીકળીએ ત્યારે ચીમનભાઈ વિદ્યાર્થીઓને દૂધ પાવા બેસે. દૂધ ગાળવાનું કપડું એ જાતે જ સાબુથી ધોઇ નાખે એવી એમની ચીવટ હતી.

ગાવાનો એમને શોખ ન હતો પણ જ્યારે હિન્દી કાર્ય શીખવતા હોય ત્યારે એવા મીઠા અવાજે કાવ્ય ગાય કે કોઇવાર તો અમારો વર્ગ છોડીને એમના વર્ગમાં જઇને બેસવાનું અમને મન થતું.

વઢવાણ દાજીરાજ હાઇસ્કૂલ ચાલતી પણ એવું કહેવાતું કે ભણવામાં તેજસ્વી વિદ્યાર્થીઓ બધા ત્યાંથી રાષ્ટ્રીય શાળામાં આવીને દાખલ થઇ ગયા હતા. બીજી

શાળાઓ કરતાં અમારે ત્યાં અભ્યાસક્રમ જુદો હતો. અંગ્રેજી પ્રત્યક્ષ પધ્ધતિથી શીખવવામાં આવતું, હિસ્ટ્રીનો અભ્યાસ ફરજિયાત હતો. એક વિષમાં વિદ્યાર્થી નાપાસ થાય એટલે ઉપરના વર્ગમાં જઇ જ ન શકે અને તેનું આખું વર્ષ બગડે તેવી પરીક્ષાની પધ્ધતિ ન હતી. જે વિષયમાં વિદ્યાર્થી નાપાસ થયો હોય તે વિષય પૂરતો જ એ વિદ્યાર્થી નીચેના વર્ગમાં બેસે અને બાકીના વિષયો માટે ઉપરના વર્ગમાં જઇ શકે તેવી શ્રેણી પધ્ધતિ હતી. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીની નાની પુસ્તિકાઓ ઇતર વાંચન માટે વર્ગમાં હતી. શિક્ષકો માટે સમૃધ્ધ કહી શકાય તેવું કેળવણીના પુસ્તકોથી ભરચક એવું પુસ્તકાલય હતું. પૂર્ણિમાના ઉત્સવો હતા. પ્રદર્શનો યોજાતા. નાના અને મોટા પ્રવાસો ગોઠવાતા. શાળાના ચોગાનમાં સુંદર મજાનો બાગ હતો. ફૂલછોડ પર બેસતાં ફૂલોને કોઇ ચૂંટતા નહીં.

પાગલખાનાના પાગલો જાણે કો હોય તેમ શિક્ષકો કામ કરતા, રોજ શીખવવાના વિષયની પૂર્વ તૈયારી કરીને જ શિક્ષક વર્ગમાં પગ મુકતા અને પૂર્વ તૈયારી બરાબર કરવામાં આવી છે કે નહીં તે ચીમનભાઈ અને ડાહ્યાભાઈ જાની વર્ગમાં આવીને જોઇ પણ જતા વર્ગમાં જો કોઇને વધારે બોલવાનું આવે તો વિદ્યાર્થીને આવતું-શિક્ષક પ્રશ્ન પૂછવા પૂરતા જ બોલતા.

શાળા છૂટે અને ઘેર જવાનો વખત થાય ત્યારે વિદ્યાર્થીઓ શું કે શિક્ષકો શું બધા જ જાણે કે Fresh હોય તેવા થનગનતા નીકળતા.

આવી આ શાળામાં કામ કરતાં કરતાં શિક્ષણની સૂઝ આવવા લાગી અને શિક્ષણનો વ્યવસાય ગમવા લાગ્યો.

ત્રણેક વર્ષ આ રીતે કામ કર્યું ત્યાં તે વખતે ઘણું કરીને ચીમનભાઈને બાદ કરતા અમારામાંના ઘણાખરાને ઓછેવત્તે અંશે સંકટ લાગેલું તેવો એક પ્રશ્ન ઉપસ્થિત થયો. જે શાળાને રાષ્ટ્રીય શાળા કહેવામાં આવે તે શાળાના બારણાં પછાત સમાજના બાળકો માટે શું ખુલ્લા ન હોવા જોઇએ ? રાષ્ટ્રીય શાળા એટલે કહેવાતા ઉચ્ચ વર્ણના બાળકોને જ કેળવણી આપતી શાળા એવો અર્થ હોઇ શકે ? ચીમનભાઈ આ બાબતમાં ખૂબ સ્પષ્ટ હતાં, મક્કમ હતા અને તેમણે નિર્ણય લીધો હતો કે પછાત સમાજના બાળકોને સમજાવીને પણ શાળામાં દાખલ કરવા જ જોઇએ. ફુલચંદભાઈ અને શિવાનંદજીનો તેમને ટેકો હતો. શાળાના જે શિક્ષકો આજીવન સભ્યો હતા તેમની સમક્ષ આ પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો ત્યારે પહેલી જ વાર બધા ચીમનભાઈની સાથે

આ પ્રશ્ને નથી એવું દેખાયું. કાકા સાહેબ આવ્યા-તેમણે બધાને સમજાવ્યા અને છતાં કોઇ સમજ્યા નહીં. ત્રણસો-ચારસો બાળકોવાળી આ શાળામાં એક પણ વિદ્યાર્થી નહીં રહે તો પછી ભણાવવા કોને ? વઢવાણની સમગ્ર જનતા આ રીતે જ વિચારતી. પોપટલાલ ચૂડગર જેવા ધારાશાસ્ત્રી પણ અમારી જેમ જ વિચારતા સૌરાષ્ટ્ર પત્રના અધિપતિ સ્વ. અમૃતલાલ શેઠને પણ એવું લાગતું કે એક પૂર્ણ વિકાસ પામેલ વૃક્ષ ઉખડી જશે અને એમણે સૌરાષ્ટ્રમાં તેવું લખ્યું પણ ખરૂં. પણ સમાજના એક વર્ગની સામે બારણાં બંધ કરીને શાળા ચલાવવી અને તેને રાષ્ટ્રીય શાળા કહેવી એ વાત ફુલચંદભાઈને, શિવાનંદજીને અને ચીમનભાઈને કોઇ સમજાવી શક્યું નહીં. એજ સાચા શિક્ષકો હતા, એજ ગાંધીજીના સાચા અનુયાયી હતા અને એક દિવસ પછાત સમાજના વિદ્યાર્થીના પ્રવેશ સાથે સ્થૂળ અર્થમાં શાળા બંધ પડી અગલ તો બંધ પડી જશે એવું મેં માની લીધું અને હવે ક્યાં જવું એ પ્રશ્ન થયો.

બે મહિના રાણપુર 'સૌરાષ્ટ્ર'માં કામ કરવા જઇ બેઠો. અમારા જૂના મિત્ર ડાહ્યાભાઈ જાની ત્યાં જોડાયા હતા. થોડો વખત જે અમારી સાથે રાષ્ટ્રીય શાળામાં શિક્ષક હતા તે કકલભાઈ કોઠારી પણ ત્યાં હતા અને અમૃતલાલભાઈ, મેઘાણીભાઈ, પંડ્યાજી વગેરેની ત્યાં મંડળી જામી હતી. પણ મારો જીવ પત્રકારનો હતો જ નહીં તેથી ત્યાં ન ગોઠ્યું એ જેમ સાચું છે તેમ એ પણ સાચું કે કામ કરવાની જે મજા વઢવાણની શાળામાં આવતી હતી, કામ કરવાનો જે સંતોષ મળતો તેવી મજા કે સંતોષ રાણપુરમાં ન હતો. મને રોજ વઢવાણની શાળા યાગ આવતી. વઢવાણના વિદ્યાર્થીઓ યાદ આવતા અને ખાસ તો ચીમનભાઈ યાદ આવતા. આબુના પ્રવાસે અમે ચાલીને વિદ્યાર્થીઓને લઇ ગયા. ત્યારે આબુ રોડથી માઉન્ટ જવા માટે પગે ચાલીને રાતે નીકળ્યા. ગાતા જઇએ, અંતકડી રમતા જઇએ અને લહેર કરતા જઇએ તે બધું યાદ આવતું. અર્ધે રસ્તે બધાએ રાત રોકાવાનો નિર્ણય કર્યો ત્યારે નાના વિદ્યાર્થીઓ માટે અને બધાના સાધન માટે જે ગાડું ભાડે રાખ્યું હતું તેની સાથે કોણ જાય તે સવાલ ઊભો થતાં ચીમનભાઈએ એ કામ કર્યું. બધા થાક્યા હતા એક ચીમનભાઈ જ થાક્યા ન હતા. ગાડામાં જે તેમના મોંઘામૂલા બાળકો હતા તેમને માત્ર ગાડાવાળાની જ સંભાળ નીચે જવા દેવા ચીમનભાઈ તૈયાર ન હતા અને ગાડાવાળો તો રાતમાં જ મુસાફરી કરતા તૈયાર હતો, તેથી ચીમનભાઈ તૈયાર થયા. રાજીખુશીથી નહીં પણ ચીમનભાઈ

એકલા ગાડા સાથે જાય તે બરાબર ન લાગતા તેમની સાથે જવા વજુભાઈ તૈયાર થયા અને હું પણ ખૂબ થાક્યો હતો છતાં તેમની સાથે જવા તૈયાર થયો. ગાડામાં અમારે બેસવાનું ન હતું. ગાડાવાળો અમને બેસવા દે તો પણ ચીમનભાઈ તેમ થવા દે તેવા ક્યાં હતાં ? જે નક્કી કર્યું હોય તે મુજબ જ થવું જોઇએ તેવા આગ્રહી ચીમનભાઈ હતા અને આખી રાત ચાલ્યા જ કરવાનું છે તેવું જાણવા છતાં વજુભાઈ અને હું ગાડા સાથે અને ચીમનભાઈ સાથે ઊપડ્યા. પગ ચાલવાની ના પાડે, ઊંઘે ઘેરાયેલી આંખો, પ્રયત્ન કરીએ તો પણ બંધ થયા કરે અને ચાલતા ચાલતા ઝોકું આવી જાય એટલે ગાડાનો પાછળનો ભાગ પકડી લઇ એ એવી રીતે આખી રાત ચાલીને માઉન્ટ આબુ, દેલવાડા સુધી પહોંચ્યા તે રાત યાદ આવતી ત્યારે એમ થતું કે એવી જ રીતે ફરીને જો ચમનભાઈ સાથે પ્રવાસમાં જવાનું થાય તો કેવું સારૂં ? લાકડા લેવા ગયેલા કૃષ્ણ બળદેવ અને સુદામા રાત્રે આશ્રમે પાછા ન આવ્યા અને વરસાદ થયો તેથી સાંદીપનિ ગુરૂ તેમને શોધવા જંગલમાં ગયા હોત, કારણ કે એ ગુરૂ હતા એ બધું તો એ વખત યાદ નહીં આવેલું પણ પાછળથી એ સમજાયું કે શિક્ષક ભાષા, ગણિત, ઇતિહાસ, ભૂગોળ અને વિજ્ઞાન વિષયો શીખવનાર તો છે પણ તે પહેલા અને ખાસ તો તેની પાસેના બાળકોનું માતાની જેમ જતન કરનાર મુખ્ય છે અને જો એવો એ હોય તેજ એ સાચો શિક્ષક થઇ શકે છે. આવા ચીમનભાઈ હતા અને વજુભાઈ પણ કાંઇક આવા હતા તે તો મારે વર્ષો પછી છેક ઉત્તરાવસ્થામાં જોવાનું હતું કે શારદા મંદિરના વિદ્યાર્થીઓ નળસરોવરના પ્રવાસે ગયા હતા. પહેલી જ વખત વજુભાઈ પ્રવાસમાં ન હતા. રાત પડી, બાળકોની બસને અમદાવાદ પહોંચવાનો સમય થઇ ગયો એટલે વજુભાઈએ ટેલિફોન લીધો અને કેમ હજુ બસ નથી આવી તેની પૂછપરછ કરવા માંડી, સાણંદ ફોન કર્યો, વઢવાણ ફોન કર્યો અને જ્યારે પાકા સમાચાર ન મળ્યા ત્યારે સ્પેશિયલ બસ કઢાવીને વિદ્યાર્થીઓને શોધવા તે નીકળી પડ્યા. જોગાનુજોગ દિવસે હું તેમને ત્યાં જ હતો તેથી હું પણ તેમની સાથે ગયેલો તેથી મને બરાબર યાદ છે કે રસ્તામાં એક શબ્દ પણ તે ઉચ્ચારતા નહીં, છોકરા ક્યાં હશે, તેમનું શું થયું હશે; તેમણે ખાધું શું હશે તેની જ એ ચિંતા કરતા હતા અને છેક લખતર પહોંચ્યા ત્યારે ખબર પડી કે તેમની બસ બગડી હોવાથી રેલવે રસ્તે જવા એ બધા બસના સ્ટેશને ગયા છે ત્યારે સ્ટેશને જઇને બધાને મળ્યા ત્યારે જ તેમનામાં જાણે કે જીવ આવ્યો એ બધા

વિદ્યાર્થીઓને સ્પેશિયલ બસમાં લઇને છેક સવાર પડી ત્યારે શારદા મંદિર પહોંચ્યા હતા. ચીમનભાઈ અને વજુભાઈ આવા શિક્ષકો હતા અને રાણપુરમાં, સૌરાષ્ટ્રની ઓફિસમાં બેઠો બેઠો હું આ બધું યાદ કરતો હતો અને જો કોઇ સારી શાળામાં શિક્ષક તરીકે નોકરી મળી જાય તોજ શાંતિ થશે એમ લાગતું હતું અને લગભગ એવી નોકરી મળી પણ ગઇ. જ્યાં શિક્ષક તરીકે જવાનું બન્યું. તે હતી શુક્લતીર્થની નર્મદા હાઇસ્કૂલ.

વઢવાણની રાષ્ટ્રીય શાળામાં જોડાયો ત્યારે વૈષ્ણવ જેવા સંતપુરૂષની સાથે કામ કરવાનો લ્હાવો માણ્યો. વૈષ્ણવ જેવા શિક્ષકો મોટી સંખ્યામાં હોય એ ક્યાંથી બને ? ભાષા શીખવે તો પણ વિદ્યાર્થીને મંત્રમુગ્ધ કરી દે. ગણિત કે  આંક શીખવવાનું આવે તો પણ વજુભાઈ અને ભોગીભાઈ જેવા સિધ્ધ બાલ શિક્ષકોને ઘડીભર વિચારતા કરી મૂકે. શાળાના સંચાલનમાં એટલા જ કુશળ. એમ જોવા જઇએ તો મીઠાની લડત વખતે પણ વિરમગામની છાવણીએ તેમનું જૂદું જ દર્શન ક્યાં નહીં કરેલું ? કદી ન ભુલાય તેવા જે શિક્ષકને જિંદગીમાં પહેલી જ વાર જોયા અને તે પછી એમની સાથે જેને બેસાડી શકાય તેવા કોઇ જ જોયા ન હોય તેવા ચીમનભાઈ વૈષ્ણવ હતા.

વજુભાઈ દવે પણ એક અત્યંત સફળ શિક્ષક, તે વખતે અમારા શિક્ષક મંડળમાં હતા. વજુભાઈ સાથે તો તે પછીનાં વર્ષોમાં એટલો નિકટનો પરિચય થયો કે તેમણે તેમની જિંદગીના અમૂલ્ય વર્ષો જે શાળાને લગભગ સમર્પણ કરી દીધા એ શાળા શારદા મંદિરમાં વર્ષમાં બે ત્રણ વખત તો હું જતો જ તે કેવળ વજુભાઈના એ સર્જનનો દિન પ્રતિદિન થતો વિકાસ જોવા ખાતર જ જતો.

વઢવાણમાં બીજા પણ એક સારા શિક્ષક જોયા-તે હતા ભોગીભાઈ પરીખ. વજુભાઈ-ગિજુભાઈના પટ્ટ શિષ્ય ખરા; બાલ શિક્ષક તરીકે પણ ગિજુભાઈની નજર કોના પર ઠરે એ જો તેમને પૂછવામાં આવે તો કદાચ પહેલું નામ ગિજુભાઈની જીભે ભોગીભાઈનું આવે. ભોગીભાઈએ બાલમંદિર બહાર પગ મૂક્યો જ નથી એવું કહેવું હોય તો કહી શકાય. કુમાર મંદિરમાં કે વિનય મંદિરમાં કામ કરવું હોય તે તેમને ફાવે નહીં એવું તો નહીં પણ એમનું દિલ નાચી ઊઠે બાળ મંદિરના બાળકોને જોઇએ.

**-પ્રાણજીવન આચાર્ય**

# શિવાનંદજી સ્વામી-ફુલચંદભાઈ શાહ : સમાધિસ્થાન



**વઢવાણ ઘરશાળામાં આવેલ સ્વાતંત્ર્ય સેનાનીઓની સમાધિઓ આજે પણ સ્વતંત્રતા માટેના સંઘર્ષની ગાથા યાદ અપાવે છે.**

આઝાદ દેશમાં લવાતો પ્રત્યેક શ્વાસ સ્વાતંત્ર્યનો ઉત્સવ છે. આઝાદી મળ્યાને હવે ૭૪ વર્ષ પૂરાં થઇ રહ્યા છે, ત્યારે પણ સમગ્ર વિશ્વ એ માર્ગનો દાખલ ટાંકે છે. જુઓ આમ આઝાદી મેળવવા માટેના યજ્ઞમાં ૧૯૧૭ થી ૧૯૪૭ સતત ૩૦ વર્ષ દરમ્યાન ઝાલાવાડે કદી ન વિસરાય તેવો ફાળો આપ્યો હતો.

પૂ. મહાત્મા ગાંધીજી ઇ.સ. ૧૯૧૬માં હિન્દીઓના હક્કની લડત લડવા માટે દક્ષિણ આફ્રિકામાંથી ભારત આવતા જ આઝાદી મેળવવા માટે એક નવા જ અધ્યાયની શરૂઆત થઇ. આઝાદી માટે આ યજ્ઞમાં મોતીભાઈ દરજી, ફુલચંદભાઈ, ચીમનભાઈ વૈષ્ણવ, શિવાનંદજી, સરદાર પટેલના જમણા હાથસમા મણીલાલ કોઠારી, મોહનલાલ સંઘવી, સુખલાલ શાહ, સુખલાલ શેઠ, મણીલાલ વીરચંદ વોરા વગેરે વ્યક્તિઓ જોડાઇ હતી. ૧૯૨૮માં વાણી સ્વાતંત્ર્ય માટે ઝાલાવાડની પ્રજાએ આઝાદીનો આતરા જગાવવાનો પ્રસાયો કર્યા હતા. વઢવાણ મોતીચોકમાં જાહેર સભા યોજાઇ હતી. આ સભામાં સત્યાગ્રહીઓને લાઠીના ઘા મારીને ધરપકડ કરવામાં આવી હતી. ૧૯૩૦માં રાજાશાહી તેમજ બ્રિટીશશાહી દ્વારા ઝાલાવાડની પ્રજાની

આશા અને આકાંક્ષાઓ કચડવામાં આવી હતી. ત્યારે વઢવાણ, ધ્રાંગધ્રા અને લીંબડી રાજ્યે આઝાદીનો દીવડો જલતો રાખવા ભૂગર્ભ પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. જ્યારે જ્યારે માતની હાકલ પડી ત્યારે ફુલચંદભાઈ, બળવંતભાઈ મહેતા, ચીમનભાઈ વૈષ્ણવ, લક્ષ્મીદાસ દાણી, આત્મારામ ભટ્ટ, શંભુશંકર, જોરસંગ કવિ વિગેરેની આગેવાની નીચે અનેક સૈનિકોની ટુકડીઓએ સત્યાગ્રહ-સંગ્રામમાં ઝંપલાવ્યું હતું. આ ટુકડીઓ માટે ખેડૂતો પરના જુલ્મો અને ધ્રાંગધ્રામાં વાણી સ્વાતંત્ર્યની લડતો કરીને પ્રભાત ફેરી, સરઘસ, હડતાલ, રોજિંદા કાર્યક્રમો બન્યા હતા.

૧૯૩૯માં ફુલચંદભાઈ નશ્વર દેહ છોડીને ચાલ્યા જતા તેમને જૈન મુનિરાજ માફક પાલખીમાં બેસાડી તેમની સ્મશાનયાત્રા કાઢવામાં આવી હતી. તેમની સ્મશાન યાત્રામાં ઢેબરભાઈ, રસિકભાઈ પટેલ, શિવાનંદજી સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

૧૯૩૦ થી ૧૯૪૨નો સમય ઝાલાવાડ માટે ગૌરવવંતો હતો. ૧૯૪૨ની હિંદ છોડો ચળવળમાં વઢવાણ રાજ્યે શિવાનંદજી, ગિરધરભાઈ શાહ, પ્રભુભાઈ વોરાની ધરપકડ કરી હતી. ૧૯૩૦ થી ૧૯૪૨ વઢવાણનો મોતીચોક આઝાદીની રણભૂમિ બની ગઇ હતી. અહીંથી કોંગ્રેસના સંદેશો પ્રજાને પહોંચાડતો હતો. વઢવાણ રાજ્ય આઝાદી બાબતે સહિષ્ણુ હતું. દિવાન ભીમજીભાઈની સહાનુભૂતિ રાજકીય ચળવળ પ્રત્યે હતી. ૧૯૩૦ની લડત સુધી વઢવાણના રાજવી જોરાવરસિંહ અને ૧૯૪૨ની લડત વખતે વઢવાણ કેમ્પને સુરેન્દ્રનગર નામ વઢવાણના રાજવીએ આપ્યું હતું.

૧૯૪૮માં કાઠિયાવાડના રાજ્યોનું વિલીનીકરણ થયું અને રાજધાનીનું શહેર મટીને વઢવાણ તાલુકા મથક બન્યું હતું. બીજી તરફ સુરેન્દ્રનગર ઝાલાવાડ જિલ્લાનું મુખ્ય મથક બન્યું હતું. સૌરાષ્ટ્ર મુંબઇમાં વિલીનીકરણ થયા પછી સૌરાષ્ટ્રના ઝાલાવાડ, ગોહિલવાડ, હાલાર પંથકના નાનો બદલાયા હતા. ૧૯૫૯માં મુંબઇ સરકારે જિલ્લાના કાર્ય મથકના નામોથી ઓળખવાનું નક્કી કરતા ઝાલાવાડ સુરેન્દ્રનગર તરીકે ઓળખીતું થયું હતું. આજે આઝાદી મળ્યાને ૭૪ વર્ષ પૂરા થઇ રહ્યા છે. ત્યારે પ્રત્યેક શ્વાસ સ્વાતંત્ર્યનો ઉત્સવ બન્યો છે. ૭૪માં સ્વાતંત્ર્ય દિને ખુશ થઇને જિંદગીમાં ભલે બીજી હજાર ઉપાધીઓ હોય, આપણે ગુલામ તો નથી. તેમ કહીને આઝાદીના પક્ષ માટે યોગદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓને સલામ કરીએ.

**આઝાદીની લડતમાં ઝાલાવાડની તવારીખ :**

- ✦ ઇ.સ. ૧૮૮૦ માં વઢવાણના વાળંદોએ હડતાલ પાડી.
- ✦ ઇ.સ. ૧૮૮૭ માં મહાજને ૬ મહિનાની હડતાલ પાડી.
- ✦ ઇ.સ. ૧૮૯૭ માં બ્રાહ્મણોએ વિધોટી અંગે રાજ સામે ત્રાગા કર્યા તેમજ અસહકારનું આંદોલન કર્યું.
- ✦ ઇ.સ. ૧૯૧૬ માં મહાત્મા ગાંધી ગોખલે સ્મારક માટે વઢવાણ આવ્યા હતા.
- ✦ ઇ.સ. ૧૯૧૭ માં વઢવાણ મહાજને ફરીથી હડતાલ પાડી.
- ✦ ઇ.સ. ૧૯૨૧ માં મહાત્મા ગાંધીજી તિલક સ્મારક માટે વઢવાણ આવ્યા હતા.
- ✦ ઇ.સ. ૧૯૨૪ માં રાષ્ટ્રીય શાળાના બાલમંદિરના ઉદ્‌ઘાટનમાં મહાત્મા ગાંધીજી આવ્યા હતા.
- ✦ ઇ.સ. ૧૯૪૭ માં વઢવાણ કેમ્પ સુરેન્દ્રનગર બન્યું હતું.
- ✦ ઇ.સ. ૧૯૫૯ માં ઝાલાવાડ પ્રદેશને સુરેન્દ્રનગર જિલ્લાનું નામ અપાયું હતું.

## સાક્ષરતા પ્રમાણ

સુરેન્દ્રનગર જિલ્લામાં સાક્ષરતા પ્રમાણ નીચે મુજબ છે.

| વર્ષ | કુલ | પુરૂષ | સ્ત્રી |
|---|---|---|---|
| ૧૯૬૧ | ૨૪.૫ | ૩૩.૮ | ૧૪.૭ |
| ૧૯૭૧ | ૨૯.૮૬ | ૪૦.૦૨ | ૧૯.૦૬ |
| ૧૯૮૧ | ૩૭.૪૭ | ૪૮.૬૧ | ૨૫.૦ |
| ૧૯૯૧ | ૫૪.૭૭ | ૬૭.૮૩ | ૪૦.૬૫ |
| ૨૦૦૧ | ૬૧.૬૧ | ૭૪.૧૯ | ૪૫.૧૦ |
| ૨૦૧૧ | ૭૨.૦૪ | ૮૨.૦૩ | ૬૧.૩૪ |

# શ્રી દાજીરાજજી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન

આ એ સમયની વાત છે, જ્યારે ગાંધીજી ભારતમાં આવ્યા નહોતા, નહોતો પામ્યો ગાંધીયુગ એ સમયે યુવાનોના લાડીલા હતા બાળ ગંગાધર તિલક, જેમણે એ જમાનામાં 'સ્વરાજ અમારો જન્મસિધ્ધ હક્ક છે' એવો નારો ગજાવ્યો હતો. આ એ જમાનો હતો જ્યારે ઝાલાવાડમાં માત્ર એક જ હાઇસ્કૂલ 'દાજીરાજ હાઇસ્કૂલ' હતી. દાજીરાજ હાઇસ્કૂલના તે જમાનાના વિદ્યાર્થીઓની રાષ્ટ્રભક્તિ વિષે સ્વામી આનંદે એક સ્થળે લખ્યું છે.

'શિવલાલ જ્યારે હાઇસ્કૂલમાં ભણતા તે દરમ્યાન ગુજરાત કાઠિયાવાડમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિનું મંગલાચરણ થઇ ચૂક્યું હતું. લોકમાન્ય તિલક એ જમાનામાં ઊગતી પૂજાના આદર્શ પુરૂષ હતા. લાલ-બાલ-પાપની ત્રિપુટી પર આખો દેશ મુગ્ધ હતો. રાષ્ટ્રીય ભાવનાનું જે મોજું આ દેશ પર ફરી વળ્યું હતું તેમાંથી વિદ્યાર્થીઓ મુક્ત ન હતાં !

દાજીરાજ હાઇસ્કૂલનાં વિદ્યાર્થીઓએ એક મંડળ સ્થાપ્યું હતું અને તિલક મહારાજના 'કેસરી' ઉપરથી તે મંડળનું નામ 'કેસરી મંડળ' રાખવામાં આવ્યું હતું. તે મંડળના સભ્યો સ્વદેશી ચીજવસ્તુઓનો જ ઉપયોગ કરતા હતા. આ મંડળમાં શિવલાલ આગળ પડતો ભાગ લેતા હતા. લોકમાન્ય તિલકને ઇ.સ. ૧૯૦૮માં જ્યારે છ વર્ષની કેદની સજા થઇ ત્યારે ભાઇ શિવલાલે હડતાલ પડાવી હતી અને સ્કૂલના મકાન ઉપર તેમજ પોતાના ઘર ઉપર શોક દર્શક કાળો વાવટો ચડાવ્યો હતો.

સ્વામી આનંદે જેમના નામનો ઉલ્લેખ કર્યો છે તે શિવલાલ એટલે શિવલાલ પાનાચંદ શાહ જે દાજીરાજ હાઇસ્કૂલમાંથી મુંબઇ યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષામાં બીજે નંબરે પાસ થઇ, ગુજરાત કૉલેજમાં આગળ ભણવા ગયા હતા. ત્યાંથી એલિફીન્સ્ટન્ટ કૉલેજમાં જોડાયા ને પછી વિલાયત જઇ આઇ.એ.એસ.ની પરીક્ષામાં બેઠા અને ઝાલાવાડના પ્રથમ આઇ.એ.એસ. થયા. જોકે તેમણે તેના જીવનનો મોટો ભાગ અવિભક્ત ભારતનાં સંયુક્ત પ્રાંતમાં સનદી અધિકારી તરીકે ગાળ્યો હતો.

સ્વામી આનંદના શિયાણીના હિંમતલાલ રામચંદ્ર દવે ગાંધીજીના અંતેવાસી. તે પણ દાજીરાજ હાઇસ્કૂલના વિદ્યાર્થી હતા. દાજીરાજ હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રવાદી વાતાવરણ હતું તે સ્વામી આનંદની નોંધ દ્વારા જાણવા મળે છે.

ગાંધીજીનું આગમન ભારતમાં થયું તેમણે સાબરમતીમાં પોતાનો આશ્રમ શરૂ કર્યો. એ કાળમાં વઢવાણમાં મોતીભાઈ દરજી યુવાન વિદ્યાર્થીઓ પાસે સમાજ સેવાનું

કામ કરાવતા હતા. લાયબ્રેરી ચલાવતા હતા. દાજીરાજ હાઇસ્કૂલનાં અનેક વિદ્યાર્થીઓ પણ એ પ્રયત્નોમાં જોડાયા હતા. તે સ્વ. વજુભાઈ દવેની મોતીભાઈ દરજીએ આપેલ સ્મરણાંજલિમાંથી જાણવા મળે છે.

૧૯૧૭ના ચૈત્રના ધોમધખતા હતા. ઝાલાવાડની નપાણી ધરતી પર વહેતા ભોગાવાના નીર ચોમાસામાં જ સૂકાય છે. તે આ ચૈત્રમાં માથોડું માથોડું ખોદવા છતાં દેખાતા નહોતા. વઢવાણની બહેનોને પીવાના પાણીનું ભારે દુઃખ હતું. લાખુપોળ બાપુનો સાકરિયો કૂવો પણ સુકાઈ હતો હતો.

દરબારગઢની પાસે હાટડીમાં અવિરતપણે સંચેખર ખરાવનાર મોતીભાઈના હૈયામાં બહેનોની અબોલ ધા પહોંચી. સંચા પર બેઠા બેઠા તેમની આંખ સીમ બાજુ ચારે તરફ વળી. હૈયામાંથી સેર ફુટી, જાણે કૂવાની ક્વારી ફૂટી રોજ જરૂરિયાત પૂરતું જ કમાતા આ દરજી પાસે નવાણ ગળાવવાના પૈસા ન હતા અને નાગરિકો પાસેથી દાન મેળવવા જેટલી પ્રતિષ્ઠા ન હતી. છતાં હતાશ હૈયામાં હામ રાખી તેની નજર જુવાન વિદ્યાર્થી-સરદાર પર પડી.

સાંજના સાત વાગ્યા અને ડાયો (ડાહ્યાભાઈ) હરગોવિંદભાઈ જાની જેમણે ઉત્તરાવસ્થામાં સન્યાસી ધારણ કરી હમણાંનંદસરસ્વતિ નામ ધારણ કર્યું અને ત્રિવેણી સંગમમાં જીવતા જળ સમાધિ લીધી. વજુ (વજુભાઈ દવે) (ગુજરાતના સમર્થ બાળ કેળવણીકાર, શારદા મંદિર-અમદાવાદના સંસ્થાપક માંના એક), ભોગી (ભોગીલાલ પરીખ) (સ્વામી શિવાનંદજીના ભત્રીજા), પ્રાણ (પ્રાણજીવન આચાર્ય-ઘરશાળાનાં પ્રાણદાદા) બ્રહ્મચારી અમૃતલાલ આવ્યા અને અલગારીઓનો આ અખાડો એ હાટડી પર જામ્યો. રાબેતા મુજબ જપ્ત સાહિત્ય પોલીસ ચોકી સામે જ વાંચવાનું હતું. પરંતુ મોતીભાઈને ચેન ન હતું. છેવટે શિવા (સ્વામી શિવાનંદજી) સાથે સૌથી નાના ચંપકભાઈ (ચંપકલાલ ચુનિલાલ દાદભાવાળા) પણ આવ્યા. હવે કોઇ બાકી નથી એની ખાત્રી કરી મોતીભાઈએ હૈયું ઉકેલ્યું.

આજે મને એક વિચાર આવ્યો છે, આપણે બધા એકઠા મળીને આપણા પાદરમાં નવાણોને ઉલેચીએ અને ઠેર ઠેર નવા વીરડા પણ ગાળીએ. આટલા બધા હાથ કામે ચડશે તો થોડા વખતમાં આપણી બહેનોનું પાણી ભરવાનું દુઃખ ઓછું થશે. મોતીભાઈનું વાક્ય સૌએ વધાવી લીધું. બીજા દિવસથી એ વખતની વાનરસેના કામે લાગી ગઇ. શ્રમયજ્ઞની વિચારસરણી એ વખતે ક્ષિતિજમાં નહોતી ત્યારે વઢવાણને આંગણે યોજના પુર્ણ કરવાનો શ્રમયજ્ઞ શરૂ થયો. મૃતપાય થયેલા નવાણ એક પછી એક સજીવન થવા લાગ્યા. રોજ એક બે નવા વીરડા તો ગળાયા જ હોય અને બહેનોને

આશીર્વાદરૂપ બન્યા જ હોત.

એક રવિવારની સાંજે બ્રહ્મચારી મોતીભાઈની સદકારી નીચે હથોડા અને ટાંકણા લઇ આ ટુકડી કાનેટીના કૂવે પહોંચી. ટાંકણા મંડાણા, હથોડા પડવા લાગ્યા. સ્વામીજી અને બ્રહ્મચારી વચ્ચે હરીફાઈ જામી. બપોર સુધીમાં કૂવો અનેક ફૂટ ઊંડો ઉતરી ગયો પણ પાણી તો ક્યાંય દેખાયું નહીં. ટુકડી ભુખી રહી કોઇ પાસે ભાતું હતું નહીં. મોતીભાઈની મહેરબાનીથી ફક્ત ચણા ફાકવા મળ્યા. પણ તેના હાથ-પગમાં સાંજ સુધી તાકાત એવી રહી શકે કે ન પૂછો વાત. કુદરતનું કરવું અને કોઇ પાતળા તળિયા ઉપર ઢાંકણું મુકવામાં આવ્યું અને બ્રહ્મચારીના હથોડાનો જોરદાર ઘા પડતાં પાણીની સેર ફૂટી ગઇ. આખી ટુકડી જેમ તેમ સલામત કૂવાથી બહાર નીકળી.

વજુભાઈની નોંધ સાંજે નામો - પ્રાણભાઈ આચાર્ય, ડાહ્યાભાઈ જાની, સ્વામી શિવાનંદજી વિગેરે એ વખતે દાજીરાજ હાઇસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. આ વિદ્યાર્થીઓ એ જમાનામાં પોલીસ ચોકી સામે બ્રિટીશ સરકારે જપ્ત કરેલ સાહિત્ય વાંચતા ! આમાનાં મોટા ભાગના તેમના જીવન દરમ્યાન સત્યાગ્રહમાં ભાગ લઇને જેલવાસ ભોગવ્યો હતો.

ગાંધીજીની કામગીરીથી પ્રભાવિત થયેલા તેમના અનુયાયી બનેલા ફુલચંદભાઈ, ચમનભાઈ વૈષ્ણવ અને શિવાનંદજીએ પોતાનું કાર્યક્ષેત્ર વઢવાણ રાખ્યું. સમગ્ર કાઠિયાવાડનાં દરેક રાજ્યોમાં થયેલ અન્યાય સામે સત્યાગ્રહ કરવાનો હોય તો ત્યાં વઢવાણના ફાઇટરો મોખરે હોય. કાઠિયાવાડ રાજકીય પરિષદનું કાર્યાલય વઢવાણમાં રાખ્યું અને સમગ્ર વઢવાણમાં પ્રજા જાગૃતિનું એક મોજું ઊભું થયું. જે સમયે દેશી રાજ્યમાં કોઇપણ પ્રકારની પ્રજાકીય ચળવળ થઇ શકતી નહોતી, તે સમયે વઢવાણ રાજ્ય એવું ‘રામ રાજ્ય’ હતું કે જ્યાં આ થઇ શકતું હતું. રાજકીય જાગૃતિની અસર વિદ્યાર્થી સમાજ ઉપર પણ અવશ્ય જણાતી હતી.

‘ભારત છોડો’ આંદોલન વખતે અગત્યના નેતાઓને શરૂઆતના દિવસોમાં પકડી લેવામાં આવ્યા હતા, તેથી લડત ચલાવવાની જવાબદારી વિદ્યાર્થીઓ અને યુવાનો ઉપર હતી. ૧૯૪૨ના લોક આંદોલન અંગે તે વખતના દાજીરાજ હાઇસ્કૂલનાં વિદ્યાર્થી સ્વ. સૌભાગ્યચંદ શાહે નીચે પ્રમાણે નોંધ કરી છે.

ફુલચંદભાઈ શાહ, ચમનભાઈ વૈષ્ણવ, મણિભાઈ કોઠારી, મોતીભાઈ દરજી અને શિવાનંદજીની તપોભૂમિ વઢવાણમાં સ્વરાજની લડતના મંડાણ થઇ ચૂક્યા હતા. ૪૨માં શિવાનંદજી શરૂઆતના દિવસોમાં રાજ્યે પકડી લીધા હતા, તેમજ ગીરધરલાલ શાહ, પ્રાણલાલ વોરા જેવા આગેવાનોને પણ એજન્સીની સૂચનાથી રાજ્યે પકડી લીધા હતા. ચુનિલાલ ચૂડગર બોંબ કેસમાં પકડાયા હતા.

વઢવાણ, સુરેન્દ્રનગર, લીંબડીની હાઇસ્કૂલનાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રવાદી કાર્યકરોએ તે વખતની લડતની આગેવાની લીધી હતી. પથુભાઈ ભાથી, સુખલાલભાઈ શાહ, સુખલાલભાઈ શેઠ, મણીભાઈ ગાંધી, બેરી પોપટલાલ ચૂડગર પણ આઝાદીની લડતને ટેકો આપતાં હતાં. નાગરદાસ ચમનજીભાઈ પંડ્યા દાજીરાજ હાઇસ્કૂલમાં રાજ્યનાં શિક્ષક હોવા છતાં ધોળી ટોપી પહેરતાં હતાં. વઢવાણની દાજીરાજ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્થાનિક કાર્યકરો દરરોજ વંદે માતરમ્ ગાઇને શાળામાં દાખલ થતાં. જાહેર સભાઓ થતી હતી, આ સભામાં મોટી સંખ્યામાં લોકો હાજર રહેતા હતા.

સુરેન્દ્રનગરની આઝાદીની લડતનું નેતૃત્વ ઇશ્વરગિરી ગોસ્વામી, કિરચંદભાઈ કોઠારી અને તેમની બોર્ડિંગના રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા વિદ્યાર્થીઓ કરતાં હતાં. વઢવાણ અને લીંબડીની જૈન બોર્ડિંગો આઝાદીની લડતનાં મુખ્ય કેન્દ્રો હતાં.

વઢવાણના વિદ્યાર્થીઓ સૂત્રો બોલાવતા બોલાવતા સરઘસો કાઢતા હતા. એક વખત આવા સરઘસ ઉપર લાઠીચાર્જ થતાં તે વખતનાં વયોવૃધ્ધ આગેવાન નાગરિક વિરચંદભાઈ સુખલાલ વોરાને ગંભીર ઇજાઓ થઇ હતી. ફુલચંદભાઈથી તાલીમ પામેલા તેમની હેઠળ ઘડાયેલા એવા અમે કોઇ વિદ્યાર્થીઓ મારપીટ કે લાઠીચાર્જથી થાક્યાં ન હતાં. તેવામાં અમદાવાદની ગુજરાત કૉલેજનાં મકાન ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવવા જતાં, બ્રિટીશ આર્જન્ટનાં હાથે ગોળીથી વિંધાઇ જતાં શહિદ થયેલા વિનોદ કિનારીવાલાનાં પ્રસંગે અમારી દાજીરાજ હાઇસ્કૂલનાં વિદ્યાર્થીઓમાં જોમ પૂર્યું.

દાજીરાજ હાઇસ્કૂલ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે એકઠા થયેલા વિદ્યાર્થીઓ કોઇપણ સંજોગોમાં ધ્વજ ન ચડાવી શકે તે માટે વઢવાણ રાજ્યે પોલીસનો સખત બંદોબસ્ત ગોઠવ્યો હતો. પરંતુ આ બધા બંદોબસ્તને વટાવીને, પોલીસની આંખમાં ધૂળ નાખીને નટુભાઈ દલીચંદ શાહે બધાની હાજરીમાં શાળાનાં મકાન ઉપર ધ્વજ ચડાવી દીધો.

પોલીસદળ તે દિવસે ખૂબ ક્રૂર બન્યું. દાજીરાજ હાઇસ્કૂલથી માંડી ખારવાની પોળ સુધી, પેલી બાજુ લાખુપોળ સુધી એકત્ર થયેલા નાગરિકોને પોલીસે તેમની પાછળ પડીને ઝુડી નાખ્યાં. ઘણાને તો મરણતોલ માર પડ્યો. વઢવાણ રાજ્યે અચોક્કસ મુદત સુધી દાજીરાજ હાઇસ્કૂલને બંધ જાહેર કરી. વિદ્યાર્થીઓને આખું વરસ અભ્યાસ જતો કર્યો. અભ્યાસ છોડનારાઓમાં વજુભાઈ મહેતા, કિરચંદભાઈ શેઠ, અંબિકાપ્રસાદ ત્રિવેદી વગેરે હતાં.

કેટલાક પ્રસંગો તો આજે પણ નજર સમક્ષ તરવરે છે. વઢવાણમાં

ગિરધરલાલ નાગરદાસ શાહની તેમનાં ધોળીપોળનાં તેમના નિવાસસ્થાનેથી ધરપકડ વખતે હજારોની સંખ્યામાં સ્થાનિક પ્રજા અને વિદ્યાર્થીઓ એકત્ર થયાં હતાં. ગિરધરભાઈની ધરપકડના વિરોધમાં કેટલાક વિદ્યાર્થીઓ સૂઇ જવા માંગતા હતા, જેથી ગિરધરભાઈને પોલીસ લઇ જઇ ન શકે. આ વખતે ગિરધરભાઈએ ટોળાને સમજાવ્યું અને વઢવાણમાં પોલીસ અને પ્રજા વચ્ચે એક ભયંકર અથડામણ ટાળી શકાઇ. લોકક્રાંતિની આ લડત વખતે વઢવાણનાં રાજવી અને રાજ્યની સંભાળ ભરી દરમ્યાનગીરીથી અનેક અથડામણો થતી અટકી ગઇ હતી.

આમ અમારી ૧૯૪૨ની લડત ચાલી હતી, તેમાં કોઇ ભેદભાવ ન હતો. સૌ પોતાની જાતનાં આગેવાન હતાં. સૌ સ્વેચ્છાએ ફના થવાની તૈયારી કરીને લડતમાં જોડાયા હતા. કાંઇક મેળવવાની ભાવનાથી નહીં પણ સ્વરાજનાં યજ્ઞમાં કાંઇક કરી છૂટવાની તૈયારી સાથે જુવાનિયાઓએ લડતમાં ઝુકાવ્યું હતું. આ લડતમાં વઢવાણનાં યુવાનો અનેક તકલીફો, મુશ્કેલીઓ સહન કરી, અભ્યાસ જતો કરી, સ્વરાજની ઇંટ બન્યા હતા. તે વાત આજે યાદ કરતાં અમારી છાતી ગજગજ ફુલે છે.

સો વરસ વટાવી ચૂકેલી ઝાલાવાડની સૌથી જૂની અમારી દાજીરાજ હાઇસ્કૂલે તેના જીવનકાળ દરમ્યાન અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓ, હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ, આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. અધિકારીઓ, નામાંકિત દાક્તરો, વકીલો, સમાજ સેવકો, કેળવણીકારો, કવિઓ, ઉદ્યોગપતિઓ, દાતાઓ અને સંત સન્યાસીઓ રાષ્ટ્રને ચરણે ધર્યા છે.

દાજીરાજ હાઇસ્કૂલ એટલે ઝાલાવાડની સૌથી જૂનામાં જૂની હાઇસ્કૂલ એટલે આજુબાજુનાં રજવાડામાં તેમજ તાલુકદારી ગામોનાં જે વિદ્યાર્થીઓને હાઇસ્કૂલમાં અભ્યાસ કરવો હોય તે સહુ વઢવાણ દાજીરાજ હાઇસ્કૂલમાં દાખલ થતા હતા.

૨૦૦૧માં ભૂકંપ વખતે હાઇસ્કૂલનું મકાન વિદ્યાર્થીઓને બેસવા માટે સલામત ન રહ્યું. નવા મકાન માટે વડાપ્રધાનની ભૂકંપ સહાયથી હવે તેના કંપાઉન્ડમાં નવું મકાન અસ્તિત્વમાં આવ્યું છે.

આ છે અમારી દાજીરાજ હાઇસ્કૂલ જેણે ૧૦૦ વરસ કરતાં વધારે વરસની મંઝિલ ઓળંગી છે.

'સલામ, દાજીરાજ હાઇસ્કૂલ તને સલામ'

**-અરવિંદભાઈ આચાર્ય**

# ગંગવો કુંડ : દેદાદરા



વઢવાણ તાલુકા મથકેથી અંદાજે ૧૨ કિલોમીટર દૂર આવેલ દેદાદરા ગામમાં આવેલું એક અત્યંત પ્રાચિન અને કલાત્મક સ્થાપત્ય છે. આ કુંડ તેના ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ માટે જાણીતો છે.

| | | |
|---|---|---|
| નિર્માણ | : | આ કુંડ અંદાજે ૧૦ મી થી ૧૧ મી સદી ચાલુકય/સોલંકી કાળ દરમ્યાન બનાવવામાં આવ્યો હોવાનું મનયા છે. |
| શૈલી | : | તે સોલંકી યુગની સ્થાપત્ય શૈલીનું ઉત્તમ ઉદાહરણ છે. આ કુંડમાં ઉતરવા માટે ત્રણ બાજુએ સુંદર પગથિયાં અને ચારે ખૂણે મંદિરો આવેલા છે. |
| કદ અને આકાર | : | આ કુંડ આશરે ૧૫.૬ X ૧૧.૪ મીટરના કદનો છે. |
| ચતુષ્કોણીય મંદિરો | : | ખૂણાના મંદિરો ભિન્ન શૈલીના છે. ઉત્તરાભિમુખ બેઉ મંદિરો એક-એક શિખર ધરાવે છે. જેને 'લતીન' કહે છે. બીજા સામ-સામેના બેઉ મંદિરોને વધારના ખૂણાના શિકરો છે જેને 'પંડારક' કહે છે |
| ઉપયોગ | : | આ કુંડ વિધિ વિધાન સમયે નહાવા ધોવા માટે બંધાતા તેનું પાણી પીવા માટે વાપરવામાં આવતું નહતું. |
| રક્ષિત સ્થળ | : | આ સ્થળ ગુજરાત પ્રાચીન સ્મારકો અને પુરાતત્વના સ્થળો અને અવશેષોના કાયદા અંતર્ગત રક્ષિત છે. |

# મણવા મામાનું મંદિર : દેદાદરા



સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકા મથકેથી અંદાજે ૧૨ કિલોમીટર દૂર આવેલ દેદાદરા ગામની સીમ (વગડા)માં આવેલું મણવા મામાનું મંદિર એ ગામના લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે. મણવા મામાને લોકજીવનમાં 'ખમીરવંતી દેવ' તરીકે પૂજવામાં આવે છે.

**મણવા મામાનો ઈતિહાસ અને શૌર્યગાથા :**

- લોકકથાઓ મુજબ મણવા મામા એ ક્ષત્રિય શુરવીર હતા. તેઓ પોતાની ગાયો અને ગામના રક્ષણ માટે લડતા લડતા શહીદ થયા હતા.
- આ મંદિરનું નિર્માણ પથ્થરોથી કરવામાં આવેલ છે.
- લોકવાયકા મુજબ મંદિરમાં ભગવાન શિવનું લિંગ આવેલ છે.
- હાલ આ મંદિર જર્જરિત અવસ્થામાં છે.

**પાટણના રાજવી સિદ્ધરાજ જયસિંહ રા'ખેંગારને મારીને રાણકદેવીને જૂનાગઢ લઈ જતો હતો ત્યારે રાણકદેવી વઢવાણના ભોગાવામાં સતી થઈ. આ વખતે દૂહો રચાયો હતો કે,**

**'વારૂંનગર વઢવાણ, ભાગોળે ભોગાવો વહે,**
**ભોગવતો રા'ખેંગાર હવે ભોગવ ભોગાવાના ધણી'**


# રાજબાઈ વાવ : રામપુરા




વઢવાણ તાલુકાના રામપુરા ગામ પાસે આવેલી રાજબા વાવ (રાતબા કે રાજબાઈ વાવ) એ સુરેન્દ્રનગર જિલ્લાનો એક અમૂલ્ય ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો છે.

| | | |
|---|---|---|
| નિર્માણ અને ઇતિહાસ | : | આ વાવનું નિર્માણ આશરે ૫૦૦ વર્ષ પહેલાં વિક્રમ સંવત ૧૫૩૮ માં કરવામાં આવ્યું હતું. |
| નિર્માણકર્તા | : | આ વાવનું નિર્માણ મુળી સ્ટેટના દરબાર વિજયરાજ પરમારના શાસનકાળ દરમિયાન બંધાવવામાં આવી હતી. |
| શિલાલેખ | : | આ વાવના પ્રથમ ફૂટમાં શિલાલેખ જોવા મળે છે. આ વાવને છ ફૂટ અને એક મુખ મંડપ છે. |
| રચના | : | આ એક સુંદર સ્તંભવાળી વાવ છે. તેના પગથિયાની વચ્ચે મંડપ જેવી રચના કરવામાં આવી છે. |
| શિલ્પકળા | : | વાવની દીવાલો અને સ્તંભો પર તે સમયની પથ્થર કલાના નમૂના જોવા મળે છે. |
| કોતરણી | : | ફૂટના શિખરો પર શક્કરપારાની ભાત કોતરેલી છે. વાવમાં ઉતરવા અંદર જમણી બાજએ શેષશાયી વિષ્ણુની પ્રતિમા છે. એની ઉપર નવગ્રહ પટ્ટ કંડારેલ છે. સામાજિક સંપતિ ગણાતી વાવ ભૂમિતળના પાણીથી ભરાતી માટી કુદરતી ગરણીનું કામ કરતી. |
| સંરક્ષણ | : | આ વાવ ગુજરાત રાજ્ય દ્વારા રક્ષિત સ્મારક જાહેર કરવામાં આવી છે. |

# હોલમાની વાવ : બલદાણા



સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં આવેલ બલદાણા ગામની હોલમાની વાવ એ ઝાલાવાડની અનમોલ ઐતિહાસિક વિરાસત છે. આ વાવ તેના નામ પાછળથી લોકવાયકા અને તેની વિશિષ્ટ સ્થાપત્ય શૈલી માટે ખૂબ જ પ્રખ્યાત છે.

| | | |
|---|---|---|
| નામ પાછળનો ઈતિહાસ | : | આ વાવનું નામ હોલમાં નામની ચારણ કન્યા પરથી પડ્યું છે. લોકવાયકા મુજબ આ વિસ્તારમાં ભયંકર દુષ્કાળ પડ્યો અને વાવ ખોદવામાં આવી તેમાં પાણી નહોતું નીકળતું ત્યારે હોલમાં નામની આઈ દેવીએ પોતાના તપ અને શક્તિથી જળની ધાર વહેતી કરી હતી. અન્ય એક લોકવાયકા મુજબ હોલમાં એ પરોપકાર અર્થે આ વાવનું નિર્માણ કરાવ્યું હતું. |
| બાંધકામ | : | આ વાવ સોલંકી અને વાઘેલા શાસનકાળની શૈલીમાં બનેલી છે. તેમાં પથ્થરની બનેલી માળવારી રચનાઓ છે. |
| શિલ્પકલા | : | આ વાવમાં પથ્થરો પરનું નકશીકામ તે સમયના કારીગરોની કુશળતા દર્શાવે છે. |
| વિરામસ્થાન | : | આ વાવ મુસાફરો માટે વિરામ સ્થાન અને પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત છે. |
| ધાર્મિક અને સાંસ્કૃતિ મહત્ત્વ | : | આ વાવ લોકો માટે માત્ર સ્થાપત્ય નથી પણ શ્રદ્ધાનું કેન્દ્ર છે. અહીં હોલમાનું સ્થાનિક મંદિર પણ આવેલું છે. ખાસ કરીને ચારણ અને અન્ય જ્ઞાતિના લોકોમાં હોલમાં પ્રત્યે અપાર આસ્થા જોવા મળે છે. |
| વર્તમાન સ્થિતિ | : | આ વાવ પુરાતત્વ વિભાગના રક્ષણ હેઠળ છે. આ વાવની આજુબાજુમાં શાંતિ અને ઐતિહાસિક નકશીકામ જોવાલાયક છે. |

# હવા મહેલ : વઢવાણ



વઢવાણનો હવા મહલે એ ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું એક અદ્‌ભુત પણ અધૂરું રહી ગયેલું સ્થાપત્ય છે. તેને ગુજરાતનો હવા મહેલ પણ કહેવામાં આવે છે.

**નિર્માણ અને શાસનકાળ :** આ મહેલનું નિર્માણકાર્ય વઢવાણના શાસક ઠાકોર સાહેબ દાજીરાજજી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ મહેલનું બાંધકામ ૧૯ મી સદીના અંતમાં અંદાજે ૧૮૮૦ થી ૧૮૫૫ ની આસપાસ શરૂ કરવામાં આવ્યું હતું.


આ મહેલ ત્રણ મજલાના માળ છે. પ્રથમ મજલામાં વિશાળ નકશીદાર દ્વારો છે. જ્યારે બીજા અને ત્રીજા મંજલામાં સુંદર ઝરૂખાની રચના મહેલની અંદર વિશાળ સ્નાનાગાર તેમજ સ્થાપત્યનું ભરપુર બાંધકામ ધરાવતો બેઠક ખંડ છે.

આ મહેલમાં ખોડું અને હળવદ ગામના પથ્થરોનો ઉપયોગ થયેલ છે. આ મહેલ ઓપન એર મ્યુઝિયમ જેવો લાગે છે. સ્થાપત્યના વિદ્યાર્થીઓ માટે પથ્થરો કેવી રીતે કોતરવામાં આવતા હશે અને બાંધકામના વિવિધ તબક્કાઓ કેવા હોય તે સમજવા માટે આ એક ઉત્તમ સ્થળ છે.

**શા માટે અધૂરો રહ્યો** : મહારાજા દાજીરાજજીનું અકાળે અવસાન થતા આ મહેલનું કામ અધવચ્ચે જ અટકી ગયું હતું. તેમના અનુગામીઓએ આ બાંધકામ ચાલુ રાખ્યું નહીં, કારણ કે તેને અશુભ માનવામાં આવ્યું હતું.

દાજીરાજજી આ સ્થાપત્યને જયપુરના હવામહેલ જેવું બનાવવા માંગતા હતા.

# માધાવાવ : વઢવાણ



વઢવાણ તાલુકામાં આવેલ માધાવાવ એ ગુજરાતના સોલંકી શૈલીના સ્થાપત્યનું એક અદ્‌ભુત નમુનો છે. આ વાવ સાથે બલિદાન અને પ્રેમની એક અમર ગાથા જોડાયેલી છે.

આ વાવનું નિર્માણ વાઘેલા સોલંકી સાજા સારંગદેવ (ઇ.સ. ૧૨૭૫-૯૬)ના મંત્રી માધવે ઇ.સ. ૧૨૯૪ માં ફાંસનાકાર છાવણ અને તેના પર કડશ ધરાવતી છ કૂટવાળી આ વાવ બંધાવ્યાનું કહેવાય છે. પ્રથમ કૂટ પહેલા આવતી જાળી પાટડાને ટેકો આપતા મદળ ને દવાક્ષ ઉપરની ભરપૂર રૂપકામવાળી ઈલીકા ભાત નોંધપાત્ર છે.

આ વાવ નંદા પ્રકારની એક મુખવાળી વાવ છે. તેમાં સુંદર કોતરણીવાળા સ્તંભો અને ગોખલાઓ આવેલા છે. આ વાવ માધવ મંત્રીના પુત્ર-પુત્રવધૂના બલિદાન સાથે જોડાયેલી છે.

દંતકથા અનુસાર આ વાવ તેના બાંધકામના બાર વર્ષ બાદ પણ સૂકી હતી. રાજ પુરોહિતે આ વાવમાં પાણી લાવવા માટે બત્રીસ લક્ષણા દંપતીના બલિદાનની જરૂર જણાવી હતી.

આ વાવ ૫૫ મીટર લાંબી છે અને પગથિયાં ૪૯ મીટર લંબાઈમાં સમાયેલી છે. આ વાવમાં લાંબા સાંકડા પગથિયાં દ્વારા દાખલ થવાય છે. વાવને છ કૂટ અને પગથિયાના છ જુથ છે. દરેક કૂટ બાદ વાવની પોહડાઈ ઘટે છે. પગથિયાંએ પહોળાઈ છ મીટર છે અને દરેક કૂટ પર છત્રી છે જે ચાર સ્તંભો પર ઊભી છે. દરેક છત્રી એક ઉપર એક એવા નવ સ્તરો વડે બનેલી છે. દરેક કૂટમાં ગોખલાઓ છે જેમાં મૂર્તિઓ છે.

દંતકથાઓ મુજબ જલચિત્ર વણજારી વાવ ૧૯૭૭ માં આ વાવની ઘટના નિરૂપણ થયેલ છે. ઝવેરચંદ મેઘાણીના પુસ્તક રઢિયાળી રાતમાં એક લોકગીત સમાવેશ કરવામાં આવેલ છે.

# લાખુવાવ : વઢવાણ



વઢવાણ ખાતે આવેલી લાખુવાવ એ વઢવાણની ઐતિહાસિક ત્રણ મુખ્ય વાવો પૈકીની એક છે. લોકવાયકા મુજબ આ વાવનું નિર્માણ મધ્યકાલીન સમયના પ્રખ્યાત વેપારી અને દાતા લાખા વણજારા દ્વારા કરવામાં આવ્યું હોવાનું મનાય છે.

લાખા વણજારાએ ગુજરાતનાં ઘણા વિસ્તારોમાં પાણીની તંગી દૂર કરવા વાવ ને તળાવો બંધાવ્યા હતા. માધાવાવની જેમ આ વાવ સાથે પણ એવી દંતકથાઓ જોડાયેલી છે કે જ્યારે વાવ ખોદવામાં આવી ક્યારે પાણી આવતું ન હતું.

આ વાવ વઢવાણના જૂના વિસ્તારમાં આવેલી છે.

આ વાવ સોલંકી/વાઘેલા શૈલીના પ્રભાવ હેઠળ બનેલી છે. તેની રચના સાદી પણ મજબૂત છે. તેમાં ઉતરવા માટે પત્થરના પગથિયાં છે અને વચમાં વિશ્રામ માટેના કૂટ (માળ) બનાવવામાં આવ્યા છે.

## વાવ એટલે શું ?

**વાવ એટલે પગથિયાવાળો કૂવો. તેને અંગ્રેજીમાં Step well કહેવાય છે.**

**સામાન્ય રીતે કૂવામાંથી પાણી ખેંચવા માટે દોરડા ને ગરગરીનો ઉપયોગ થાય છે. જ્યારે વાવમાં પાણી સુધી પહોંચવા માટે જમીનની અંદર પગથિયા બનાવેલા હોય છે. વાવ એ માત્ર પાણી સંગ્રહ માટેનું સાધન નથી, પણ પ્રાચિન ભારતની સ્થાપત્ય કલાનો અદ્‌ભૂત નમૂનો પણ છે.**

**વાવનાં પ્રકારો :**

**(૧) નંદા - જે વાવમાં એક જ પ્રવેશદ્વાર હોય. (૨) લક્ષા - જેમાં બે પ્રવેશદ્વાર હોય. (૩) જયાં - જેમાં ત્રણ પ્રવેશદ્વાર હોય (૪) વિજ્યા - જેમાં ચારેય દિશામાંથી ચાર પ્રવેશદ્વાર હોય.**

**વાવના ઉપયોગ :**

**(૧) પાણીનો સંગ્રહ - મુખ્યત્વે વરસાદી પાણીનો સંગ્રહ કરવા ને ભૂગર્ભ જળ મેળવવા માટે. (૨) વિશ્રામ સ્થાન - મુસાફરો માટે ગરમીમાં ઠંકડ આપતું આરામ માટેનું સ્થળ (૩) ધાર્મિક મહત્ત્વ - લોકોનું આસ્થા સાથે જોડાયેલ હોય વાવમાં દેવી-દેવતાઓના મંદિરો અને સુંદર કોતરણી જોવા મળે છે. (૪) સામાજિક કેન્દ્ર : ગામના લોકો માટે મળવાનું અને વાતચીત કરવા માટેનું સ્થળ.**

# સતી રાણકદેવીનું મંદિર : વઢવાણ



રાણકદેવી જુનાગઢના રાજા રા'ખેંગારના પત્ની હતા. લોકવાયકા મુજબ રાણકદેવી કચ્છના મજેવાડી ગામના કુંભારને ત્યાં ઉછેર્યા હતા. તેઓ અત્યંત સ્વરૂપવાન અને ગુણવાન હતા.

## સિધ્ધરાજ જયસિંહ અને રા'ખેંગાર વચ્ચેનું યુદ્ધ :

પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહ રાણકદેવી સાથે લગ્ન કરવા માંગતા હતા. પરંતુ રા'ખેંગારે તેમની સાથે લગ્ન કરી લીધા આ અપમાનનો બદલો લેવા સિદ્ધરાજ જયસિંહે જૂનાગઢ પર આક્રમણ કર્યું. રા'ખેંગારના ભાણેજોના કારણે સિદ્ધરાજ ઉપરકોટનો કિલ્લો જીતી ગયો અને રા'ખેંગારની હત્યા કરી.

## વઢવાણનો પ્રસંગ અને સતી થવાની ઘટના :

રાજા સિદ્ધરાજ જયસિંગ રાણકદેવીને કેદ કરીને પાટણ લઈ જઈ રહ્યો હતો. જ્યારે તેઓ ભોગાવો નદીના કિનારે પહોંચ્યા ત્યારે રાણકદેવીએ પાટણ જવાના બદલે પોતાના પતિ પાછળ સતી થવાનો નિર્ણય કર્યો. રાણકદેવીએ ભોગાવો નદીને શ્રાપ આપ્યો કે તે કાયમને માટે સૂકી રહેશે. ત્યારથી ભોગાવો નદી વહેલી મટીને સૂકી નદી બની ગઈ હોવાનું મનાય છે.

## રાણકદેવીનું મંદિર–વઢવાણ :

રાણકદેવી જ્યાં સતી થયા હતા, ત્યાં તેમની યાદમાં એક ભવ્ય મંદિર બનાવવામાં આવ્યું છે. આ મંદિર વઢવાણના કિલ્લાની અંદર આવેલ છે. આ મંદિર સોલંકી શૈલીનું પ્રાચિન મંદિર છે. જેની કોતરણી અને શિખર જોવા લાયક છે.

ગુજરાત સરકાર દ્વારા આ મંદિરને ઐતિહાસિક સ્મારક જાહેર કરવામાં આવેલ છે.

રાણકદેવીએ જૂનાગઢ ગરવા ગિરનારને સંબોધીને કહેલો દુહો લોકજીભે વસેલો છે.

''ગોઝારા ગિરનાર, વળામણા વેલા ન કર્યા,
મરત રા'ખેંગાર, ખખડી ખાંગો ન થયો.''

રાણકદેવીના મંદિરને આજે પણ સ્ત્રીશક્તિ અને પતિવ્રતા ધર્મનું પ્રતિક માનવામાં આવે છે.

# ગંગાવાવ : વઢવાણ



સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં આવેલ ગંગાવાવ તેની સ્થાપત્ય કળા અને ઐતિહાસિક કથાઓ માટે જાણીતી છે.

**નિર્માણ સમય :**

આ વાવનું નિર્માણ વિક્રમ સંવત ૧૨૨૫ માં થયું હોવાનુ માનવામાં આવે છે.

**બાંધકામ :**

આ વાવ વાઘેલા વંશના રાજા સારંગદેવની રાણીની સાથે આવેલ દાસી ગંગાબાઈએ વાવનું નિર્માણ કરાવ્યું હતું. તેના નામ પરથી જ આ વાવ ગંગાવાવ તરીકે ઓળખાય છે.

**સ્થાન :**

આ વાવ વઢવાણ શહેરની પૂર્વ દિશામાં જૂના કિલ્લાની દિવાલના બહારના ભાગમાં આવેલ છે. (શિયાણીની પોળ પાસે)

**રચના :**

આ વાવ પાંચ માળ ધરાવે છે. તે શિખર યુક્ત વાવ છે. જેમાં ત્રણ ફૂટો આવેલા છે. દરેક ફૂલ ઉપર પિરામિડ આકારના શિખર જોવા મળે છે.

**શિલ્પકળા :**

આ વાવના સ્થંભો અને શિખરો પરનું કામ મધ્યકાલીન ગુજરાતની સ્થાપત્ય કળાનો ઉત્તમ નમૂનો છે.

**શિલાલેખ :**

આ વાવમાંથી મળેલ ઐતિહાસિક શિલાલેખ હાલમાં રાજકોટના વોટસન મ્યુઝીયમમાં સંગ્રહિત કરવામાં આવ્યો છે.

# ગોપાલક રાસ મંડળીઓ-સુરેન્દ્રનગર



શક્તિપરા રાસ મંડળી-સુરેન્દ્રનગરની જૂનામાં જૂની રાસ મંડળી હતી. જે દિલ્હી મુકામે ૨૬ મી જાન્યુઆરીની પરેડમાં ગુજરાત રાજ્યના ટેબ્લામાં ગયેલ. જ્યાં તેમનું પ્રથમ સન્માન થયેલ.

તેવી જ રીતે બીજી રાસમંડળી ગોવાળિયો રાસમંડળી-જોરાવરનગરની રાજ્યકક્ષામાં પ્રથમ નંબરે ૨૦૨૩ માં આવેલ. તે જ રાસમંડળી રાજકોટ મુકામે હેમુ ગઢવી હોલમાં બીજા વર્ષે બીજા નંબરે સન્માનિત થયેલ.

આવી સુરેન્દ્રનગરમાં અનેક રાસમંડળીઓ જેવી કે, ભરવાડ માલધારી રાસમંડળી-જોરાવરનગર, જય ખોડિયાર રાસમંડળી-ટાવર ચાલી, મચ્છો માલધારી રાસમંડળી-જોરાવરનગર.

છેલ્લે ગોવાળિયો રાસમંડળી-જોરાવરનગર ઉત્તરપ્રદેશના લખનઉ ખાતે ૧૫ મી ઓગસ્ટે પરેડમાં હાજર રહેલ. જ્યાં સી.એમ. યોગી સાહેબ દ્વારા સન્માનિત થયેલ.

વઢવાણની જય ગોપાલ રાસમંડળી પણ પ્રખ્યાત છે. આવી અનેક રાસમંડળીઓ દ્વારા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરે છે.

**વાલી વઢવાણની જોક,**
**મરે પણ મેલે નહીં;**
**બાધે બધાં લોક,**
**વઢે પણ વેડે નહીં.**

# ખેતી અને મુખ્ય પાકો : વઢવાણ

વઢવાણ ગુજરાત રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાનો તાલુકો છે. વઢવાણ શહેર આ તાલુકાનું મુખ્ય મથક છે. વઢવાણ તાલુકામાં અંદાજે ૪૦૦૦૦ થી ૪૫૦૦૦ હેક્ટર જમીન ખેતી હેઠળ હોવાનું મનાય છે. જે તાલુકાના કુલ ભૌગોલિક વિસ્તારના મોટાભાગને આવરી લે છે.

વઢવાણ તાલુકામાં કાળી અને મધ્યમ કાળી જમીન જે ખેતી માટે અનુકૂળ છે. આ જમીનમાં ભેજ સંગ્રહ કરવાની ક્ષમતા વધુ છે અને તે ચીકણી હોય છે. વઢવાણ તાલુકામાં ખરીફ (ચોમાસુ), રવિ (શિયાળુ) અને જાયદ (ઉનાળુ) પાકો લેવાય છે.

વઢવાણ તાલુકાની ખેતી મુખ્યત્વે ઘઉં, જીરૂ, મગફળી, કપાસ, બાજરી, ચણા જેવા પરંપરાગત પાકોની સાથે સાથે હવે બાગાયતી ખેતી તરફ પણ વળી છે. જેમાં વઢવાણી મરચા અને જામફળનું ઓર્ગેનિક ઉત્પાદન ખાસ જાણીતું છે, જે ખેડૂતોને સારી આવક અપાવે છે.

## વઢવાણ તાલુકાની ખેતીની વિશેષતાઓ :

વઢવાણ તાલુકામાં ખાસ કરીને કપાસનું ઉત્પાદન બહોળા પ્રમાણમાં થાય છે.

મગફળી પણ મુખ્ય પાક છે. જેના માટે જમીન અને પાણીનું યોગ્ય સંચાલન જરૂરી છે.

આ વિસ્તારના મોટાભાગના ખેડૂતો પરંપરાગત ખેતી પદ્ધતિની સાથે આધુનિક ટેકનોલોજીનો પણ ઉપયોગ કરે છે.

## વઢવાણ તાલુકામાં સિંચાઈની વિગતો :

મુખ્ય સ્ત્રોત : વરસાદ અને નર્મદા નહેરનું પાણી સિંચાઈ માટેના મુખ્ય આધાર છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા આ પાણી ખેડૂતોને પહોંચાડવામાં આવે છે. મોટાભાગનો ખેતી વિસ્તાર નહેર સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવ્યો છે. જે આ પ્રદેશની કૃષિ માટે પાણીની ઉપલબ્ધતા દર્શાવે છે.

સ્થાનિક ડેમ અને તળાવો : વઢવાણ ભોગાવો-૧, વઢવાણ ભોગાવો-૨, બ્રાહ્મણી ડેમ ને લીંબડીનો ભોગાવો જેવી મધ્યમ સિંચાઈ યોજનાઓ અસ્તિત્વમાં છે. જેની પાણી સંગ્રહ ક્ષમતા મર્યાદિત છે. તે ઉનાળામાં સુકાઈ જાય છે.

અન્ય સ્ત્રોતો : નહેર સિંચાઈ ઉપરાંત ખેડૂતો પાકની જરૂરિયાત મુજબ સિંચાઈ માટે કૂવા અને બોરવેલ જેવા ભૂગર્ભ જળ સ્ત્રોતોનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ચેકડેમ, ખેત તલાવડીનો પણ સિંચાઈમાં ઉપયોગ કરે છે.

આ ઉપરાંત ડ્રિપ અને સ્પ્રિંકલર સિંચાઈ જેવી આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ વધતો જાય છે. આ પદ્ધતિઓથી પાણીની બચત થાય છે અને પાકને યોગ્ય પ્રમાણમાં પાણી મળે છે.

**વઢવાણ તાલુકાના મુખ્ય પાકો :**

વઢવાણ તાલુકામાં ખેતી મુખ્ય વ્યવસાય છે અને ખેતીમાં વિવિધ પ્રકારના પાકો ઉગાડવામાં આવે છે.

કપાસ : આ વિસ્તાર કપાસના ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર છે. ખાસ કરીને શંકર કપાસના ઉત્પાદનમાં મોટું નામ છે.

જીરૂ : જીરૂ પણ એક અગ્રણી અને મહત્ત્વનો પાક છે.

ઘઉં : શિયાળુ પાક તરીકે ઘઉંનું વાવેતર થાય છે.

બાજરી : આ પણ એક મુખ્ય ધાન્ય પાક છે.

મગફળી : તેલીબીયા પાકોમાં મગફળીનું સ્થાન મહત્ત્વનું છે.

તલ : તલનું નોંધપાત્ર વાવેતર થાય છે.

અન્ય પાકો : ચણા, દિવેલા, રજકો અને વિવિધ શાકભાજી (જેમ કે મરચા કે રીંગણ) પણ ઉગાડવામાં આવે છે.

બાગાયતી પાકો : કેટલાક ખેડૂતો દાડમ, જામફળ, ડ્રેગન ફ્રુટ જેવા બાગાયતી પાકોની ખેતી કરીને પણ સફળ થયા છે.

**ખેતી સંબંધિત પડકારો :**

જ્યાં ખેતી લાભદાયક છે, ત્યાં કેટલીક મુશ્કેલીઓ પણ છે.

અનિયમિત વરસાદ, ભૂગર્ભ જળસ્તર ઘટવું, વધતી ખાતર અને દવાની કિંમત, બજારભાવમાં ઉતાર-ચઢાવ, કુદરતી આફતો.

**નિષ્કર્ષ :**

વઢવાણની ખેતી અહીંના લોકોના જીવનનો આધારસ્તંભ છે. યોગ્ય જમીન, સિંચાઈ સુવિધાઓ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ખેડૂતો સારી ઉપજ મેળવે છે. કપાસ, ઘઉં અને જીરૂ જેવા પાકો વિસ્તારની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો સરકાર અને ખેડૂતો સાથે મળીને ટકાઉ ખેતી ક્ષેત્રે વધુ પ્રગતિ કરશે.

# ઝાલાવાડની જીવાદોરી સુરસાગર ડેરી

## સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી., વઢવાણ




સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, જે સમગ્ર ગુજરાતમાં 'સુરસાગર ડેરી' તરીકે જાણીતી છે. તેનો ઈતિહાસ અને વિકાસ નીચે મુજબ છે.

**સ્થાપના અને શરૂઆત :**

સ્થાપના : સુરસાગર ડેરીની સ્થાપના ૧૯૭૫ માં કરવામાં આવી હતી.

મિશન : આ ડેરી ભારત સરકારના 'ઓપરેશન ફ્લડ' (શ્વેત ક્રાંતિ) કાર્યક્રમ હેઠળ અસ્તિત્વમાં આવી હતી. તેનો મુખ્ય હેતુ સુરેન્દ્રનગર જિલ્લાના પશુપાલકોને દૂધના પોષણક્ષમ ભાવ અપાવવાનો અને મધ્યસ્થીઓને દૂર કરવાનો હતો.

સંચાલન : શરૂઆતમાં તેનું સંચાલન ગુજરાત સરકારની સંસ્થા 'ગુજરાત ડેરી ડેવલપમેન્ટ કોર્પોરેશન' (GDDC) દ્વારા કરવામાં આવતું હતું.

સ્વાયત્તતા અને વિકાસ : ૧૯૯૫ નો વળાંક : વર્ષ ૧૯૯૫ માં જ્યારે GDDC બંધ કરવામાં આવી ત્યારે સુરેન્દ્રનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘે તેનું સંચાલન પોતાના હસ્તક લીધું અને એક સ્વાયત્ત સહકારી સંસ્થા તરીકે કાર્યરત થઈ.

અમૂલ સાથે જોડાણ : સુરસાગર ડેરી ગુજરાત કો-ઓપરેટીવ માર્કેટિંગ ફેડરેશન (GCMMF)ની સભ્ય છે, જેના કારણે તેના ઉત્પાદનો 'અમૂલ' (Amul) અને 'સાગર' બ્રાન્ડ હેઠળ વેચાય છે.

**મહત્વના પાસાઓ :**

સભાસદો : આ ડેરી સાથે જિલ્લાની ૭૫૦ થી વધુ ગ્રામ્ય દૂધ મંડળીઓ અને અંદાજે ૧.૨૦ લાખથી વધુ પશુપાલકો જોડાયેલા છે.

ઉત્પાદનો : દૂધ ઉપરાંત આ ડેરી ઘી, માખણ, પનીર અને તાજેતરમાં શરૂ થયેલ બ્રાઉન ઘી જેવી પેદાશોનું પણ ઉત્પાદન કરે છે. આણંદની અમૂલ ડેરી બાદ બ્રાઉન ઘી બનાવતી આ બીજી મહત્ત્વની ડેરી છે. વર્તમાન સ્થિતિ હાલમાં સુરસાગર ડેરી ટેકનોલોજીનો ઉપયોગ કરીને પશુપાલકોને પશુ આહાર, રસીકરણ અને પશુ સારવાર જેવી સેવાઓ પૂરી પાડે છે. તે સુરેન્દ્રનગર જિલ્લાની આર્થિક જીવાદોરી સમાન ગણાય છે.

# ભોગાવા કાંઠે અનોખું આધ્યાત્મિક મોક્ષધામ



વઢવાણ ભોગાવા નદી કાંઠે રાજાશાહી વખતથી સ્મશાન છે. આ સ્મશાન જર્જરિત બની જતાં મૃતકોના પરિવારજનોને પીડા અનુભવવી પડતી હતી. આથી વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ અને વઢવાણ અસ્મિતા મંચના અમીતભાઈ કંસારા, બનેસંગભાઈ ગઢવી, દશરથભાઈ અસવારે લોક સહયોગથી મોક્ષધામને સુવિધાયુક્ત બનાવવાનો પરિશ્રમ આદર્યો હતો. જેમાં ૨૦૦૪ માં મોક્ષધામ નવનિર્માણનો પ્રારંભ થયો હતો.

વઢવાણ અને વતનપ્રેમીઓના સહયોગથી રૂા. ૫૫ લાખના ખર્ચે મોક્ષધામ રમણીય બનાવાયું છે. જેમાં ૨૨ ફૂટ ઊંચા બે હાથ જીવને આત્માને સ્વીકારતો પ્રવેશદ્વાર બનાવાયું છે. આ દરવાજાની ડાબી બાજુએ શિવલિંગ આકારની પાણીની પરબ છે. જ્યારે તેની બાજુમાં વઢવાણ શહેરનો ઐતિહાસિક શીલાલેખ પથ્થરમાંથી કોતરાયેલ છે. ૨૫ ફૂટ ઊંચી વિશાળ મહાદેવજીની પ્રતિમા આકર્ષણરૂપ બની છે. આ ઉપરાંત બાર જ્યોતિર્લીંગ, ફૂવારો અને વિશાળ ૧૨ ફૂટનો નંદી છે.

ભોગાવાના કાંઠે ૧૧ ઓમકાર બનાવાયા છે. મહા કવિ દલપતરામની પ્રતિમા પણ સ્થાપિત કરવામાં આવી છે. પક્ષીઓના આશ્રય માટે ૩૦૦ માટલાઓયુક્ત ૨૮ ફૂટ ઊંચો ચબુતરો (પક્ષીઘર) આકર્ષણરૂપ છે. જ્યારે મૃતક માટે અગ્નિ સંસ્કાર શેડ, ગેસ આધારિત ભઠ્ઠી, પ્રાર્થના માટે વિશાળ હોલ, લાકડાની જાળવણી માટે ગોડાઉન, કમળાકાર પાણીનો ફૂવારો, ડાઘુઓ માટે સ્નાનઘાટ, ગરમ પાણીની વ્યવસ્થા, અસ્થિ બેંક પણ તૈયાર કરાઈ છે. આ મોક્ષધામમાં અગ્નિ સંસ્કાર થનારના અસ્થિઓ હરિદ્વારમાં વિસર્જન કરવામાં આવે છે. બાળકોને રમવા માટે મીકી માઉસ, લપસિયા, બગીચો, ફૂવારા સહિતની સુવિધા ઊભી કરાઈ છે.

આ મોક્ષધામમાં ભાગવત કથા, શિવ મહાપુરાણ, વિષ્ણુપુરાન, દેવી ભાગવત, રામકથા અને લગ્ન સહિતના કાર્યક્રમો કરવામાં આવ્યા છે. આ મોક્ષધામમાં તમામ સુવિધા વિનામૂલ્યે હતી. હાલ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાને વિનામૂલ્યે અગ્નિ સંસ્કાર કરવા સહિતનું સંચાલન સોંપાયું છે.

# ઝાલાવાડી જનમ ભોમકા

ઝાલાવાડી જનમભોમકા
હોય ભલે ને સૂકી,
મનથી મારા સ્વર્ગસમી છે,
ભલે કહે કોઈ લુખ્ખી...
ઝાલાવાડી જનમભોમકા.

નાળિયેરીનાં ઝુંડ નથી કે નથી ય આંબાવાડી,
દાડમ, લીંબુ, સીતાફળ, નથી રહ્યાં અહીં ઝૂમી,
આવળ-બાવળ, કેર-બોરડી કેસૂડાંની કલગી,
ગુલમહોરનાં ફૂલ અલબેલાં, સ્વાગત કરતા ઝૂકી...
ઝાલાવાડી જનમભોમકા.

સતી, શૂરા ને સંત-ઓલિયા,
ડગલે પગલે દાતા,
મંદિર-મસ્જિદ પડખે ઊભા,
ભેદભાવ સૌ મૂકી...
ઝાલાવાડી જનમભોમકા.

અક્કડ નર ને ઉક્કડ નારી
અંતરથી અલગારી,
હેતવાળી થાતાં હેમાળો,
વિફર્યે જ્વાળામુખી...
ઝાલાવાડી જનમભોમકા.

નથી ધોધ ને છે નહિ ઝરમાં
જુઓ ઝાંઝવાં તરતાં
ભર ચોમાસે લીલ્લી છમ્મ ને
આઠે મહિના સૂકી...
ઝાલાવાડી જનમભોમકા.

પરસેવાનાં ટીપાં પાડી, રળી ખાય છે રોટી,
બટકું બટકું વહેંચી ખાતાં, ભીડ પડે જો મોટી,
ખમીરવંતો ઝાલાવાડી, સૌના દુઃખે દુઃખી...
ઝાલાવાડી જનમભોમકા.

**વિષ્ણુકુમાર એ. મહેતા**

# આપણા મલકના માયાળું માનવી

આપણાં મલકના માયાળુ માનવી
માયા મેલીને વયા જાણું મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં....

આપણા મલકમાં ઉતારા ઓરડા
ઉતારા કરી ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં....

આપણાં મલકમાં દાતણ દાડમી
દાતણિયા કરી ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં....

આપણા મલકમાં નાવણ કુંડીયું
નાવણિયા કરી ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં....

આપમાં મલકમાં ભોજન લાપસી
ભોજનિયા કરી ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં....

આપણાં મલકમાં મુખવાસ એલચી
મુખવાસ કરીને ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં....

આપણા મલકમાં પોઢણ ઢોલિયા
પોઢણિયા કરી ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં....

# આ ઝાલાવાડી ધરતી ?

આવળ, બાવળ, કેર, બોરડી (૨)
આ ઝાલાવાડી ધરતી (૧)
અહીં ફૂલ કેવળ આવળનાં
અહીં નીર અધિકાં મૃગજળનાં
પુષ્પ, પત્ર, પાણી વિણ કાયા,
આ ઝાલાવાડી ધરતી (૨)
જોજનના જોજન લગ દેખો,
એક નહીં ડુંગરને પેખો ?
વિરાટ જાણે ખુલ્લી હથેળી,
આ ઝાલાવાડી ધરતી ? (૩)
આ તો કઈ જનમન વેરાગણ,
કે કોઈ ઉગ્ર તપતી જોગણ,
સન્યાસી તણા નિર્મળ શુભ,
વેશે ઉર મુજ ધરતી ?
આ ઝાલાવાડી ધરતી ? (૪)

હે મારો ઝાલાવાડી ઢોર જાણે ઝાંઝર વાગે
હે મને ઢોલ રમવા મેલ ભરવાડિયા ઝાલાવાડી...
હે મારા નાક કેરી નથડી ટૂંકી રે પડે
હે મને ફરી ઘડાવી ને ભરવાડિયા ઝાલાવાડી...
હે મારા ડોક કેરો હારલો ટૂંકો રે પડે
હે મને ફરી ઘડાવી દેને મારા સાયવા ઝાલાવાડી...
હે મારા હાથ કેરો સુડલો ટૂંકો રે પડે
હે મને ફરી ઘડાવી દે ને ભરવાડિયા ઝાલાવાડી...
હે મારી પગ કેરી ઝાંઝરી ટૂંકી રે પડે
હે મને ફરી ઘડાવી દે ને મારા સાયબા ઝાલાવાડી...

# મારૂં સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર તો તમે હવે કો'છો કાંપ મારૂં નામ
રસ્તા એના સાંકડા, પછી ટ્રાફિક થઈ જાય જામ.

જવાહર રોડમાં રોજ પડે છે સાડી-સાડીનો શોર
પતરાવાળી લાગે પ્યારપી, પણ છકડાનું છે જોર.

ટાવર ઊંચો તાડ જેવો, જેલ ચોકમાં ઝાંખો
ટાંકી ચોકમાં ટાંકી નથી, મોરબી પુલ તો રાંકો !

હનુમાન અમારા બહુ પઠીલા, ચોકે-ગણીએ બેઠાં
ચૈત્રી પૂનમે સાંભળે સૌને, પછી ક્યાં છે નેઠા ?

પોપટપરામાં પોપટ નથી, વાદીપરામાં ક્યાં વાદી ?
પૂર્વ-પશ્ચિમ વિસ્તાર વધ્યો, રેલવે છે ઓતરાદી !

ઓફિસો છે એકલ દોકલ, ટાગોર નામનો બાગ
બહુમાળી ભવન બહુ દૂર છે, કાર્યાલયના ભાગ !

ભોગાવોમાં પાણી ભાળ્યું, ડેમ છે ધોળીધજા
કેનાલમાં તો પાણી આવ્યું, હવે છે સાચી મજા !

મેઈન બજાર, દાળમીલ, જંકશન જેવો રોડ
એંસી ફૂટ તો આડો પડ્યો, રોજ થાય તોડફોડ !

મહેતા માર્કેટ, મીના બજાર, વેપારીના છે ધામ
અપના બજાર, કેરી બજારના રસ્તા થાય છે જામ.

સુખી લોક સૌ સંપથી, અઢારે વરણ નાત
અંબારામ કહે અમ આશરો, ઝાલાવાડની જુદી ભાત.

**–અંબારામ દુમાદિયા**

# માઘાવાવ

બાર બાર વરસે નવાણ ગળાવિયાં,

નવાણે નીર નો આવ્યા જી રે !

તેડાવો જાણતલ તેડાવો જોશી,

જોશીડા જોશ જોવરાવો જી રે !

જાણતલ જોશીડો એમ કરી બોલ્યો,

દીકરો ને વહુ પધરાવો જી રે !

ઘોડલા ખેલવતાં વીર રે અભેસંગ

દાદાજી બોલાવે જી રે !

શું રે કો'છો મારા સતરથ દાદા ?

શા કાજે બોલાવો જી રે !

જાણતલ જોશીડો એમ કરી બોલ્યો

દીકરો ને વહુ પધરાવો જી રે !

એમાં તે શું મારા, સમરથ દાદા

પારકી જણીને પૂછી આવો જી રે.

બેટડો ધવરાવતાં વહુ રે વાઘેલી વહું !

સાસુજી બોલાવે જી રે !

શું કો'છો મારા સમરથ સાસુ !

શાં કાજે બોલાવ્યા જી રે

જાણતલ જોશીડો એમ કરી બોલ્યો

દીકરો ને વહુ પધરાવો જી રે !!!!!



દાજીરાજ હાઈસ્કૂલ



લાડકીબાઈ કન્યાશાળા



જોરાવરસિંહજી બાલમંદિર



હવા મહેલ



શિયાણી દરવાજો



વઢવાણનો શિલાલેખ



મોક્ષધામ


ઘરશાળા



જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન


વિકાસ વિદ્યાલય


એમ.પી. શાહ આર્ટ્સ & સાયન્સ કૉલેજ


મૈત્રી વિદ્યાપીઠ


પ્રજ્ઞાચક્ષુ સેવાકુંજ


ઘરશાળામાં આવેલ સ્વાતંત્ર્ય સેનાનીઓની સમાધિ

Design : Jay Jalaram Com. 94274 94633

મુદ્રણ : સુરેન્દ્રનગર જિલ્લા સહકારી મુદ્રણાલય લી. મો. ૯૮૨૪૫ ૯૮૦૩૫